CMYK CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૧૪   ગુરૂવાર તા.૧૦-૦૯-૨૦૨૬   અંક : ૨૧૩ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# NEET અને TRE-3 ના પેપર લીક કર્યાની સંજીવ મુખિયાની કબૂલાત

### પેપર લીકનું પ્લાનિંગ કેવી રીતે કરાયું અને તેમાં કોણ-કોણ સામેલ હતું સહિતની તપાસમાં વ્યસ્ત આર્થિક અપરાધ એકમ

નવીદિલ્હી,

પેપર લીક માફિયા તરીકે કુખ્યાત અને અનેક વિવાદાસ્પદ ભરતી પરીક્ષાઓના કૌભાંડમાં ઘેરાયેલા સંજીવ મુખિયાને લઈને એક મોટો ખુલાસો સામે આવ્યો છે. આર્થિક અપરાધ એકમ (EOU) દ્વારા કરવામાં આવેલી કડક પૂછપરછ દરમિયાન સંજીવ મુખિયાએ કથિત રીતે NEET અને TRE-3 સહિત અનેક પરીક્ષાઓના પેપર લીક મામલે પોતાની સંડોવણી કબૂલી લીધી છે. પૂછપરછ દરમિયાન તેણે પેપર લીકનું આખું નેટવર્ક અને તેમાં પોતાની ભૂમિકાને લઈને ઘણા



મહત્ત્વપૂર્ણ ખુલાસા કર્યા છે. જેના આધારે હવે તપાસ એજન્સી નેટવર્કની કડીઓ જોડવામાં સક્રિય બની છે.

પટનામાં EOU ની તપાસ દરમિયાન સંજીવ મુખિયાએ પોતાના ગુનાની કબૂલાત કરતા અનેક ચર્ચિત ભરતી પરીક્ષાઓના પેપર લીક કેસમાં પોતાની ભૂમિકા સ્વીકારી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સંજીવ મુખિયાએ ૨૦૧૭ ના NEET પેપર લીક, ૨૦૨૩ ની CSBC સિપાહી ભરતી પરીક્ષા પેપર લીક અને BPSC શિક્ષક બહાલી TRE-3 પેપર લીક મામલે પોતાની સંડોવણી સ્વીકારી છે. EOU આ પૂછપરછ દ્વારા એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ પેપર લીકનું પ્લાનિંગ કેવી રીતે કરવામાં આવતું હતું, તેમાં કોણ-કોણ સામેલ હતું અને ઉમેદવારો સુધી પ્રશ્નપત્રો કેવી રીતે પહોંચાડવામાં આવતા હતા.

સંજીવ મુખિયા મૂળ બિહારના નાલંદા જિલ્લાના નગરસૌનાનો રહેવાસી છે. તે નાલંદા કોલેજની નૂરસરાય બ્રાન્ચમાં ટેકનિકલ સહાયક તરીકે કામ કરતો હતો અને લાંબા સમયથી તેના પર સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરવા તથા સોલ્વર ગેંગ ચલાવવાનો આરોપ છે. NEET-UG 2024 પેપર લીક કેસમાં પણ તેનું નામ સામે આવ્યા બાદ તે આશરે ૧૧ મહિના સુધી પોલીસ પકડથી દૂર રહ્યો હતો. અંતે, ૨૪-૨૫ મે ૨૦૨૫ ની મધ્યરાત્રીએ તેને પટનાના સગુના મોડ નજીકથી એક એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી.સંજીવ મુખિયા પર અનેક પરીક્ષાઓના પેપર લીકનો આરોપ છે, પરંતુ જુલાઈ ૨૦૨૬ માં CBI ની તપાસમાં તેને NEET-UG 2024 પેપર લીક મામલે મોટી રાહત અને ક્લીન ચિટ મળી હતી. CBI ના જણાવ્યા મુજબ, એવું કોઈ સબૂત મળ્યું નથી કે તેણે પ્રશ્નપત્ર ચોરી કરાવ્યું હોય કે લીક કર્યું હોય. તપાસ એજન્સીના અનુસાર આ કાવત્રાનું કેન્દ્ર ઝારખંડનું હજારીબાગ સ્થિત ઓસિસ સ્કૂલ હતું અને સુપ્રીમ કોર્ટ તેમજ CBI ની ચાર્જશીટમાં પણ આ કેસમાં તેનું નામ સામેલ નહોતું.

## ભાવનગર, જામનગર અને અમરેલીમાં ૧૨મીથી ધોધમાર વરસાદની આગાહી

### રાજ્યમાં છેલ્લા એક મહિનાથી નોંધપાત્ર વરસાદ ન વરસતા ખેડૂતો અને સરકારની ચિંતામાં

ગાંધીનગર,

લાંબા વિરામ બાદ બુધવારે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. જેમાં ભાવનગરના મહુવા અને જેસર પંથકમાં વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે. ધ્રોલના ઈટારા અને હમાપર જેવા ગામમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ઈટારા ગામમાં શેરીઓમાં વરસાદી પાણી વહેતા થયા હતા. તો આ તરફ અમરેલીના સાવરકુંડલા અને જાફરાબાદમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામમાં ધોધમાર વરસાદ વરસતા ગામની શેરીઓમાં વરસાદી પાણી વહેતા થયા હતા. જ્યારે ભાવનગરના મહુવા શહેર અને ગ્રામ્યમાં વરસાદ શરૂ થયો હતો. ગાંધી બાગ, સ્ટેશન રોડ, કોલેજ રોડ, સ્વામિનારાયણ મંદિર, કુંભારવાડા સહિતના સીટી વિસ્તારમાં મેઘમહેર થઈ છે.

## અમેરિકાની દિગ્ગજ ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ ફર્મની ચેતવણી, શેરબજારમાં આવશે જબ્બર કડાકો!:

### અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા

વોશિંગટન,

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલને લઈને આખી દુનિયામાં સંકટ છવાયેલું છે, કારણ કે ક્રૂડ ઓઈલ સપ્લાય ચેઈન વારંવાર તૂટી રહી છે, જેના કારણે ઓઈલનાં ભાવ ઝડપથી ઉપર આવી ગયા છે. બ્રેન્ટ ક્રૂડ અને ડબ્લ્યુટીઆઈ ક્રૂડ બંનેમાં તેજી જોવા મળી છે. ૯ સપ્ટેમ્બરે બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ૧૦૦ ડોલર પર પહોંચી ગયું અને ડબ્લ્યુટીઆઈ ક્રૂડ ઓઈલ ૯૪ ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું છે. બંનેમાં ૨ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે.

આ દરમિયાન, અમેરિકી બેન્કર ગોલ્ડમેન સૅક્સે ક્રૂડ ઓઈલને લઈને મોટો દાવો કર્યો છે. જો ગોલ્ડમેન સૅક્સના કહેવા મુજબ વસ્તુઓ થાય છે તો શેરબજારમાં મોટો કડાકો આવી શકે છે. દિગ્ગજ અમેરિકી ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ ફર્મ ગોલ્ડમેન સૅક્સે કહ્યું છે કે જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઓઈલ ટેન્કરો પર હુમલાઓ અટકતાા નથી તો ક્રૂડના ભાવ ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી જઈ શકે છે. આ વાત ગોલ્ડમેન સૅક્સમાં કોમોડિટીઝ રિસર્ચના કો-હેડ ડેન સ્ટ્રુયવેને કહી છે. તેમનું એ પણ કહેવું છે કે છેલ્લા કેટલાક દિવસોની ઘટનાઓને જોઈએ તો જહાજોની અવરજવરની દ્રષ્ટિએ અવરોધો વધુ થઈ ગયા છે. કારણ કે અમેરિકા અને ઈરાન વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈને હજુ મામલો ફસાયેલો છે.દુનિયાનું ૨૦ ટકા ઓઈલ પસાર થાય છે, ત્યાં હવે ખૂબ જ ઓછી માત્રામાં ઓઈલ આવી રહ્યું છે. આવા સંજોગોમાં મોંઘવારી વધી રહી છે અને સાથે જ ખતરો પણ વધી રહ્યો છે.

## એમનેસ્ટી સ્કીમ હેઠળ ઓસી નહીં લેનારી બિલ્ડિંગ માટે એસઓપી જાહેર કરાઈ

### માન્ય આઈઓડી, પ્લાન અને સીસી ફરજિયાત, એસઓપીનો સખ્તાઈપૂર્વક પાલનનો કરવાનો નિર્દેશ

મુંબઈઃ

મુંબઈ મહાનગરપાલિકાના સામાન્ય સભાગૃહ દ્વારા એમનેસ્ટી સ્કીમ હેઠળ ઑક્યુપેશન સર્ટિફિકેટ (ઓસી) જારી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપ્યાના પખવાડિયા પછી પાલિકા પ્રશાસને ૧૭ નવેમ્બર, ૨૦૧૬ પહેલા કબજે કરાયેલી પરંતુ ફરજિયાત ઓસી નહીં મેળવનાર કેટલીક ઈમારતો માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) રજૂ કરી છે.

પાલિકા પ્રશાસને ગાઈડલાઈન જાહેર કરી હતી, જેમાં સમગ્ર મુંબઈમાં તેના બિલ્ડિંગ પ્રપોઝલ વિભાગના અધિકારીઓને યોજના હેઠળ અરજીઓની પ્રક્રિયા કરતી વખતે એસઓપીનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ યોજના હેઠળ ૧૭ નવેમ્બર, ૨૦૧૬ પહેલા કબજે કરાયેલી અને વ્યક્તિગત એકમોનો કાર્પેટ એરિયા ૮૦ ચોરસ મીટર સુધીનો હોય તેવા રહેણાંક, હૉસ્પિટલ અને શાળાની ઈમારતોને આવરી લેવામાં આવશે. હાલના પાલિકાના નિયમો અનુસાર ઈમારતોને ઈન્ટીમેશન ઓફ ડિસએપ્રુવલ મંજૂર યોજનાઓ અને વિકાસ/બાંધકામ પરવાનગી આપવામાં આવી હોવી જોઈએ, પરંતુ ઓસી પ્રાપ્ત થઈ ન હોવી જોઈએ.

મંજૂર કરાયેલી ગાઈડલાઈન હેઠળ એમનેસ્ટી સ્કીમ ૧૭ નવેમ્બર, ૨૦૧૬ પહેલાં કબજે કરાયેલાં રહેણાંક, હૉસ્પિટલ અને શાળાનાં મકાનો પર લાગુ થશે. એક મુખ્ય શરત એ છે કે આ ઈમારતોમાં વ્યક્તિગત એકમોનો કાર્પેટ વિસ્તાર ૮૦ ચોરસ મીટરથી વધુ ન હોવો જોઈએ. તે સમયે પ્રવર્તમાન નિયમો અનુસાર આ ઈમારતોને આઈઓડી, મંજૂર યોજના અને વિકાસ/બાંધકામ પરવાનગી પણ આપવામાં આવી હોવી જોઈએ. જોકે જે ઈમારતોને પહેલાથી જ ઓક્યુપેશન સર્ટિફિકેટ મળી ગયું છે તે આ યોજના હેઠળ આવશે નહીં. એસઓપી સ્પષ્ટ કરે છે કે ફક્ત ઈમારતનો કબજો અથવા કબજો માફી માટે લાયક બનવા માટે પૂરતો રહેશે નહીં. અરજદારોએ પહેલા સ્થાપિત કરવું પડશે કે ઈમારત પાસે જરૂરી કાયદાકીય મંજૂરીઓ છે.પાલિકા પ્રશાસને તમામ ઝોનલ ડેપ્યુટી ચીફ ચીફ એન્જિનિયર્સ (બિલ્ડિંગ પ્રપોઝલ) - જેમાં શહેર, પશ્ચિમ ઉપનગર, પૂર્વીય ઉપનગર અને સ્પેશિયલ સેલનું સંચાલન કરતા લોકોને તેમના અધિકારક્ષેત્ર હેઠળના આ પૉલિસનું પાલન કરવાની સૂચના આપી છે. આ યોજના હેઠળ ઓસી આપતી વખતે મંજૂર માર્ગદર્શિકાનું કડક પાલન સુનિશ્ચિત કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. આ પગલું એવી ઈમારતો માટે મહત્ત્વપૂર્ણ છે જે વર્ષોથી ઓસી વગર રહી છે, છતાં મુખ્ય બાંધકામ પરવાનગીઓ મેળવી છે.

## પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધશે: ઈ૨૦ બાદ સરકાર હવે વધુ મિશ્રણ અને ફ્લેક્સી-ફ્યૂઅલ વાહનો પર આપશે ભાર

### વડાપ્રધાનના સલાહકાર તરુણ કપૂરનો ખુલાસો: વેસ્ટ એશિયાના સંકટ વચ્ચે બાયોફ્યૂઅલ બન્યું અત્યંત મહત્વપૂર્ણ

નવીદિલ્હી,

ઈથેનોલ મિક્સ કરેલા પેટ્રોલને લઇને દેશભરમાં વિવાદની સ્થિતિ છે એવામાં હવે સરકાર પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ હજુ પણ વધારવા વિચારી રહી છે. હાલમાં ૨૦ ટકા ઈથેનોલવાળું પેટ્રોલ એટલે કે ઈ૨૦ મળી રહ્યું છે. આગામી દિવસોમાં આ ૨૦ ટકાની મર્યાદાને વધારી દેવાશે અને વધુ ઈથેનોલ પેટ્રોલમાં ભેળવવામાં આવી શકે છે. આ ખુલાસો ખુદ વડાપ્રધાનના સલાહકાર તરુણ કપૂર દ્વારા કરવામાં આવ્યો છે.

ઈન્ડિયન સુગર એન્ડ બાયો એનર્જી કોન્ફરંસને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સલાહકાર તરુણ કપૂરે કહ્યું હતું કે ઈ૨૦ પ્રોગ્રામ અત્યાર સુધીમાં ઘણો જ સફળ રહ્યો છે. અનેક ઓટોમોબાઈલ કંપનીઓ ફ્લેક્સી-ફ્યૂઅલ વાહનો લોન્ચ કરવાની તૈયારીમાં છે. હવે આગામી દિવસોમાં અમારુ ધ્યાન ફ્લેક્સી-ફ્યૂઅલ વાહનો પર રહેશે અને ઈ૨૦થી પણ વધુની છૂટ આપવામાં આવી શકે છે. વેસ્ટ એશિયાના સંકટ વચ્ચે બાયોફ્યૂઅલ વધુ મહત્વપૂર્ણ બની ગયું છે.

હાલમાં ભારતમાં જે કઇ ઈંધણ તરીકે ઉપયોગી થઈ શકે તેમ છે તેને ઉપલબ્ધ કરાવવા પર અમારુ ધ્યાન છે. હાલમાં ઈ૨૦ એટલે કે ઈથેનોલવાળા પેટ્રોલની ટિકા થઇ રહી છે તે અંગે સ્પષ્ટતા કરતા વડાપ્રધાનના સલાહકાર કપૂરે વધુમાં દાવો કર્યો હતો કે આ તમામ ટીકાઓ અધુરી માહિતીના આધારે થઇ રહી છે.

સંશોધનોમાં સામે આવ્યું છે કે ઈ૨૦ ખરેખર ઉપયોગી સાબીત થઈ રહ્યું છે. નોંધનીય છે કે ફ્લેક્સ ફ્યૂઅલ વાહન એટલે કે એફએફવી એવા પ્રકારના વાહનો માનવામાં આવે છે કે જે પેટ્રોલ, ઈથેનોલ, મિથેનોલ વગેરે વૈકલ્પીક ઈંધણનો ઉપયોગ કરીને ચલાવી શકાય છે.પીએમના સલાહકારે વધુમાં કહ્યું હતું કે હાલમાં ઈથેનોલ ઉત્પાદનની ક્ષમતા બ્લેન્ડિંગની વર્તમાન જરૂરિયાત કરતા પણ વધુ છે. સરકારનું આયોજન માત્ર પેટ્રોલ પુરતુ નથી, ડીઝલમાં બાયોફ્યૂઅલ આધારિત એડિટિવ્સના ઉપયોગ પર પણ કામ ચાલી રહ્યું છે.

## લાલ કિલ્લા નજીક ઉમર ઉન નબીએ કર્યો હતો આત્મઘાતી હુમલો, NIAની ચાર્જશીટમાં ખુલાસો

### દિલ્હીમાં થયેલા વિસ્ફોટને લઈને અગાઉથી આતંકવાદી કાવતરૂ ઘડવામાં આવ્યું હતું

નવી દિલ્હી,

દસ નવેમ્બર ૨૦૨૫માં નવી દિલ્હીમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટના કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ સૌથી મોટો ખુલાસો કર્યો છે. આ કેસને દરેક એંગલથી તપાસવામાં આવ્યા કેટલાક સંકળાયેલા વિષયને લઈ હવે તપાસ એજન્સીએ મહત્ત્વનો ખુલાસો કર્યો છે. તપાસ એજન્સીએ રજૂ કરેલી ચાર્જશીટમાં લાલ કિલ્લા પાસે કરવામાં આવેલા આત્મઘાતી બોંબ બ્લાસ્ટમાં આરોપી ઉમર ઉન નબી બ્લાસ્ટ થયો એ સમયે કારમાં અંદર જ બેઠો હતો. ચાર્જશીટ અનુસાર હવે કારમાં લગાવવામાં આવેલા આઈઈડી બ્લાસ્ટનું જાણવા મળ્યું છે. આ માટે કારમાં ખાસ પ્રકારની ટેકનિકનો ઉપયોગ



કરવામાં આવ્યો હતી.

એનઆઈએના જણાવ્યા અનુસાર આ કેસમાં બહાર આવેલા આતંકવાદી મોડ્યુલની વિચારધારા અને પ્રવૃત્તિઓની પણ સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. એજન્સીએ રિપોર્ટ આપતા કહ્યું હતું કે, આ મોડ્યુલ સાથે જોડાયેલા આરોપીઓ કટ્ટરપંથી વિચારધારાઓથી પ્રભાવિત હતા અને હિંસક પ્રવૃત્તિઓની તૈયારી કરી રહ્યા હતા. દિલ્હીમાં થયેલા વિસ્ફોટને લઈને અગાઉથી આતંકવાદી કાવતરૂ ઘડવામાં આવ્યું હતું.

આ તપાસ દરમિયાન મળેલા દસ્તાવેજોમાં કથિત રીતે જાણવા મળ્યું છે કે, આરોપીઓ આતંકવાદી હુમલાઓ માટે એક પ્લાન અનુસાર અને વિગતવાર માહિતી એકત્રિત કરી રહ્યા હતા. લાલ કિલ્લા વિસ્ફોટની તપાસમાં NIAએ અંસાર ગઝવત-ઉલ-હિંદ (AGuH) મોડ્યુલની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એજન્સીની ચાર્જશીટ આ મોડ્યુલને વિસ્ફોટ સાથે કથિત રીતે જોડાયેલા નેટવર્કના ભાગ તરીકે ઓળખાવામાં આવ્યું છે.

## ફિલિપાઈન્સમાં મુસાફરોથી ભરેલી બોટમાં આગ,લાગતા પાંચના મોત

### પશ્ચિમ વિસ્તારના પલાવાન ટાપુ નજીક રાત્રીના સમયનો બનાવ

મનિલા,

ફિલિપાઈન્સમાં એક બોટમાં આગ લાગતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં પાંચ લોકો મૃત્યુ પામી ગયાતો ૮૦થી વધુ લોકો હજુ પણ ગુમ હોવાના અહેવાલ છે. ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના અહેવાલો અનુસાર બુધવારે રાતે પશ્ચિમ વિસ્તારના પલાવાન ટાપુ નજીક એક ફેરીમાં આગ લાગી ગઈ હતી જેમાં ૫ લોકોના મોત તો અનેક લોકો ગુમ થઈ ગયા હતા. આ દરમિયાન બોટમાંથી ૪૩ લોકોને બચાવાયાની માહિતી પણ સામે આવી હતી.

કોસ્ટ ગાર્ડે જારી કરેલી ફૂટેજમાં જહાજના અમુક ભાગમાં આગ ભડકતી દેખાઈ રહી છે તો બીજી બાજુ રેસ્ક્યૂ કરનારા લોકો મૃતદેહોને બેગમાં લઈ જતા દેખાઈ રહ્યા છે. જોકે આગ લાગી ત્યારે ફેરીમાં કેટલા લોકો સવાર હતા કે કેટલા લોકો ગુમ છે તેને લઈને સત્તાવાર માહિતી જાહેર કરાઈ નથી. દરિયા કિનારે લગભગ ૨.૨ કિ.મી. દૂર આ આગની ઘટના બની હતી. પાંચ લોકોના મૃતદેહો તો મળી આવ્યા હતા જેને કિનારે લવાયા હતા. જોકે જહાજ પર જનારા લોકોની રેકોર્ડબુક અનુસાર આ જહાજમાં ૧૩૪ મુસાફરો હોવાની આશંકા છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ અને તેમના જન્મદિવસની ઉજવણી માટે,"સેવા સંકલ્પ" અભિયાન શરૂ કરાશે

### ભારતીય જનતા પાર્ટી ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી એક મહિનાનું "સેવા સંકલ્પ" અભિયાન શરૂ કરશેઃ નીતિન નવીને જાહેરાત કરી

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫મી વર્ષગાંઠ અને તેમના જન્મદિવસ નિમિત્તે, ભારતીય જનતા પાર્ટી એક મહિનાનું "સેવા સંકલ્પ" અભિયાન શરૂ કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને બુધવારે પાર્ટી મુખ્યાલયમાં આ જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતું કે આ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન, દેશભરમાં સેવા અને જન કલ્યાણ સંબંધિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

નીતિન નવીને જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીનો જન્મદિવસ "સેવા દિવસ" તરીકે ઉજવવામાં આવશે. અભિયાનના પહેલા દિવસે, ૧૭ સપ્ટેમ્બરે, દેશભરમાં રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવશે.

તે જ દિવસે સાંજે ૭ વાગ્યે "આશીર્વાદ કા દિયા" કાર્યક્રમ પણ યોજાશે. નવીને કહ્યું, "પહેલા દિવસે, ૧૭ સપ્ટેમ્બરે, રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવશે. "આશીર્વાદ કા દિયા" કાર્યક્રમ પણ તે જ દિવસે સાંજે ૭ વાગ્યે યોજાશે." આ સમગ્ર કાર્યક્રમનો સ્પષ્ટ ઉદ્દેશ્ય છેલ્લા ૨૫ વર્ષોમાં પ્રધાનમંત્રીએ લોકો પ્રત્યે બતાવેલી સમર્પણ અને સેવાનું પ્રદર્શન કરવાનો છે.

નીતિન નવીને જણાવ્યું હતું કે લાભાર્થી પરિવારો પ્રધાનમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે દીવા પ્રગટાવશે. આ "જન આશીર્વાદ" ના સામૂહિક પ્રદર્શન તરીકે આયોજિત કરવામાં આવશે. ભાજપ પ્રમુખે કહ્યું, "અમે જન આશીર્વાદના સામૂહિક પ્રદર્શન દ્વારા પ્રધાનમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીશું. દરેક લાભાર્થી પરિવાર પ્રધાનમંત્રી પ્રત્યે આશીર્વાદના રૂપમાં આ દીવા પ્રગટાવશે."ભાજપના મતે, સમગ્ર અભિયાન પ્રધાનમંત્રી મોદી દ્વારા તેમના ૨૫ વર્ષના જાહેર જીવન અને તેમની જાહેર સેવામાં કરવામાં આવેલા ફેરફારોને પ્રકાશિત કરશે.

પાર્ટી કહે છે કે આ અભિયાન કેન્દ્ર સરકારની યોજનાઓ અને તેમના લાભાર્થીઓની સિદ્ધિઓને પણ પ્રકાશિત કરશે.

## એક જ રાતમાં અમેરિકાના અનેક વિમાન-હેલિકોપ્ટર ઈરાને ડેમેજ કર્યા

### જોર્ડનમાં અમેરિકાના મુવાફ્ફક સલાતી એરબેઝને નિશાન બનાવી ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા

તહેરાન,

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિ દિવસે ને દિવસે વકરતી જઈ રહી છે. જેવા અમેરિકા હુમલા કરી રહ્યું છે એનાથી વધુ ઘાતક રીતે ઈરાન પણ બદલો લઈ રહ્યું હોવાનું જણાય છે. ગઈકાલે જોર્ડનમાં અમેરિકાના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવતા ઈરાને એક જ રાતમાં અમેરિકાના અનેક ફાઈટર જેટ તથા હેલિકોપ્ટરને ડેમેજ કરી દીધા હતા.

માહિતી અનુસાર ઈરાને જોર્ડનમાં મુવાફ્ફક સલાતી એરબેઝને નિશાન બનાવ્યું હતું. ત્યાં ડ્રોન અને મિસાઈલોનો વરસાદ કરી અમેરિકાની ઊંઘ ઊડાડી દીધી હતી. આ હુમલા બાદ એવા ઘણા વીડિયો સામે આવ્યા હતા જેમાં અમેરિકાના ડેમેજ થયેલા સી હૉક હેલકોપ્ટર, ફાઈટર જેટને બીજી લૉકેશન પર ખસેડવામાં આવી રહ્યાનો દાવો કરાયો હતો. અમેરિકન મીડિયાના અહેવાલ પ્રમાણે ઈરાનના હુમલામાં ૮ જેટલા અમેરિકન F-15 ફાઈટર જેટને નુક્સાન થયું હતું.

CMYK CMYK

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાત વિધાનસભા ખાતે અદ્યતન પોર્ટેબલ મોબાઈલ ઈમરજન્સી મેડિકલ હોસ્પિટલના વિશિષ્ટ નિદર્શનનું ઉદ્ઘાટન

## વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા સહિત મંત્રીમંડળના સભ્યો અને ધારાસભ્યોની વિશેષ ઉપસ્થિતિ

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભા ખાતે અદ્યતન પોર્ટેબલ મોબાઈલ ઈમરજન્સી મેડિકલ હોસ્પિટલ 'BHISHM Cube-R300' ના વિશિષ્ટ નિદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. ભારત સરકારના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સેક્રેટરીએટ (NSCS) ના માર્ગદર્શન હેઠળની આરોગ્ય મૈત્રી પહેલ અંતર્ગત 'BHISHM Cube-R300' વિકસાવવામાં આવ્યું છે.



વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા સહિત મંત્રીમંડળના સભ્યો અને ધારાસભ્યો વિશેષ

આ ગૌરવપૂર્ણ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ 'BHISHM Cube-R300' અંગેની શોર્ટ ફિલ્મ નિહાળી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, તા. ૯ અને ૧૦ સપ્ટેમ્બર, બે દિવસીય પ્રદર્શનનો મુખ્ય હેતુ કટોકટી તેમજ કુદરતી આપત્તિઓ જેવા કપરા સમયે તાત્કાલિક મળી રહેતી ઈમરજન્સી આરોગ્ય સેવાઓ, ટેલિમેડિસિન સુવિધા, ડિજિટલ હેલ્થ ટેકનોલોજી તેમજ અત્યાધુનિક લોજિસ્ટિક્સ અને સ્થિતિસ્થાપક આરોગ્ય માળખા અંગે નાગરિકોને પરિચિત કરાવવાનો છે.

BHISHM Cube-R300 ની વિશેષતાઓ વિશે જણાવતા આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, BHISHM Cube-R300 એ અત્યંત જટિલ કે આપાતકાલીન પરિસ્થિતિઓમાં થોડી જ મિનિટોમાં તૈનાત કરી શકાય તેવી એક પોર્ટેબલ મોબાઈલ ઈમરજન્સી હોસ્પિટલ છે, જે સ્થળ પર જ ટ્રોમા સારવાર, તાત્કાલિક શસ્ત્રક્રિયા, રોગ નિદાન અને અન્ય જીવનરક્ષક સુવિધાઓ પૂરી પાડે છે. આ સમગ્ર સિસ્ટમને ૭૨ મોડ્યુલર મિની-ક્યુબ્સમાં પેક કરવામાં આવે છે, જેમાં પ્રત્યેક ક્યુબનું વજન ૨૦ કિગ્રાથી પણ ઓછું હોય છે.

# સુરત જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજનાની ૧૦૦% કામગીરી, રાજ્યમાં ૮૫% થી વધુ ગામોમાં સિંગલ શિફ્ટમાં દિવસે વીજળી

## વિધાનસભામાં ઊર્જા મંત્રી દ્વારા કરવામાં આવી મોટી જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન કતારગામના ધારાસભ્યશ્રી વિનોદભાઈ અમરશીભાઈ મોરડીયા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં માનનીય ઊર્જા મંત્રીશ્રીએ રાજ્ય સરકારની ખેડૂતલક્ષી 'કિસાન સૂર્યોદય યોજના' અંગે મહત્વપૂર્ણ માહિતી રજૂ કરી હતી. મંત્રીશ્રીએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૧૦૦% કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે તેમજ સમગ્ર રાજ્યમાં પણ આ યોજના હેઠળ નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ?

ખેડૂતોની માંગણીને સંતોષવા ખેડૂતોને દિવસે વિજળી પૂરી પાડવા ગુજરાત સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી "કિસાન સૂર્યોદય યોજના" અમલમાં મુકવામાં આવી છે, જેનો શુભારંભ માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા. ૨૪.૧૦.૨૦૨૦ના રોજ કરવામાં આવેલ.

ઓછા વરસાદવાળા વિસ્તારોમાં ખેડૂતો માટે મહત્વનો નિર્ણય:

આ ઉપરાંત મંત્રીશ્રીએ ખેડૂતોના હિતમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં જે વિસ્તારોમાં વરસાદ ઓછો થયો છે અને પાકને બચાવવા પિયતની વધુ જરૂરિયાત છે, તેવા વિસ્તારોમાં જ્યાં માંગણી કરવામાં આવેલ છે ત્યાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ૨ કલાક વધુ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. તા. ૩૧.૦૭.૨૦૨૬ ની સ્થિતિએ સુરત જિલ્લાના ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા તમામ ૬૯૭ ગામોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જેના થકી જિલ્લાના કુલ ૬૩,૯૮૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને (ખેડૂતોને) હાલમાં દિવસે વીજળી પૂરી પાડવામાં આવી રહી છે.

# નર્મદામાં રેલવે બ્રિજની દીવાલ સાથે બાઈક અથડાતા બે યુવકોનાં મોત નિપજયાં



નર્મદા,

નર્મદા જિલ્લામાં નલિયા ગામ નજીક ગંભીર અકસ્માત સર્જાયો છે. રેલવે બ્રિજની દિવાલ સાથે બાઈક અથડાતા બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા છે. મૃતકો ઝરવાણી ગામના હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, નલિયા ગામ નજીકથી પસાર થઈ રહેલી બાઈક રેલવે બ્રિજની દિવાલ સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક પર સવાર બંને વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

અકસ્મિક અકસ્માતની ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી અકસ્માત અંગે વધુ તપાસ શરૂ કરી છે. આ અકસ્માતમાં મોતને ભેટેલા બંને વ્યક્તિ ઝરવાણી ગામના હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ પરિવારજનોને થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

# ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રની શરૂઆત વંદે માતરમ્ ગીતના ગાન સાથે થતાં જ રાજકારણ ગરમાયું

## કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ગીત દરમિયાન બેસી જતાં ભાજપના નેતાઓએ કોંગ્રેસ પાસે સ્પષ્ટતા અને માફીની માંગ કરી

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રની શરૂઆત વંદે માતરમ્ ગીતના ગાન સાથે થતાં જ રાજકીય ગરમાવો સર્જાયો છે. કોંગ્રેસના જમાલપુર-ખાડિયા બેઠકના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ગીત દરમિયાન બેસી જતાં ભાજપના નેતાઓએ આ મુદ્દે કોંગ્રેસ પાસે સ્પષ્ટતા અને માફીની માંગ કરી છે. બીજી તરફ ખેડાવાલાએ પોતાના વલણને વ્યક્તિગત ગણાવીને કહ્યું છે કે, "દેશપ્રેમ માટે ભાજપના સર્ટિફિકેટની મને જરૂર નથી."

વંદે માતરમ ગાન દરમિયાન બેસી જવાના વિવાદ પર કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ સ્પષ્ટતા કરી છે કે આ તેમનું વ્યક્તિગત સ્ટેન્ડ છે, પક્ષનું નહીં. તેમણે જણાવ્યું કે તેઓ ૧૯૩૭થી ગવાતા મૂળ વંદે માતરમનો આદર કરે છે, પરંતુ ભક્તિ અને દેવી-દેવતાઓની વાત કરતા પાછળના ફકરાઓથી તેમને વાંધો છે.

જમાલપુર-ખાડીયા વિધાનસભાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પોતાના બચાવમાં જણાવ્યું કે, વંદે માતરમ્ ગવાતું હતું ત્યારે તેઓ ઊભા હતા અને અગાઉ જે રીતે ગીત ગવાતું હતું, તે સંપૂર્ણ સન્માન સાથે ગાયું ત્યાં સુધી ઊભા રહ્યા હતા. તેમણે કહ્યું કે, "૧૯૩૭માં મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને રવીન્દ્રનાથ ટાગોરના સમયમાં વંદે માતરમ્ જેટલું ગવાતું હતું, તેટલા સમય સુધી હું ઊભો રહ્યો હતો. ત્યારબાદ હું બેસી ગયો હતો."

તેમણે વધુમાં કહ્યું કે તેઓ ભાજપની વિચારધારા સાથે જોડાયેલા નથી અને ગીતમાં પાછળથી ઉમેરાયેલી લાઈનો દરમિયાન બેસવું તેમનું વ્યક્તિગત વલણ છે. ખેડાવાલાએ સ્પષ્ટતા કરી કે, "હું દેશપ્રેમી છું અને રહીશ. દેશપ્રેમ માટે ભાજપના સર્ટિફિકેટની મને જરૂર નથી." સાથે જ તેમણે કહ્યું કે, "અડધા ગીતે હું બેસી ગયો છું, પરંતુ એ મારો પર્સનલ મામલો છે. આ મારું સ્ટેન્ડ છે, કોંગ્રેસનું સ્ટેન્ડ નથી."

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના નિવેદન બાદ સંસદીય મંત્રી ઋષિકેશ પટેલે આ ઘટનાને શરમજનક ગણાવી હતી. તેમણે કહ્યું કે રાષ્ટ્રના ગૌરવ અને સંસદીય પ્રણાલીનું વારંવાર અપમાન કરવું કોંગ્રેસની આદત બની ગઈ છે.

# વરસાદની અછત વચ્ચે ગુજરાતના ખેડૂતોને મોટી રાહત: રાજ્ય સરકાર દરરોજ ૨ કલાક વધારાની વીજળી આપશે

## કૃષિ માટે ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી અપાશે

ગાંધીનગર,

રાજ્યમાં વરસાદ ખેંચાવાના કારણે વીજળીની માંગમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, જેને લઈને રાજ્યના ઊર્જા મંત્રીએ કૃષિ ક્ષેત્ર માટે મહત્વનું નિવેદન આપ્યું છે. વરસાદની અછતના કારણે રાજ્યના ઘણા જિલ્લાઓમાં ખેડૂતોને સિંચાઈ માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સરકારે ખેડૂતોના હિતમાં ૨ કલાક વધારાની વીજળી આપવાનો નિર્ણય કર્યો છે; જેના પરિણામે હવે કૃષિ માટે ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી અપાશે.

ઊર્જા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જેમ જેમ ખેડૂતો તરફથી નવી માંગણીઓ આવી રહી છે, તેમ તેમ વધારાની વીજળી પૂરી પાડવા અંગે સત્વરે નિર્ણય લેવાઈ રહ્યા છે. આ ઉપરાંત, વરસાદ ખેંચાવાથી ઊભી થયેલી ઘાસચારાની અછતની ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે પણ સરકાર દ્વારા જરૂરી પગલાંઓ લેવામાં આવ્યા છે. ઉર્જા મંત્રીના જણાવ્યા અનુસાર, વરસાદ લંબાવવાના કારણે પૂરતું પાણી પૂરું પાડવા માટે સરકારે કૃષિ ક્ષેત્રે આપવામા આવતી વીજળીના સમયમાં વધારો કર્યો છે. હવે ખેડૂતોને નિયમિત ૮ કલાકના બદલે દરરોજ ૧૦ કલાક વીજળી આપવામાં આવશે. આ ૨ કલાકની વધારાની વીજળી મળવાથી પાકને બચાવવામાં ખેડૂતોને મોટી રાહત મળશે. સરકાર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. રાજ્યમાં જેવા વિવિધ વિસ્તારો અને જિલ્લાઓમાંથી વીજળીની માગણી આવી રહી છે, તે મુજબ વધારાનો પુરવઠો પૂરો પાડવા ત્વરિત નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

# કોંગ્રેસ હાઈકમાન્ડની સર્જિકલ સ્ટ્રાઈક : પ્રભારી બાદ હવે બે સહપ્રભારીઓની વિદાય પણ નિશ્ચિત

## દિલ્હીમાં નવા સહપ્રભારીની શોધ માટે બેઠકોનો ધમધમાટ

અમદાવાદ,

ઓક્સિજન પર ચાલી રહેલી ગુજરાત કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવા માટે દિલ્હી હાઈકમાન્ડ હવે એક્શન મોડમાં આવી ગયું છે. નિષ્ક્રિય સાબિત થયેલા પ્રભારી મુકુલ વાસનિકને હટાવીને રાષ્ટ્રીય નેતૃત્વએ તેમના સ્થાને આક્રમક નેતા રણદીપ સિંહ સુરજેવાલાની નિયુક્તિ કરી છે. આ મોટા ફેરફાર બાદ હવે ગુજરાત કોંગ્રેસના બે સહપ્રભારીઓને પણ સંગઠનમાંથી વિદાય આપવામાં આવે તેવી પૂરી શક્યતા છે. દિલ્હીમાં નવા સહપ્રભારીની શોધ માટે બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે અને નવી નિયુક્તિઓ બાદ પ્રદેશ કોંગ્રેસના માળખાને નવો ઓપ આપવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂર્વ પ્રભારી મુકુલ વાસનિકની કાર્યશૈલીથી હાઈકમાન્ડ અને ખાસ કરીને રાહુલ ગાંધી સખત નારાજ હતા. વાસનિક માત્ર ઔપચારિક મુલાકાતો માટે જ ગુજરાત આવતા હતા. તેમની 'બપોરે ૨ વાગ્યાની ફ્લાઈટમાં આવવું અને સાંજે ૭ વાગ્યાની ફ્લાઈટમાં દિલ્હી પરત જતા રહેવું' જેવી નીતિના કારણે સંગઠન ગ્રાઉન્ડ લેવલ પર સાવ તૂટી ગયું હતું. રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા' બાદ જે સકારાત્મક માહોલ ઊભો થયો હતો, તેને પણ સ્થાનિક નેતાઓની નિષ્ક્રિયતાએ ઠંડો પાડી દીધો હતો. જેના પરિણામે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો. કોંગ્રેસના ચૂંટણી વ્યૂહરચનાકાર સુનિલ કાનુગોલુના આંતરિક રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે બનાવાયેલી સમિતિઓમાં એવા નેતાઓને સ્થાન અપાયું હતું જેઓ ગ્રાઉન્ડ પર કોઈ જ પ્રભાવ ધરાવતા નથી. સક્રિય અને મહેનતુ કાર્યકરોને બદલે નિષ્ક્રિય નેતાઓને મહત્વ આપવાના કારણે જ મુકુલ વાસનિકનો ભોગ લેવાયો હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં તેજ બની છે. આ રિપોર્ટ બાદ હવે હાઈકમાન્ડ રાજકીય સર્જિકલ સ્ટ્રાઈક કરીને સહપ્રભારી સુહાસીની યાદવ અને રામકિશન ઓઝાને સંગઠનમાંથી વિદાય આપે તે લગભગ નક્કી છે.

# ગુજરાતમાં જર્જરિત બ્રિજનો ગંભીર મુદ્દો ગૃહમાં ગુંજ્યો : ૨ વર્ષમાં ૧૬૧ બ્રિજ ભયજનક જાહેર

## રાજ્યના અનેક વિસ્તારોમાં બ્રિજનું માળખું સમય જતાં નબળું પડ્યું

ગાંધીનગર,

ગુજરાતમાં બ્રિજની સુરક્ષા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મજબૂતીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં આવેલા કુલ ૧૬૧ બ્રિજને ભયજનક સ્થિતિમાં હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ વિધાનસભામાં ગૃહમાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં સરકારે આ ચોંકાવનારી વિગતો આપી છે.

જે મુજબ રાજ્યમાં નાના, મધ્યમ અને મોટા કદના બ્રિજ મળીને કુલ ૧૬૧ બ્રિજ જર્જરિત હાલતમાં છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૮૩ બ્રિજ અને વર્ષ ૨૦૨૫-૨૬માં વધુ ૭૯ બ્રિજને ભયજનક જાહેર કરવામાં આવ્યા છે. આ આંકડાઓ દર્શાવે છે કે રાજ્યના અનેક વિસ્તારોમાં બ્રિજનું માળખું સમય જતાં નબળું પડ્યું છે અને તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. જો કે નાગરિકોની સલામતીને પ્રાધાન્ય આપતા, જે બ્રિજ ભયજનક જાહેર કરાયા છે તે તમામ પર ભારે વાહનોના વ્યવહાર માટે પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. જર્જરિત બ્રિજ પરથી ભારે લોડ પસાર થવાને કારણે કોઈ મોટી હોનારત ન સર્જાય તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.


હાલમાં આ બ્રિજ પરથી માત્ર હળવા વાહનો અથવા મર્યાદિત અવરજવરની જ મંજૂરી હોઈ શકે છે, જેની સીધી અસર સ્થાનિક પરિવહન અને માલસામાનની હેરાફેરી પર પડી રહી છે.

# ૨૧ ઘરફોડ ચોરી, ૩ વખત પાસા ભરનારો રીઢો ચોર ઝડપાયો : સીસીટીવી ફુટેજ સામે આવ્યા

## સરખેજ વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરી અને પ્રોહિબિશનના ગુનાનો ભેદ ઉકેલાયો

અમદાવાદ,

અમદાવાદ શહેરની એલ.સી.બી. ઝોન ૭ની ટીમે મોટી સફળતા મેળવતા સરખેજ વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરી અને પ્રોહિબિશનના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. અગાઉ ત્રણ-ત્રણ વખત પાસા હેઠળ જેલની હવા ખાઈ ચૂકેલા અને ૨૧ જેટલી ઘરફોડ ચોરીઓ તેમજ બે પ્રોહિબિશનના ગુના આચરનાર રીઢા ગુનેગારને પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે દબોચી લીધો છે. પોલીસે પકડેલા આ રીઢા ચોરના ચોરી કરતી વખતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. એલ.સી.બી. ઝોન ૭ની ટીમે ચોક્કસ બાતમીના આધારે નિકોલ







વિસ્તારમાં દાસ્તાન સર્કલ પાસે રહેતા દિવ્યાંગ ઉર્ફે દિવેશ બળવંતભાઈ રાઠોડ (ઉંમર વર્ષ ૩૮) નામના શખ્સની અટકાયત કરી હતી. તેની કડક પૂછપરછ દરમિયાન સરખેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાનો પર્દાફાશ થયો છે. પોલીસે આરોપી પાસેથી રોકડા રૂપિયા ૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ગુનામાં શાહીબાગ વિસ્તારમાં રહેતો તેનો સાગરીત હિતેન્દ્ર ઉર્ફે ટશન સિંધોલિયા હાલ ફરાર હોવાથી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

# વિવિધ માગણીઓને લઈને આંગણવાડી અને આશા વર્કરોના અમદાવાદમાં બે દિવસના ધરણાં-ઉપવાસ

## ગુજરાત આશા એન્ડ હેલ્થ વર્કર યુનિયનના નેજા હેઠળ રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી બહેનો અમદાવાદમાં એકઠી થઈ

અમદાવાદ,

'હું તો કાગળિયા લખી લખી થાકી, સરકાર તારા મનમાં નથીપ હું તો આજીજી કરી કરી થાકી, સરકાર તારા મનમાં નથીપ' ગીતના માધ્યમથી સરકાર સામે પોતાની વ્યથા વ્યક્ત કરતી આંગણવાડી બહેનોનો અવાજ આજે અમદાવાદના સરદાર ગાર્ડનમાં સંભળાયો હતો. આંગણવાડી કર્મચારીઓ અને આશા વર્કરો દ્વારા લઘુત્તમ વેતન સહિતની વિવિધ પડતર માગણીઓને લઈને બે દિવસના ઉપવાસ અને ધરણાં પ્રદર્શનની શરૂઆત કરવામાં આવી છે.



ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન અને ગુજરાત આશા એન્ડ હેલ્થ વર્કર યુનિયનના નેજા હેઠળ રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી બહેનો અમદાવાદમાં એકઠી થઈ છે. મોંઘવારીની સ્થિતિ વચ્ચે સરકારની વિવિધ યોજનાઓ અને આરોગ્ય-સામાજિક ક્ષેત્રની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓને મળતું વેતન ખૂબ ઓછું હોવાનો દાવો સંગઠનો દ્વારા કરવામાં આવ્યો છે. સંગઠનના જણાવ્યા મુજબ હાલમાં: આંગણવાડી વર્કર: ૧૦,૦૦૦ પ્રતિ માસ.આંગણવાડી હેલ્પર: ૫,૫૦૦ પ્રતિ માસ.આશા વર્કર: ૪,૫૦૦ પ્રતિ માસ.આ વેતનમાં વધારો કરીને લઘુત્તમ વેતન મુજબ ચુકવણી કરવામાં આવે તેવી મુખ્ય માગ છે. આંગણવાડી બહેનોના જણાવ્યા પ્રમાણે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ દ્વારા આંગણવાડી વર્કર અને હેલ્પરના વેતન અંગે અનુક્રમે ૨૪,૮૦૦ અને ૨૦,૩૦૦ના હુકમ કરવામાં આવ્યા હતા. જોકે, સંગઠનનો આક્ષેપ છે કે આ ચુકાદાનો અમલ કરવાને બદલે રાજ્ય સરકાર દ્વારા મામલો સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

# કિશોરીઓને સર્વાઈકલ કેન્સર સામે સુરક્ષિત કરવા રાજ્યમાં ૬ લાખથી વધુ કિશોરીઓનું HPV રસીકરણ સંપન્ન

## HPV રસીકરણમાં ગુજરાત પ્રથમ સ્થાને, ગુજરાતની દીકરીઓને મળ્યું કેન્સર સામેનું મજબૂત સુરક્ષા કવચ: પ્રફુલ પાનશેરીયા

ગાંધીનગર,

ગુજરાત સરકાર રાજ્યની દિકરીઓના સુદૃઢ સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. સ્ત્રીઓમાં જોવા મળતા ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે સર્વાઈકલ કેન્સર સામે કિશોરીઓને સુરક્ષિત રાખવા માટે ગત ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં રાજ્યભરની ૬ લાખથી પણ વધુ દીકરીઓને હ્યુમન પેપિલોમાવાયરસ-HPV રસીનું સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે, તેમ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રવ્યાપી સંકલ્પ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે ઉંફ રસીકરણમાં સમગ્ર દેશમાં અગ્રેસર કામગીરી કરી છે. ગુજરાતની નોંધપાત્ર કામગીરીને ધ્યાને લઈ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને વધુ ૨,૭૨,૦૦૦ HPV રસીના ડોઝ ફાળવવામાં આવ્યા છે. આ અભિયાન હેઠળ આગામી ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં દર મહિને ૧૪ વર્ષ પૂર્ણ કરતી તમામ કિશોરીઓને ઉંફ રસી આપવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું કે, આ સેવા તમામ મેડિકલ કોલેજ હોસ્પિટલો, જિલ્લા અને પેટા-જિલ્લા હોસ્પિટલો તેમજ તમામ સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર વિનામૂલ્યે ઉપલબ્ધ રહેશે. વધુમાં, રાજ્યમાં આટલા વિશાળ સ્તરે રસીકરણ પૂર્ણ થયું હોવા છતાં આડઅસરનો એક પણ કિસ્સો નોંધાયો નથી, જે આ રસીની ગુણવત્તા સલામતી અને અસરકારકતાની સાબિતી આપે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આરોગ્ય મંત્રીશ્રીએ રાજ્યના તમામ વાલીઓને અપીલ કરી હતી કે, તેઓ કોઈ પણ પ્રકારનો વિલંબ કર્યા વિના ૧૪ વર્ષની દીકરીઓને નિરોગી જીવન માટે નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જઈને કેન્સર સામેનું આ સુરક્ષા કવચ અવશ્ય અપાવે.

# ખાંભા તાલુકાના ૫૬ ગામો માટે મહેસૂલી તલાટીઓનું નવું સમયપત્રક જાહેર

## મહેસૂલી તલાટીઓ દર સોમવાર અને બુધવારે પોતાના નિયમિત સેજા હેઠળના ગામોમાં, જ્યારે મંગળવાર અને શુક્રવારે ચાર્જ હેઠળના સેજાના ગામોમાં ફરજ પર હાજર રહેશે

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી:

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ તથા કલેક્ટરશ્રી, અમરેલીની સૂચના અનુસાર ખાંભા મામલતદાર કચેરી દ્વારા તાલુકાના ૧૩ સેજા હેઠળ આવતા ૫૬ ગામોમાં ફરજ બજાવતા મહેસૂલી તલાટીઓ માટે હાજરીનું નવું સમયપત્રક (ડ્યુટી ચાર્ટ) જાહેર કરવામાં આવ્યું છે.

ગામડાના નાગરિકોને મહેસૂલી કામગીરી માટે સરળતા રહે તેમજ અરજદારોના પ્રશ્નોનો સમયસર અને ઝડપી નિકાલ થાય તે હેતુથી મહેસૂલી તલાટીઓની સાપ્તાહિક કામગીરી અને હાજરીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમયપત્રક મુજબ, મહેસૂલી તલાટીઓ દર સોમવાર અને બુધવારે પોતાના નિયમિત સેજા હેઠળના ગામોમાં, જ્યારે મંગળવાર અને શુક્રવારે ચાર્જ હેઠળના સેજાના ગામોમાં ફરજ પર હાજર રહેશે.

દર ગુરુવારે તમામ મહેસૂલી તલાટીઓ વહીવટી સમીક્ષા તથા કામગીરી અર્થે મામલતદાર કચેરી, ખાંભા ખાતે ઉપસ્થિત રહેશે. જ્યારે દર શનિવારે ગામોની સ્થળ મુલાકાત તથા ક્ષેત્રીય કામગીરી માટેનો દિવસ નિયત કરવામાં આવ્યો છે.

મામલતદારશ્રી એમ.ડી. ભાલોડીના જણાવ્યા મુજબ, નક્કી કરાયેલા આ સમયપત્રકના અમલથી મહેસૂલી સેવાઓમાં પારદર્શિતા અને સુગમતા વધશે તેમજ નાગરિકોના મહેસૂલી પ્રશ્નોના ઝડપી નિકાલમાં મદદ મળશે. ખાંભા તાલુકાના નાગરિકોને મહેસૂલી કામગીરી માટે સંબંધિત દિવસોએ પોતાના સેજાના ગામે ફરજ બજાવતા મહેસૂલી તલાટીની હાજરીનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત અમરેલી જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ

અમરેલી:મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લામાં તેમજ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે વિવિધ પોષણલક્ષી અને જનજાગૃતિપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓમાં બાળકો, વાલીઓ તથા આંગણવાડી કાર્યકરોએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈને પોષણ, સ્વચ્છતા, સંતુલિત આહાર અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ અંગે જનજાગૃતિ કેળવવામાં યોગદાન આપ્યું હતું.







**સંતુલિત આહાર, સ્વચ્છતા અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ અંગે બાળકો-વાલીઓમાં જનજાગૃતિ કેળવાઈ,પોષણ સાથે સ્વચ્છતા અંગે જનજાગૃતિ માટે સામૂહિક શપથ લેવાયા**

પોષણ માસ અંતર્ગત ૦૯ સપ્ટેમ્બરે યોજાયેલી પ્રવૃત્તિઓ દરમિયાન વિવિધ ખાદ્ય જૂથો તથા પોષણયુક્ત ખાદ્યસામગ્રીનું પ્રદર્શન અને ઓળખ પ્રવૃત્તિ યોજાઈ હતી. સાથે જ સ્થાનિક સ્તરે સરળતાથી ઉપલબ્ધ અનાજ, કઠોળ, શાકભાજી, ફળો વગેરેનો દૈનિક આહારમાં યોગ્ય ઉપયોગ કરવા અંગે બાળકો અને વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આંગણવાડી કેન્દ્રો ખાતે બાળકો અને વાલીઓને સંતુલિત અને વિવિધતાસભર આહારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. પોષણ સાથે સ્વચ્છતાના મહત્વ અંગે જાગૃતિ કેળવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સામૂહિક શપથનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોના સર્વાંગી વિકાસમાં શારીરિક સક્રિયતાના મહત્વને ધ્યાનમાં રાખી આંગણવાડી કાર્યકરો અને બાળકોએ સરળ શારીરિક કસરત તથા યોગાભ્યાસમાં પણ સહભાગી થઈને નિયમિત શારીરિક પ્રવૃત્તિ અપનાવવાનો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત, ડિજિટલ માધ્યમના ઉપયોગથી પોષણ સંબંધિત માહિતી અને વિવિધ પ્રવૃત્તિઓનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.રાષ્ટ્રીય પોષણ માસની પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ બાળકો અને વાલીઓમાં સંતુલિત તથા પોષણયુક્ત આહાર અંગે જાગૃતિ વધારવા, સ્થાનિક અને સરળતાથી ઉપલબ્ધ પોષણયુક્ત ખાદ્યસામગ્રીના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ પોષણની સાથે સ્વચ્છતા અને નિયમિત શારીરિક પ્રવૃત્તિના મહત્વ અંગે સમજણ વિકસાવવાનો રહ્યો હતો.અમરેલી જિલ્લાના આંગણવાડી કાર્યકરો, બાળકો અને વાલીઓની સહભાગિતાથી "સુપોષિત બાળક-સુપોષિત પરિવાર" નો સંદેશ જનજન સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

# ૧૦ સપ્ટેમ્બર, આત્મહત્યા નિવારણ દિવસ





આજે દિવસે દિવસે વધતા જતા તણાવને કારણે દુનિયાભરમાં આત્મહત્યાના કિસ્સા વધતા જઈ રહ્યા છે ત્યારે તેને રોકવા ખૂબ જ જરૂરી છે. આ માટે લોકોને જાગૃત કરવા માટેના ઉદ્દેશ્યથી દર વર્ષે ૧૦ સપ્ટેમ્બરે 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' ઉજવવામાં આવે છે. આત્મહત્યા પાછળ હંમેશા મનોચિકિત્સક, સામાજીક, આર્થિક, પરિવારિક અને વ્યક્તિગત કારણ હોય છે. આત્મહત્યાને રોકવા કે આત્મહત્યાનાં વિચારને રોકવા માટે જીવન પ્રત્યે સંતુલિત દ્રષ્ટિકોણ રાખવો ખુબ જરૂરી છે. સારા કે ખરાબ બંને જીવન જીવવા માટેના પાસા છે. જીવનમાં સુખ અને દુઃખ બંને આવે છે, બંને એક સિક્કાની બે બાજુઓ જેવા જ છે. પોતાની ભૂલોમાંથી કાયમ શીખવું જોઈએ. ક્યારેક એવું થાય છે કે કાંઇ ગમતું નથી. ક્યારેક જીંદગી અટકી ગઈ હોય એવું લાગે છે. મન ખૂબ ઉદાસ થઈ જાય છે, પણ આ બધું શું નોર્મલ નથી? આપણે માણસ છીએ તો ખુશીની લાગણીની જેમ ઉદાસીની લાગણી પણ થાય જ. આપણે ખુશીઓ સ્વીકારવા કેટલા ઉત્સુક હોઈએ છીએ, તો એવી જ રીતે ક્યારેક ઉદાસીને પણ ગળે વળગાડી દઈએ. બસ એને પકડી ના રાખીએ. એને પણ એક આલિંગન આપીને જવા દઈએ. ઉદાસ હોવું કે દુઃખી હોવું એ પણ આપણા માણસ હોવાની સાબિતી જ તો છે. બસ ઉદાસીને ડીપ્રેશનમાં પરિવર્તિત ન થવા દેવું જોઈએ. અત્યારની આ ગળાકાપ હરિફાઈની દુનિયામાં નિષ્ફળતા પણ મળવાની જ છે. જો કોઈ એક પરીક્ષા માટે ૧૦૦ માણસ પ્રયત્નો કરતા હોય તો તેમાં તે બધા જ થોડા પાસ થવાના છે? કોઈક તો નાપાસ થશે જ. પણ તે નિષ્ફળતા કાયમી થોડી છે? અને દરેક જણ પરફેક્ટ અને પૂર્ણ જ થોડું હોય? જો એવું હોય, તો પછી કોઈ સામાન્ય રહેશે જ નહીં. દુનિયાની કોઈપણ કિતાબમાં જવાબો શોધી લો. પણ જીંદગી તો રોજ તમને સિલેબસ બહારનાં જ સવાલો પૂછવાની! તો ચાલો પોતાની જાતને નિષ્ફળ કે નબળા સમજવાને બદલે, જીંદગીએ પૂછેલા સવાલોનો ખુલ્લા મને અને ખુલ્લા દિલે હિંમતભેર જવાબ આપીએ.જો મનમાં વારંવાર આત્મહત્યાના વિચાર આવે ત્યારે આવી રીતે પોતાની જાતને મદદ કરવી જોઈએ.

૧. કોઈ સાથે વાત કરો:કોઈ સાથે પોતાની લાગણીઓને શેર કરવી એક મહત્વપૂર્ણ કાર્ય છે. કારણ કે, મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માટે તેને પ્રેમ, સ્નેહ, હૂંફ અને સાથ- સહકારની જરૂર હોય છે. જો તમે દુઃખી હોય અને આત્મહત્યાના વિચાર આવે ત્યારે પોતાની જાતને પોતાની રીતે નિયંત્રણમાં રાખવાની જીદ છોડી અન્યની મદદ લેવી. જેમ કે પોતાના મિત્ર, પરિવારજન, નજીકના સગાઓની અને જરૂર પડ્યે મનોચિકિત્સકની મદદ લેવી પણ ઉચિત છે.

૨. એકલા બિલકુલ ન રહો:આજના સમયમાં મોટાભાગના યુવાનો શહેરમાં પરિવારથી દૂર એકલા રહેવાનું પસંદ કરે છે ત્યારે આત્મઘાતી વિચારો આવે તો થોડા સમય માટે કોઈને સાથે રહેવા બોલાવી લેવા જોઈએ.

૩. થેરાપી અને ઉપચાર લો:જો તમને મહેસુસ થાય કે, મનમાં એવા વિચાર આવે છે તો થેરાપીસ્ટને કન્સલ્ટ કરવા જોઈએ.

૪. યોગ,સૂર્યપ્રકાશ,શાકાહાર,સંતુલિત જીવન શૈલી અપનાવો. ખોટી હાય વોય છોડી દો. રાગ, દ્વેષ, ઈર્ષા, મોહ, મત્સર, કામ, ક્રોધ, વ્યસન જેવાં દુષણોથી દુર રહો.

# સાવરકુંડલા તાલુકાના ૭૭ ગામો માટે મહેસૂલી તલાટીઓનું નવું સમયપત્રક જાહેર

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

મહેસૂલી તલાટીઓ દર સોમવાર અને બુધવારે પોતાના નિયમિત સેજા હેઠળના ગામોમાં, જ્યારે મંગળવાર અને શુક્રવારે ચાર્જ હેઠળના સેજાના ગામોમાં ફરજ પર હાજર રહેશે

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ તથા કલેક્ટરશ્રી, અમરેલીની સૂચના અનુસાર સાવરકુંડલા મામલતદાર કચેરી દ્વારા તાલુકાના ૧૩ સેજા હેઠળ આવતા ૫૬ ગામોમાં ફરજ બજાવતા મહેસૂલી તલાટીઓ માટે હાજરીનું નવું સમયપત્રક (ડ્યુટી ચાર્ટ) જાહેર કરવામાં આવ્યું છે.

આ આયોજન અંતર્ગત સાવરકુંડલા તાલુકાની ૧૯ સેજા હેઠળના કુલ ૭૯ મહેસૂલી ગામોને આવરી લેવામાં આવ્યા છે. તાલુકામાં સમાવિષ્ટ ગામોમાં મહેસૂલી તલાટીઓની ઉપલબ્ધતા અને કામગીરી સુનિશ્ચિત થાય તે રીતે ફરજનું આયોજન કરવામાં આવ્યું છે.

નાગરિકોને પોતાના ગામને લગતી મહેસૂલી કામગીરી માટે સંબંધિત મહેસૂલી તલાટીની ઉપલબ્ધતા અંગે અગાઉથી સ્પષ્ટતા રહે તેમજ સરકારી મહેસૂલી કામગીરીનો અસરકારક અને સમયબદ્ધ નિકાલ થઈ શકે તે માટે સેજા અને ગામવાર ફરજનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યાદી મુજબ, મહેસુલી તલાટીશ્રીઓ સોમવાર, મંગળવાર, બુધવાર પોતાના સેજાના ગામોમાં ફરજ બજાવશે જ્યારે ગુરૂવારે મામલતદાર કચેરી સાવરકુંડલા ખાતે ફરજ બજાવશે. જ્યારે શુક્રવારે અને શનિવારે સેજાના ગામોની ક્ષેત્રીય કામગીરી બજાવશે. આ ઉપરાંત સાવરકુંડલા સાવર-સામાપાદર (સીટી તલાટી) અને સીટી તલાટી કુંડલા, સીટી તલાટી - ૨ એમ કુલ ૦૩ મેહસુલી તલાટી તમામ દિવસે મામલતદાર કચેરી, સાવરકુંડલા ખાતે ફરજ બજાવશે તેમ મામલતદારશ્રી સાવરકુંડલાએ એક યાદીમાં જણાવ્યું છે.

# ઉનાના ગાંગડા ગામના 'દાદા ગ્રુપ'ના યુવાનોની અનોખી સેવા



(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

આજના વ્યસ્ત સમયમાં જ્યારે લોકો પાસે પોતાના માટે પણ સમય નથી, ત્યારે ઉના તાલુકાના ગાંગડા ગામના 'દાદા ગ્રુપ'ના ૨૫ થી વધુ યુવાનો સેવા અને સમર્પણનું એક અનોખું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. આ ગ્રુપના યુવાનો પોતાના મોજ-શોખ અને પૈસાનો ત્યાગ કરીને સતત માનવતા અને અબોલ જીવોની સેવામાં લાગેલા રહે છે.

દાદા ગ્રુપના યુવાનો દર મહિને ઉના તાલુકાના ૨૫ જરૂરિયાતમંદ પરિવારોને આખા મહિનાની રાશન કીટ આપે છે. આ સિવાય, તેઓ સમાજના દિવ્યાંગ અને વિકલાંગ લોકોને આર્થિક અને સામાજિક મદદ કરે છે. તેમને સમયસર ભોજન કરાવવાનું સારું કામ પણ આ યુવાનો ખુશીથી કરે છે. આ ગ્રુપ માત્ર માણસો જ નહીં, પણ અબોલ જીવો પ્રત્યે પણ ઘણી દયા રાખે છે. યુવાનો રોજ પક્ષીઓ માટે ચણ નાખે છે. રખડતા શ્વાનોને રોજ ડોગ બિસ્કીટ અને દૂધ આપે છે. ગાયો માટે લીલા ઘાસચારાની સારી વ્યવસ્થા પણ કરે છે. આ સિવાય, દર પંદર દિવસે નિયમિતપણે કીડીયારું પૂરવાનું પુણ્યનું કામ પણ કરવામાં આવે છે. પોતાના રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે પણ સમય કાઢીને આ યુવાનો કોઈપણ ગંભીર પરિસ્થિતિ, પૂર કે કુદરતી આફત જેવા સમયે અસરગ્રસ્તોની મદદ કરવા દોડી જાય છે. તેઓ તરત જ રાહત કામગીરી શરૂ કરી દે છે.

# અમરેલીમાં તા. ૧૧ સપ્ટેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

## રાજકોટ અને ભાવનગરની કંપનીમાં વિવિધ જગ્યાઓ માટે રોજગારીની તક

અમરેલી, જિલ્લાના રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી દ્વારા રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રોજગાર વિનિમય કચેરી તથા કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે ભરતી મેળો યોજાશે.

આ ભરતી મેળામાં સી.આઈ.ઈ ઓટોમોટીવ પ્રા. લિ કંપની દ્વારા ટ્રેની તથા મશીન ઓપરેટરની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. આ જગ્યાઓ માટે ઉમેદવારની ઉંમર ૧૮થી ૩૦ વર્ષ વચ્ચે હોવી જરૂરી છે. ધો. ૧૦, ધો. ૧૨, આઈ.ટી.આઈ અથવા ડિપ્લોમાં પાસ કરેલા ઉમેદવારો આ જગ્યા માટે ભાગ લઈ શકશે. પસંદગી પામનાર ઉમેદવારોને કંપનીના નિયમો





અનુસાર માસિક રૂ. ૧૫,૨૦૦ સુધીનું વેતન મળવાપાત્ર રહેશે.

આ ઉપરાંત એઈમ લિ. ભાવનગરમાં બ્રાન્ચ મેનેજર અને આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજરની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. આ જગ્યાઓ માટે ૧૮થી ૩૦ વર્ષની વયના સ્ત્રી-પુરૂષ જે ધોરણ-૧૦, ધોરણ-૧૨ અથવા સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તે ભાગ લઈ શકશે. પસંદગી પામનાર ઉમેદવારોને કંપનીના નિયમો મુજબ વેતન આપવામાં આવશે.

ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. ઉમેદવારોએ ભરતીના દિવસે રોજગાર નોંધણી કાર્ડ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સહિત જરૂરી મૂળ પ્રમાણપત્રો તથા તેની નકલો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ પોતાના જરૂરી દસ્તાવેજો સાથે સમયસર હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.ઉમેદવારો અનુબંધમ પોર્ટલ પર નોંધણી કરી શકશે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨-૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાશે. રોજગાર ઈચ્છુક લાયકાત ધરાવતા ઉમેદવારોએ આ રોજગાર ભરતી મેળાનો વધુમાં વધુ લાભ લેવા જિલ્લા રોજગાર વિનિમય અધિકારીશ્રી, અમરેલી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઉના નજીક પ્રાચીન ગુપ્ત પ્રયાગ તીર્થ ધામમાં ભાદરવી અમાસ નિમિતે લોકમેળાનો પ્રારંભ

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

ઉના થી સાત કિલોમીટર દુર દેલવાડા ગામ પાસે આવેલ પ્રાચીન અને પોરાણિક તીર્થ ધામ ગુપ્ત પ્રયાગ આવેલ છે ત્યાં ત્રણ નદી નો કુંડ માં સંગમ થાય છે. ત્યાં પ્રાચીન નરસિંહ ભગવાન અને બળદેવજી નું મંદિર આવેલ છે. તેમજ મહા પ્રભુજી ની ૬૭ મી બેઠક પણ આવેલ છે. સેંકડો વરસ ની પરમ પરા મુજબ દર વર્ષે શ્રાવણ માસ ની ભાદરવી અમાસ નિમિતે લોક મેળો યોજાય છે.તે ત્રણ દિવસીય લોક મેળા નો આજે તા. ૯/૯/૨૬ ને બુધવાર ના રોજ પ્રારંભ પૂજ્ય સંત શ્રી, મુક્તાનંદજી બાપુ પ્રેરિત સંચાલિત ગુપ્ત પ્રયાગ તીર્થ ધામ અને ગુપ્ત પ્રયાગ સ્થાનિક સમિતિ આયોજિત લોક મેળા નો પ્રારંભ સવારે સાધુ અને સંતો દવારા ધ્વજા રોહણ કરી પ્રારંભ કરવામાં આવીયો હતો. તેમજ સાંજે ગંગા મહા આરતી યોજાઈ હતી. અને રાત્રી ના ૯,૩૦ કલાકે ગીર બામણાસા ની વિશ્વ વિખ્યાત કાન ગોપી મંડળ દવારા કાન ગોપી (કૃષ્ણ લીલા ) યોજાઈ હતી. તેમજ આવતી કાલે ૧૦/૯/૨૬ ને ગુરુવારે સાંજે ગંગા આરતી બાદ સમગ્ર સૌરાષ્ટ્ર ભર અને દીવ ઘોઘલા વિસ્તાર માં જે લોકો ના આ વરસ દરમિયાન સ્વજનો અવસાન પામેલ હોય તેમની યાદ માં દીપ દાન કુંડ ના કિનારે બેસી યાદ કરી આખી




રાત તર્પણ કરશે. ગુરુવારે રાત્રે લોકો ડાયરો પણ યોજાશે જેમાં લોક સાહિત્ય કાર રાજભા ગઢવી અને સાથી કલાકારો લોક મનોરંજન આપશે તેમજ તા. ૧૧/૯/૨૬ ને શુક્રવારે સવારે તમામ લોકો પીપળે પાણી રેડી પિતૃ તર્પણ કરશે સાંજે ૬ વાગે મેળા ની પુર્ણાહુતી કરવામાં આવશે આ ત્રણ દિવસ દરમિયાનગુપ્ત પ્રયાગ તીર્થ સ્થાને આવતા તમામ લોકો માટે ૨૪કલાક ચા અને નાસ્તો તેમજ બપોર ના ૧૧,૩૦ થી સાંજે ૭,૦૦ સુધી વિના મુલ્યે ભોજન આપવામાં આવશે મેળા માં કાયદો અને વ્યવસ્થા જાળવવા સ્થાનિક પોલીસ અને જી આર. ડી જવાનો સતત ત્રણ દિવસ ફરજ બજાવશે લોક મેળો સફળ બનાવવા ગુપ્ત પ્રયાગ સ્થાનિક સમિતિ ના તમામ કાર્યકરો જહેમત ઉઠાવી રહીયા છે.

# ઊના-ગીરગઢડામાં કુવા, બોર ડૂકી જતા પાક સુકાયો

## વીઘા દીઠ ૨૦ હજારનો ખર્ચ કર્યો પણ અંતે ટ્રેક્ટર ફેરવવુ પડ્યું

કૈલૈશ ભટ્ટ ઉના

ઊના-ગીર ગઢડા પંથકમાં મગફળીના પાકને પૂરતું પાણી ન મળતા પાક પીળો પડી સુકાઈ ગયો છે જેથી ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે.મગફળીના પાક હવે પાણીના અભાવે સુકાઈ જતાં ખેડૂતોને ભારે હૈયે પોતાના જ ઉભા પાકમાં ટ્રેક્ટર અને રોટાવેટર ફેરવવાની ફરજ પડી રહી છે. વરસાદની રાહ જોતા ખેતરોમાં પાક બળી રહ્યો છે. ચાલુ ખરીફ સીઝનમાં સારો વરસાદ થશે અને મગફળી નો પાક સારી આવક આપશે તેવી આશાએ ખેડૂતોએ બિયારણ, ખાતર, દવા અને મજૂરી પાછળ મોટો ખર્ચ કર્યો હતો. પરંતુ વરસાદ ખેંચાતા મગફળીના છોડને જરૂરી ભેજ અને પિયત ન મળતાં પાક પીળો પડી ગયો છે.



અનેક ખેતરોમાં છોડ સુકાઈ જવાની સાથે મગફળી નો વિકાસ પણ અટકી ગયો છે.ખેડૂતોના જણાવ્યા મુજબ, મગફળી સંપૂર્ણ રીતે તૈયાર થાય તે પહેલાં જ વરસાદની અછત સર્જાતા પાકમાં અપેક્ષિત ઉત્પાદન થવાની શક્યતા ઘટી ગઈ છે.બીજી તરફ ખેતરોમાં રહેલા કૂવા પણ હવે તળિયા દેખાડવા લાગ્યા છે.ખેડૂત ભરતભાઈ વાઢેરએ જણાવ્યું હતું કે ખેડૂતો હાલ બેવડી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એક તરફ વરસાદ ખેંચાતા મગફળીનો પાક સુકાઈ રહ્યો છે, જ્યારે બીજી તરફ જે ખેડૂતોના કૂવામાં થોડું ઘણું પાણી બચ્યું છે તેઓ પણ નિયમિત વીજ પુરવઠાના અભાવે પાકને પૂરતું પિયત આપી શકતા નથી.

ખેડૂત ધર્મેશભાઈના જણાવ્યા મુજબ તેમણે આશરે ૩૦ વીઘા જમીનમાં મગફળી અને ડુંગળીનો પાકવાવ્યો હતો. સારા વરસાદની આશા સાથે ખેતી પાછળ મોટો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ વરસાદ ખેંચાતા અને પિયત માટે પૂરતું પાણી ઉપલબ્ધ ન રહેતાં પાક જમીન માં જ બળી ગયો અને નિષ્ફળ જવાની સ્થિતિ સર્જાઈ છે.૩૦ વીઘા જેટલા મોટા વિસ્તારમાં પાક નિષ્ફળ જતાં નુકસાનનો આંકડો પણ મોટો થયો છે.

# ઉનામાં યુવા કોળી સંગઠન દ્વારા નેપાળ પૂર હોનારતના મૃતકોને ભાવભીની શ્રદ્ધાંજલિ

કૈલૈશ ભટ્ટ ઉના:

ઉના: નેપાળમાં સર્જાયેલી ભયાનક પૂર હોનારત અને પાણીના વિનાશક પ્રવાહને કારણે અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ કરુણ અને હૃદયદ્રાવક ઘટનાથી સમગ્ર માનવ સમાજમાં શોકની લાગણી પ્રસરી છે. આ દુઃખદ ઘટનામાં જીવ ગુમાવનાર તમામ મૃતકોને ઉના ખાતે યુવા કોળી સંગઠન દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



આ પ્રસંગે યુવા કોળી સંગઠનના પ્રમુખ અલ્પેશભાઈ બાંભણિયા, મોહન મૈયા, નિલેશ વાજા સહિત સંગઠનના આગેવાનો, કાર્યકરો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત સૌએ પ્રાર્થના કરી હતી કે, "હે પરમાત્મા, કુદરતના આ ભયાનક પ્રકોપમાં જેમણે પોતાના અમૂલ્ય જીવન ગુમાવ્યા છે, તે તમામ દિવંગત આત્માઓને તમારા શ્રીચરણોમાં સ્થાન આપો અને તેમની આત્માને શાશ્વત શાંતિ અર્પણ કરો. પોતાના સ્વજનો ગુમાવનાર પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ, ધીરજ અને હિંમત આપો. આ આપત્તિમાં અસરગ્રસ્ત દરેક વ્યક્તિના જીવનમાં ફરીથી સુખ, શાંતિ અને આશાનો પ્રકાશ પથરાય તેવી પ્રાર્થના."

યુવા કોળી સંગઠનના પ્રમુખ અલ્પેશભાઈ બાંભણિયા દ્વારા જણાવ્યું હતું કે કુદરતી આફત કોઈ એક વ્યક્તિ કે સમાજનું દુઃખ નથી, પરંતુ સમગ્ર માનવજાત માટેની કરુણ ઘટના છે. આવી મુશ્કેલીના સમયમાં માનવતા, એકતા અને પરસ્પર સહયોગની ભાવના સાથે અસરગ્રસ્ત લોકોની પડખે ઊભા રહેવું એ આપણી સૌની જવાબદારી છે.

અંતમાં તમામ દિવંગત આત્માઓને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી "ૐ શાંતિ... શાંતિ... શાંતિ..."ના મંત્રોચ્ચાર સાથે પ્રાર્થના કરવામાં આવી હતી.

**બગસરા નગરપાલિકા - બગસરા**

જીલ્લો : અમરેલી

**ટેન્ડરીંગ નોટીસ**

આથી બગસરા નગરપાલિકાને સરકાર શ્રી દ્વારા મંજુર કરેલ વર્ષ ૨૦૨૪-૨૭ ની ગ્રાન્ટ માંથી રખડતા કુતરા ના ત્રાસ અટકાવવા અને નિયમ માટે એ.બી.સી. (ડોગ રૂલ્સ -૨૦૨૩) અંતર્ગત ખાસીકરણ તેમજ રસીકરણ કરવાની થતી કામગીરી ના માટે AWBI દ્વારા માન્યતા પ્રાપ્ત એજન્સીસી/સંસ્થાઓ સીલબંધ કવરમાં ભાવો સાથે બગસરા નગરપાલિકા નામનો રૂ. 500 /- નો ડીમાંડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.

કામનું નામ :- બગસરા શહેરી વિસ્તાર માંથી રખડતા કુતરા ને રસીકરણ અને ખસીકરણ કરવા બાબત.

ચીફ ઓફીસર, બગસરા નગરપાલિકા

પ્રમુખ, બગસરા નગરપાલિકા

જિમાક/અમરે/૨૯૭/૨૬

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ડિજિટલ સેતુથી બદલાશે બ્રિક્સ વેપાર

વૈશ્વિક વેપારમાં ચુકવણીનું માધ્યમ કોના હાથમાં છે તેના ઉપર દેશોની આર્થિક સ્વતંત્રતાનો મોટો આધાર રહેલો છે. આ સત્ય છેલ્લા કેટલાક વર્ષોના આંતરરાષ્ટ્રીય બનાવોએ વધુ સ્પષ્ટ કર્યું છે. જ્યારે કોઈ એક મુદ્રા વિશ્વભરના વ્યવહારોનું કેન્દ્ર બની જાય ત્યારે તે મુદ્રા છાપનાર દેશને અજાણતાં જ અસાધારણ પ્રભાવ મળી જાય છે. આ પૃષ્ઠભૂમિમાં બ્રિક્સ જૂથના દેશો વચ્ચે ડિજિટલ ચલણોને જોડતા પાયલટ પ્રોજેક્ટની ચર્ચા માત્ર નાણાકીય સમાચાર નથી, તે આવતીકાલના આર્થિક સંતુલનનો નિર્દેશ છે. નવી દિલ્હીમાં મળનારા શિખર સંમેલનમાં આ દિશામાં નક્કર તૈયારી થઈ રહી હોવાના અહેવાલો વૈશ્વિક નિરીક્ષકોનું ધ્યાન ખેંચી રહ્યા છે.

આ પ્રસ્તાવિત વ્યવસ્થામાં કોઈ એક નવી આંતરરાષ્ટ્રીય નોટ છાપવાની કલ્પના નથી. તેના બદલે દરેક સભ્ય દેશ પોતાની મધ્યસ્થ બેંકની ડિજિટલ મુદ્રા વિકસાવશે અને તે તમામને એક સામાન્ય આંતર-સરહદ ચુકવણી મંચ ઉપર લાવવામાં આવશે. ભારતનો ઈ-રૂપિયો, ચીનનો ઈ-યુઆન અને રશિયાનો ઈ-રુબલ આ મંચના મુખ્ય આધાર બનશે. આ સાથે દેશોમાં પહેલેથી કાર્યરત ચુકવણી સેવાઓને પણ આ માળખા સાથે જોડવામાં આવશે. ઉદ્દેશ સીધો છે. બે બ્રિક્સ દેશો વચ્ચે માલ કે સેવાનો વેપાર થાય ત્યારે વચ્ચે ત્રીજા ચલણની ફરજ ન પડે. ચુકવણી સીધી, ઝડપી અને ઓછા ખર્ચે થાય.આ વિચારને માત્ર અમેરિકા વિરોધી ગણવો ભૂલભરેલું ગણાશે. વાસ્તવમાં દરેક દેશ પોતાના આર્થિક નિર્ણયો ઉપર પોતાનો અંકુશ ઈચ્છે છે. પ્રતિબંધોના સમયગાળામાં કેટલાક દેશોએ જોયું કે આંતરરાષ્ટ્રીય ચુકવણી માર્ગો બંધ થાય ત્યારે વેપાર કેટલો મુશ્કેલ બની જાય છે. ભારત માટે આ બાબત વધુ સંવેદનશીલ છે, કારણ કે તે પશ્ચિમી દેશો સાથે ગાઢ ભાગીદારી ધરાવવાની સાથે પૂર્વના દેશો સાથે ઊર્જા, ખાતર, મશીનરી અને અનેક ચીજવસ્તુઓનો વેપાર કરે છે. એટલે સ્વતંત્ર અને વિશ્વસનીય ચુકવણી વૈકલ્પિક માર્ગ તૈયાર કરવો તે દૂરંદેશી ગણાય.સ્વાભાવિક રીતે આ યોજના સામે અનેક વ્યવહારુ સવાલો ઊભા છે. દસ દેશોની ટેક્નોલોજી એકસરખી ગતિએ આગળ વધી રહી નથી. કેટલાક દેશોએ ડિજિટલ ચલણમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, કેટલાક હજુ પ્રાથમિક તબક્કામાં છે. તમામને એક સમાન તકનિકી ધોરણ ઉપર લાવવા માટે ધીરજ અને સતત સંકલન જોઈશે. કાયદાકીય માળખું પણ એકસરખું નથી. બેંકિંગ નિયમો, ગ્રાહક ડેટાની ગોપનીયતા, વ્યવહારોની પારદર્શિતા અને વિવાદોના નિરાકરણ અંગે દરેક દેશના અભિગમમાં તફાવત છે. મજબૂત ડેટા વહેંચણી કરારો વિના પરસ્પર વિશ્વાસ બંધાય નહીં. સાયબર સુરક્ષા તો સૌથી નાજુક કડી છે. ડિજિટલ નાણું જેટલું ઝડપી છે તેટલું જ તેને સુરક્ષિત રાખવાની જવાબદારી મોટી છે.આર્થિક દૃષ્ટિએ વેપાર સમતુલા જાળવવી પણ પડકારરૂપ રહેશે. જો એક દેશ સતત આયાત કરતો રહે અને નિકાસ ઓછી કરે તો હિસાબમાં અસમાનતા સર્જાય. તેનું સમાધાન કેવી રીતે થશે તે પહેલેથી નક્કી કરવું પડશે. તેમ છતાં નિષ્ણાતો માને છે કે શરૂઆતના તબક્કે આ મર્યાદાઓ યોજનાને અટકાવશે નહીં, કારણ કે હેતુ સમગ્ર વિશ્વની વ્યવસ્થા બદલવાનો નથી, પણ સભ્ય દેશો વચ્ચેના વ્યવહારોને સરળ બનાવવાનો છે. ડોલરનું વર્ચસ્વ એક દિવસમાં સમાપ્ત થવાનું નથી, પણ તેની અનિવાર્યતા ધીમે ધીમે ઘટી શકે છે.આ પ્રયોગનું સૌથી આશાસ્પદ પાસું સામાન્ય વેપારી સાથે જોડાયેલું છે.

આજે નાના નિકાસકારને વિદેશી ગ્રાહક પાસેથી નાણાં મેળવવામાં દિવસો લાગે છે અને વચ્ચે અનેક પ્રકારની ફી કપાય છે. ચલણના ભાવમાં થતા ફેરફારનું જોખમ અલગ. જો ડિજિટલ સેતુ કાર્યક્ષમ બને તો આ ખર્ચ અને સમય બંનેમાં ઘટાડો થાય. કોઈ મિલકત ગીરવે મૂક્યા વિના સીધો વેપાર કરવાની સુવિધા નાના ઉદ્યોગોને વૈશ્વિક બજાર સાથે જોડી શકે છે.

# ખંભાતનનો અખાત જ્યાં દરિયો દેવ થઈને આવે છે

કુદરતની કરામત અનોખી છે. આપણી બ્લુ પ્લેનેટ કહેવાય છે કારણ કે અવકાશમાંથી તે બ્લુ કલરનો ગ્લોબ દેખાય છે. કારણકે તેની સપાટીનો મોટો ભાગ પાણીથી ઢંકાયેલો છે જમીનની ટકાવારી ઓછી છે એટલું બધું પાણી હોવા છતાં ધરતી પર જોવા લાયક પાણી માત્ર બે થી અઢી ટકા કરતા પણ ઓછું છે! મહાસાગરો એક કરતા વધુ છે તે એકબીજા સાથે જોડાયેલા છે અલગ અલગ નથી આ મહાસાગરમાં સમુદ્રનો પણ સમાવેશ થાય છે અરબી સમુદ્રની સાથે ગુજરાતમાં કચ્છ અને ખંભાતના ખાતા આવેલા છે આમાં ખંભાતનો અખાત અદભુત અને અનોખો છે વિશ્વની સૌથી ઊંચી ભરતી અને સૌથી નીતિઓ આ ખંભાતના અખાતમાં આવે છે. અહીં વોટ કાંપ સાથે અહીં ઠલવાય છે. દરિયાનું પાણી ઘણી વાર ડહોળું દેખાય છે. એ ડહોળાપણું જ આ ધરતીની ફળદ્રુપતાની નિશાની છે.

ખંભાતના અખાતની સાચી ઓળખ તેની ભરતી છે. ગુજરાતનો કિનારો ભારતમાં સૌથી ઊંચી ભરતી માટે જાણીતો છે. અખાતનો ગરણી આકાર આ ભરતીને વધુ ઊંચી ચડાવે છે. કેટલીક વાર પાણી બાર મીટર એટલે કે ચાલીસ ફૂટ સુધી ઊંચું આવે છે. ભરતી વખતે પાણી કલાકના સાડા ચાર માઈલની ઝડપે અંદર ધસે છે. ઓટ વખતે એ જ પાણી પાછું વળે ત્યારે ત્રણ માઈલ સુધી પહોળા કાદવ અને રેતીના પટ ખુલ્લા થઈ જાય છે. દરિયો જાણે થોડા કલાક માટે જમીનને પાછી સોંપી દે છે.!!

**ખંભાતના કિનારે આ બાજુ નિષ્કલંક મહાદેવ બિરાજમાન છે તો સામે કિનારે નર્મદાના મુખ પાસે પણ ભાડભૂત મહાદેવ બિરાજમાન છે. વિશ્વમાં સૌથી ઊંચી ભરતી અને સૌથી નીચી ઓટ અમાસ-પૂનમના દિવસે આવે છે. ઓશનોગ્રાફી સર્વે ઓફ ઇન્ડિયાના ડેટા મુજબ ખંભાત ના અખાતનો સૌથી ઊંડો ભાગ કુડા માતાના મંદિરથી સામે આવેલા પીરમ બેટ વચ્ચે છે. અહીં ભરતીના પાણીનો કરંટ એટલો વધુ છે જેના કારણે મહાકાય જહાજના અતિ વજનદાર એન્કર કાચા સુતરના તાંતણાની જેમ તૂટી જાય છે!**

આવે ત્યારે દરિયો કેટલાય કિલોમીટર દૂર પાછળ ખસી જાય છે આ સપાટ કિનારા પર અલંગ શિપ બ્રે રિસાયકલ યાર્ડ આવેલું છે.

ખંભાતનો અખાત ઉત્તરે સાંકડો અને દક્ષિણે પહોળો. ઉત્તરમાં સાબરમતી અને માહી જ્યાં દરિયાને મળે છે ત્યાં તે માંડ વીસ કિલોમીટર પહોળો રહે છે. દક્ષિણમાં દીવ અને દમણ વચ્ચે તે સિત્તેર કિલોમીટર સુધી પહોળો થઈને અરબી સમુદ્રમાં ખુલી જાય છે. લંબાઈમાં તે લગભગ બસો કિલોમીટરનો પટ છે. આખો કિનારો ગણીએ તો છસો કિલોમીટર જેટલો થાય.

આ અખાત ઊંડો નથી. મોટા ભાગે વીસ મીટરથી ઓછું પાણી. વધુમાં વધુ પાંત્રીસ મીટર. તેથી જ અહીં દરિયો શાંત સરોવર જેવો નથી લાગતો. પવન અને ભરતી તેને સતત હલાવ્યા કરે છે. નર્મદા, તાપી, માહી, સાબરમતી અને શેત્રુંજી એમ પાંચ મોટી નદીઓ પોતાના

આ જ આવજા વચ્ચે કોળિયાક પાસે એક ચમત્કાર થાય છે. ભાવનગરથી થોડે દૂર કોળિયાક ગામ. ગામથી દોઢ કિલોમીટર દરિયામાં નિષ્કલંક મહાદેવનું મંદિર છે. ભરતી વખતે તે પાણીમાં ડૂબેલું રહે છે. માત્ર ધજા અને શિખર દેખાય. ઓટ વખતે દરિયો રસ્તો કરી આપે છે. ભક્તો પગપાળા કાદવ અને રેતી પર ચાલીને મંદિર સુધી પહોંચે છે. પગ નીચે ભીની રેતી, સામે દરિયાની વચ્ચે મહાદેવ. એ દૃશ્ય જોનારની આંખ ભીની થઈ જાય.

આ મંદિર સાથે પાંડવોની કથા જોડાયેલી છે. કહેવાય છે કે મહાભારતના યુદ્ધ પછી પાંડવોના મનમાં ભારે શોક હતો. પોતાના જ સ્વજનો સામે શસ્ત્ર ઉઠાવ્યાનો ડંખ તેમને કોરી ખાતો હતો. શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે જેના હાથે કલંક લાગ્યું હોય તેણે મહાદેવની શરણાગતિ લેવી. પાંડવો ફરતા ફરતા આ દરિયા કિનારે આવ્યા. અહીં તેમણે રેતીમાંથી પાંચ શિવલિંગ બનાવીને તપ કર્યું. મહાદેવ પ્રસન્ન થયા. પાંડવોને કહ્યું કે તમારું કલંક ધોવાઈ ગયું. તમે હવે નિષ્કલંક છો. ત્યારથી આ જગ્યા નિષ્કલંક મહાદેવ તરીકે પૂજાય છે. આજે પણ મંદિરમાં પાંચ સ્વયંભૂ લિંગ છે. લોકો માને છે કે અમાસના દિવસે અહીં દર્શન કરવાથી મનનો ભાર હળવો થાય છે.

ભૂગોળની દૃષ્ટિએ જોઈએ તો આ કથા પણ દરિયાના સ્વભાવ સાથે જોડાયેલી છે. પાંડવોનો પશ્ચાતાપ અને દરિયાની ભરતી ઓટ બંનેમાં એક સરખો ભાવ છે. ડૂબવું અને બહાર આવવું. કલંક લાગવું અને ધોવાઈ જવું. દરિયો જેમ રોજ પોતાનો કિનારો ધોઈને સ્વચ્છ કરે છે, એમ આ તીર્થ માણસના મનને ધોઈ નાખે છે.

આ અખાત માત્ર શ્રદ્ધાનું સ્થાન નથી. હજારો વર્ષથી તે વેપારનો માર્ગ રહ્યો છે. ઉત્તર છેડે લોથાલ હતું. હડપ્પાના


**પ્રાંસગિક**

**સુરેશ ભટ્ટ**

વહાણો અહીંથી જ દૂર દેશ જતાં. મધ્યયુગમાં ખંભાત શહેર દુનિયાભરમાં જાણીતું બંદર હતું. માર્કો પોલોએ તેની નોંધ લીધી છે. પણ દરિયાએ લાવેલા કાંપે ધીમે ધીમે બંદરોને પૂરી દીધાં. આજે અહીં મોટાં વહાણો નથી આવતાં, પણ નાની હોડીઓ, માછીમારો અને મીઠું પકવતા અગરિયાઓની દુનિયા ધમધમે છે.

પર્યાવરણની દૃષ્ટિએ આ વિસ્તાર અમૂલ્ય છે. નદીનું મીઠું પાણી અને દરિયાનું ખારું પાણી અહીં ભેગાં થાય છે. એવા પાણીમાં માછલી, કરચલા અને છીપલાં ખૂબ થાય છે. કિનારે ચેરનાં જંગલો અને પક્ષીઓની વસાહતો છે. શિયાળામાં દૂર દેશથી પક્ષીઓ અહીં આવે છે. અગરિયાઓ માટે આ કિનારો જીવન છે. સૂરજના તાપમાં પાણી સુકાય અને સફેદ મીઠાના ઢગલા થાય. એ દૃશ્ય પણ દરિયાની જ કૃપા છે.ગુજરાતી ફિલ્મ ભેટમાં આ અખાતના કિનારાની ભાવનાત્મક ઝલક જોવા મળે છે. દિગ્દર્શકે દરિયાને માત્ર પૃષ્ઠભૂમિ તરીકે નથી રાખ્યો, પણ એક પાત્ર તરીકે મૂક્યો છે. જે દરિયો આપે છે તે જ લઈ પણ લે છે. જે કિનારો દૂર કરે છે તે જ પાછો બોલાવે છે. આ ભાવ આ પ્રદેશના લોકોના જીવનમાં વણાયેલો છે.

આજે જ્યારે આપણે વિકાસની વાત કરીએ છીએ ત્યારે ખંભાતના અખાત સામે નવી નજરે જોવું પડશે. અહીં ભરતીમાંથી વીજળી બનાવવાની શક્યતા છે. છીછરા પાણીમાં પવનચક્કી અને સૌર ઊર્જાના પ્રકલ્પો વિચારાઈ રહ્યા છે. પણ સાથે એ પણ યાદ રાખવું પડશે




કે આ દરિયો નાજુક છે. વધુ કાંપ, વધુ પ્રદૂષણ તેને ગૂંગળાવી શકે છે.ખંભાતનો અખાત આપણને એક સરળ સત્ય શીખવે છે. દરિયો ક્યારેય એક જેવો નથી રહેતો. તે આવે છે અને જાય છે. આપે છે અને પાછો લે છે. નિષ્કલંક મહાદેવના દર્શને જતો માણસ પણ એ જ શીખીને પાછો આવે છે. મનમાં ભરેલો કલંકનો ભાર દરિયાના પાણી સાથે વહી જાય છે. પાછા ફરતી વખતે તે હળવો હોય છે. કદાચ એટલે જ આ અખાત માત્ર નકશા પરની ખાડી નથી, પણ ગુજરાતના મનનો એક ભાગ છે.

# આપણે હવે ઈશ્વરને પણ છેતરવા માંડ્યા છીએ...!

આ કડવી વાસ્તવિકતા છે કે આપણે કેવા પ્રકારની નવી પેઢી તૈયાર કરી રહ્યા છીએ? જ્યાં સંસ્કારોમાં ઈશ્વર સાથે જ છેતરપિંડી શીખવવામાં આવતી હોય, એ સમાજમાં ભ્રષ્ટાચાર, બેઈમાની અને વિશ્વાસઘાત સિવાય બીજું શું પાંગરવાનું હતું? જો માણસ પોતાના આરાધ્ય દેવ સામે જ પ્રમાણિક ન રહી શકતો હોય, તો એ દુનિયાના કોઈ સંબંધમાં, વેપારમાં કે દેશ પ્રત્યે ક્યારેય વફાદાર રહી શકવાનો નથી.

**વિશેષ**

તાજેતરમાં મારા મંદિરમાં હું ભગવાનની સેવા માટે ગયો હતો. ત્યાં શ્રદ્ધાળુઓ આવતા હતા, મસ્તક નમાવતા હતા અને યથાશક્તિ ભેટ દાનપેટીમાં નાખતા હતા. લગભગ અઠવાડિયાના અંતે જ્યારે આ દાનપેટી ખાલી કરી અને તેમાં રહેલી રકમની ગણતરી કરી ત્યારે સૌથી મોટો આઘાત લાગ્યો. રકમના આંકડાથી નહીં પણ તે જે સ્વરૂપે આવી હતી તેને જોઈને આઘાત લાગ્યો. દાનપેટીમાંથી ૧૦, ૨૦ અને ૫૦ રૂપિયાની ફાટેલી, જર્જરીત થઈ ગયેલી ઘણી ચલણી નોટો મળી. તેનો હિસાબ કર્યો તો ચાર આંકડામાં તેનું ટોટલ થયું. ઈશ્વર સામે હાથ જોડીને ગાડી, બંગલા, નોકરી, વિદેશમાં સ્થાયી થવાનું, સંતાનોને સેટ કરી આપવાનું અને બીજું કંઈક કેટલું આપણે માગતા હોઈએ છીએ.. ઈશ્વરને આપવાનું આવે ત્યારે ફાટેલી નોટોપ શું આપણે ઈશ્વરને પણ છેતરવા લાગ્યા છીએપ આપણામાં એટલી પણ નૈતિકતા નથી રહી કે જે પરમતત્ત્વ સામે આપણે હાથ જોડીને ઊભા છીએ તેની સાથે જ રમત કરીને આપણે નીકળી જઈએ છીએ.

મંદિરના ગર્ભગૃહ સામે હાથ જોડીને ઊભેલો માણસ જ્યારે આંખો મીંચે છે, ત્યારે એના ચહેરા પર અપાર શ્રદ્ધા, ત્યાગ અને સમર્પણનો ભાવ હોય છે. ઘણી વખત આ ભાવ એવી રીતે ધારણ કરવામાં આવે છે, કે સાક્ષાત દેવતા પણ ક્ષણવાર માટે આશ્ચર્યમાં મુકાઈ જાય. માણસની જેવી આંખો ખૂલે છે અને હાથ ખિસ્સામાં જાય છે, કે તરત જ સદીઓ જૂની મેલી માનસિકતા બહાર આવીને ઊભી રહી જાય છે. ખિસ્સામાં પડેલી કડકડતી પાંચસો કે બે હજારની નોટો સાચવીને, આંગળીઓ એવા ખૂણાને ફંફોસે છે જ્યાં સેલોટેપ ચોંટાડેલી, ખૂણો તૂટી ગયેલી, શાકભાજીવાળા કે રિક્ષાવાળાએ લેવાની ચોખ્ખી ના પાડી દીધી હોય તેવી ૧૦, ૨૦ કે ૫૦ની ગંધાતી-ચીથરેહાલ નોટ છુપાયેલી હોય. અત્યંત ચાલાકીપૂર્વક એ કાગળનો કચરો દાનપેટીના સાંકડા કાણામાં સરકાવી દેવામાં આવે છે અને આ માણસ છાતી ફુલાવીને બહાર નીકળે છે કે 'મેં આજે પ્રભુને દાન આપ્યું!' આ માત્ર એક ફાટેલી નોટ પધરાવવાની સાદી ઘટના નથી; આ આપણા આખા સમાજની સડી ગયેલી ધામકતા, ખોખલી નૈતિકતા અને ઈશ્વર સાથે પણ છેતરપિંડી કરવાની નિર્લજ્જ વૃત્તિનો જીવતો જાગતો પુરાવો છે.

જે નોટથી એક કપ ચા કે પાનનું બીડું નથી મળતું, જે નોટ સામાન્ય લારીવાળો પણ મોં મચકોડીને ગ્રાહકના મોડા પર પાછી ફેંકે છે, એ નોટ આપણે ત્રિલોકના નાથના ચરણોમાં પધરાવી આવીએ છીએ. આ કઈ જાતની શ્રદ્ધા છે? શું મંદિર એટલે નકામી ચીજવસ્તુઓ પધરાવવાનું કચરાપાત્ર છે? આપણી માનસિકતા એટલી હદે પતિત થઈ ચૂકી છે કે જે વસ્તુ સમાજના સૌથી છેલ્લા માણસ દ્વારા નકારાઈ ગઈ છે, તેને આપણે ઈશ્વરના માથે ઠોકી બેસાડીએ છીએ. અહીં સવાલ રૂપિયાના મૂલ્યનો નથી; ૧૦ રૂપિયા આપો કે ૧૦ લાખ, ઈશ્વરને તમારા ધનની લાલચ નથી. પણ સવાલ એ દાન પાછળ રહેલી બદદાનત અને ધૃણાસ્પદ ચાલાકીનો છે. આપણે મનોમન એવું માની લીધું છે કે 'દાનપેટીમાં કોણ જોવા બેઠું છે? અંદર નાખી દીધું એટલે આપણું કામ પૂરું અને નકામી નોટ પણ વટાવાઈ ગઈ!' આ વિચાર જ સાબિત કરે છે કે આપણી નજરમાં ઈશ્વર સર્વવ્યાપી કે સર્વજ્ઞા નથી.

જેના દરબારમાં ઊભા રહીને આપણે અરબોની માગણી કરીએ છીએ અને તેની જ સામે ચાર આનાની છેતરપિંડી કરવા લાગીએ છીએ. આ એક વરવી સોદાબાજી શરૂ થઈ ગઈ છે. મંદિરમાં જઈને આપણે ઈશ્વર સામે જે લિસ્ટ ખોલીને ઊભા રહીએ છીએ તે ક્યારેય જોયું છે? દિકરા-દીકરીને અમેરિકા કે કેનેડાના વિઝા મળી જાય. શહેરમાં મોટો બંગલો અને લક્ઝરી ગાડી આવી જાય. ધંધામાં કરોડોનો નફો થાય અને ઈન્કમટેક્સની રેડ ન પડે. શરીરમાં કોઈ રોગ ન આવે અને સમાજમાં વટ પડે. આપણી માગણીઓનું લિસ્ટ અનંત છે. આપણે પરમાત્મા પાસે અબજો રૂપિયાનું સામ્રાજ્ય, દીર્ઘાયુષ્ય અને તમામ ભૌતિક સુખોની ભીખ માગીએ છીએ. પણ જ્યારે એ અનંત શક્તિ પ્રત્યે કૃતજ્ઞાતા વ્યક્ત કરવાનો વારો આવે છે, ત્યારે આપણી ઔકાત ફાટેલી દસ-વીસ રૂપિયાની નોટ પર આવીને અટકી જાય છે. આ ભક્તિ નથી, આ એકતરફી, નિર્લજ્જ અને હલકી કક્ષાની સોદાબાજી છે. સંસારના કોઈ સામાન્ય વેપારી સાથે પણ આવી છેતરપિંડી કરવાની આપણી હિંમત નથી ચાલતી, કારણ કે ત્યાં પકડાઈ જવાનો અને અપમાનિત થવાનો ડર હોય છે. ઈશ્વર મૂંગો છે, એ તાત્કાલિક દાનપેટીમાંથી ફાટેલી નોટ બહાર નીકળીને તમારો કલર પકડવાનો નથી, એટલે આપણે તેની સાથે ખુલ્લેઆમ દગાખોરી કરીએ છીએ.

આપણી સંસ્કૃતિમાં ભક્તિનું સર્વોચ્ચ શિખર શબરીના એઠાં બોર હતાં. શબરીએ બોર ચાખીને એટલા માટે આપ્યાં હતાં કે પ્રભુ રામને કોઈ ખાટું બોર ન આવી જાય. એમાં સમર્પણ હતું, પ્રેમ હતો, સર્વસ્વ લૂંટાવી દેવાનો શુદ્ધ ભાવ હતો. સુદામા જ્યારે કૃષ્ણ પાસે ગયા ત્યારે ફાટેલી પોટલીમાં તાંદુલ લઈ ગયા હતા, કારણ કે એ ગરીબ બ્રાહ્મણ પાસે બીજું કશું જ નહોતું; છતાં એ તાંદુલમાં પ્રેમની પરાકાષ્ઠા હતી. આજે આપણી પાસે ગાડીઓ છે, સોનાના દાગીના છે, બેંક બેલેન્સ છે અને વૈભવી જીવન છે. છતાં દાનપેટીમાં ફાટેલી નોટ જાય છે. આ શબરીનો ભાવ નથી, આ સુદામાની લાચારી નથી; આ સમૃદ્ધ માણસની આંતરિક ગરીબી અને કંગાળિયત છે. આપણી તિજોરીઓ છલકાઈ રહી છે પણ આપણાં હૃદય સડી ગયાં છે.

# યુ.વી.ટેક્નોલોજીથી પાણીનું શુદ્ધિકરણ કેવી રીતે થઈ શકે

સવારે જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે આપણને ગરમી અને અજવાળું મળે છે. પણ સૂર્યના પ્રકાશમાં એક એવી શક્તિ પણ છે જે આપણી આંખે દેખાતી નથી. વૈજ્ઞાનિકો તેને પારજાંબલી કિરણો કહે છે. આ કિરણોમાં એક કુદરતી ગુણ છે. તે નાના જીવાણુઓનો નાશ કરી શકે છે.

ગામડામાં જૂના સમયમાં લોકો પાણીના વાસણને તડકામાં મૂકતા હતા. તેમને વિજ્ઞાનની ખબર નહોતી, પણ અનુભવે ખબર હતી કે તડકાનું પાણી વધારે સારું રહે છે. આજના વૈજ્ઞાનિકોએ આ જ કુદરતી નિયમને પકડી લીધો છે. તેમણે વિચાર્યું કે જો સૂર્યના કિરણો જીવાણુ મારી શકતા હોય તો આપણે ઘરમાં જ એવું નાનું મશીન કેમ ન બનાવીએ. આ વિચારમાંથી જ યુ.વી. વોટર પ્યુરિફાયરનો જન્મ થયો છે. તેમાં કોઈ દવા નાખવામાં આવતી નથી. માત્ર પ્રકાશથી પાણી સાફ થાય છે.

**સૂર્યના પ્રકાશમાં છુપાયેલી શક્તિ પાણીને શુદ્ધ કરે છે. આવી જ રીતે અલ્ટ્રા વાયોલેટ કિરણો પણ પાણીની અંદર રહેલા સૂક્ષ્મ બેક્ટેરિયાને નષ્ટ કરે છે. પાણીની અંદર રહેલા સૂક્ષ્મ સજીવોને નષ્ટ કરવા માટે યુપી ટેકનોલોજી અત્યંત મહત્વપૂર્ણ છે. જેનું અત્યારે મોટાપાયે સંશોધન ચાલી રહ્યું છે**

બહારથી આ મશીન એક નાનો ડબ્બો લાગે છે. પણ અંદર તેની રચના ખૂબ સમજીને બનાવેલી હોય છે. તેમાં મુખ્ય ત્રણ ભાગ હોય છે.

પહેલો ભાગ છે સ્ટીલનો નળાકાર ડબ્બો. તેમાંથી પાણી પસાર થાય છે. આ ડબ્બો અંદરથી ચમકતો હોય છે જેથી પ્રકાશ ચારે બાજુ ફેલાય.

બીજો ભાગ છે કાચની નળી. આ કોઈ સામાન્ય કાચ નથી. તે ખૂબ ચોખ્ખો કાચ છે. તેની અંદર એક ખાસ બલ્બ મૂકેલો હોય છે. આ કાચ પાણીને બલ્બથી અલગ રાખે છે. પાણી બલ્બને અડતું નથી, પણ પ્રકાશ આ કાચમાંથી આરપાર નીકળીને પાણીમાં ભળે છે.

ત્રીજો ભાગ છે તે ખાસ બલ્બ. તે ચાલુ થાય એટલે તેમાંથી ભૂરી ચમક સાથે કિરણો નીકળે છે. પાણી ધીમે ધીમે આ પ્રકાશમાંથી પસાર થાય છે. થોડીક સેકંડમાં જ પાણીમાં રહેલા જીવાણુઓ પર આ પ્રકાશની અસર થઈ જાય છે.આપણી આંખે પાણી ચોખ્ખું દેખાય, પણ તેમાં ઘણા નાના જીવાણુઓ તરતા હોય છે. તે એટલા નાના હોય છે કે સૂક્ષ્મદર્શક યંત્ર વગર દેખાતા નથી. આ જીવાણુઓ પેટમાં જઈને રોગ પેદા કરે છે.

દરેક જીવાણુને જીવતા રહેવા અને વધવા માટે એક આંતરિક રચના હોય છે. તેને આપણે તેનું મગજ કહી શકીએ. વૈજ્ઞાનિક ભાષામાં તેને ડીએનએ કહે છે. આ રચનાના આધારે જ એક જીવાણુમાંથી બીજા અનેક જીવાણુઓ બને છે.

**આસપાસ ચોપાસ**

**સુરેશ ભટ્ટ**

જ્યારે યુ.વી. પ્રકાશ આ જીવાણુ પર પડે છે ત્યારે તે સીધો આ આંતરિક રચના પર હુમલો કરે છે. તે આ રચનાને તોડી નાખે છે. રચના તૂટી જાય એટલે જીવાણુ પોતાના જેવા બીજા જીવાણુ પેદા કરી શકતો નથી. જે જીવાણુ વધી શકતો નથી તે ધીમે ધીમે નકામો થઈ જાય છે. તે શરીરને નુકસાન કરી શકતો નથી. આ રીતે પાણી પીવા લાયક બને છે. તેમાં કોઈ દવાનો સ્વાદ આવતો નથી. પાણીનો કુદરતી સ્વાદ જળવાઈ રહે છે.

દરેક સારી વસ્તુની કેટલીક મર્યાદા હોય છે. તે સમજવી ખૂબ જરૂરી છે.પહેલી વાત છે પાણીની ચોખ્ખાઈની. જો પાણી ડહોળું હોય, તેમાં માટી કે કચરો હોય, તો આ પદ્ધતિ બરાબર કામ કરતી નથી. કારણ કે કચરાના કણોની પાછળ જીવાણુઓ સંતાઈ જાય છે. પ્રકાશ ત્યાં પહોંચી શકતો નથી. તેથી યુ.વી. મશીનમાં પાણી જાય તે પહેલાં તેને કપડાથી કે ગાળણીથી ગાળવું જરૂરી છે. મોટા ભાગના મશીનમાં આ માટે પહેલેથી જ ગાળણની વ્યવસ્થા હોય છે.બીજી વાત છે પાણીના ક્ષારની. પાણીમાં ઓગળેલા ક્ષારો આંખે દેખાતા નથી. યુ.વી. કિરણો માત્ર જીવાણુઓને મારે છે. તે ક્ષારને દૂર કરતા નથી. જો તમારા વિસ્તારનું પાણી ખારું હોય તો માત્ર યુ.વી. પૂરતું નથી. તેના માટે બીજી પદ્ધતિની જરૂર પડે છે.

ત્રીજી વાત છે વીજળીની. આ બલ્બ વીજળીથી ચાલે છે. વીજળી જાય ત્યારે તે કામ કરતું નથી. તેમજ સમયસર બલ્બ બદલવો પડે છે. જૂનો બલ્બ ઝાંખો પડે ત્યારે તેની શક્તિ ઘટી જાય છે.આ ટેક્નોલોજીનો પૂરો લાભ લેવા માટે થોડી કાળજી રાખવી જોઈએ.મશીનને હંમેશા સીધું રાખો અને સમયસર તેની સફાઈ કરાવો. કાચની નળી પર જો ક્ષાર જામી જાય તો પ્રકાશ ઓછો થાય છે. વર્ષમાં એક વખત તેની તપાસ કરાવવી સારી.પાણીનો સંગ્રહ સ્વચ્છ વાસણમાં કરો. શુદ્ધ થયેલું પાણી જો ગંદા વાસણમાં ભરશો તો મહેનત નકામી જશે. વાસણને ઢાંકીને રાખો.બાળકોને સમજાવો કે આ મશીનનો બલ્બ સીધી આંખે ન જોવો. તેનો પ્રકાશ આંખ માટે સારો નથી. મશીન બંધ ડબ્બામાં જ સુરક્ષિત છે.



ટૂંકમાં કહીએ તો યુ.વી. ટેક્નોલોજી એ કુદરતની દેન છે. સૂર્ય જે કામ મોટા પાયે કરે છે તે જ કામ આ નાનું મશીન ઘરમાં કરે છે. તે દવા વગર, સ્વાદ બગાડ્યા વગર પાણીને સલામત બનાવે છે. જો આપણે તેની મર્યાદા સમજીને તેનો ઉપયોગ કરીએ તો તે આપણા પરિવારના સ્વાસ્થ્યનો સારો રખેવાળ બની શકે છે.

# ક્રિકેટ બોર્ડને રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ, ૨૦૨૫ના દાયરામાં કેમ ન લાવવા જોઈએ : સુપ્રીમ

## સુપ્રીમ કોર્ટે ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ અને તમામ રાજ્ય ક્રિકેટ સંગઠનોને પૂછ્યું

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (બીસીસીઆઇ) અને તમામ રાજ્ય ક્રિકેટ સંગઠનોને પૂછ્યું છે કે તેમને રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ, ૨૦૨૫ ના દાયરામાં કેમ ન લાવવા જોઈએ. કોર્ટે બીસીસીઆઇ અને રાજ્ય ક્રિકેટ સંગઠનના અધિકારીઓની સેવા શરતોને પણ આ કાયદા હેઠળ લાવવા જોઈએ કે કેમ તેના જવાબો પણ માંગ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે બીસીસીઆઇ સંબંધિત કેસની સુનાવણી દરમિયાન આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. બેન્ચમાં ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહના પણ સામેલ હતા. આ કેસ ૨૦૧૪ થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે, અને સમયાંતરે કોર્ટ સમક્ષ તેની સાથે સંબંધિત વિવિધ અરજીઓ લાવવામાં આવી છે.

બીસીસીઆઇ અને રાજ્ય ક્રિકેટ સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતા વકીલો પાસેથી સૂચના લીધા પછી, સુપ્રીમ કોર્ટે તેમને સમજાવવા કહ્યું કે તેમના અધિકારીઓના કાર્યકાળ અને સેવાની શરતો ૨૦૨૫ માં અમલમાં આવેલા રાષ્ટ્રીય રમત શાસન કાયદાને આધીન કેમ ન હોવી જોઈએ. કોર્ટના આ પ્રશ્ને એ મુદ્દો ઉઠાવ્યો છે કે નવા રમત શાસન કાયદાની જોગવાઈઓ બીસીસીઆઇ દેશમાં ક્રિકેટનું સંચાલન કરતી સંસ્થા અને તેના રાજ્ય સંગઠનો પર કેવી રીતે લાગુ થશે.બીસીસીઆઇની કામગીરી અને સુધારાઓ અંગેની અરજી ૨૦૧૪ થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. આ કિસ્સામાં, કોર્ટે ક્રિકેટ વહીવટ સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ આર.એમ. લોઢાની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂક કરી હતી. આ સમિતિને




બીસીસીઆઇમાં સુધારા માટે પગલાં સૂચવવાનું અને ક્રિકેટ બોર્ડ માટે નવું બંધારણ તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. બાદમાં, સુપ્રીમ કોર્ટે લોઢા સમિતિની ભલામણો સ્વીકારી અને બીસીસીઆઇના માળખા, સંગઠન અને કામગીરીમાં સુધારો કરવા માટે અનેક જોગવાઈઓ લાગુ કરી.સપ્ટેમ્બર ૨૦૨૨ માં, સુપ્રીમ કોર્ટે ×ઝઔં પદાધિકારીઓના કાર્યકાળ અંગેના તેના અગાઉના આદેશમાં ફેરફાર કરવાની મંજૂરી આપી હતી.

# ટીમ ઈન્ડિયા ૨૦૨૬ એશિયન ગેમ્સ માટે અલગ હોટલ ભાડે નહીં રાખે : બીસીસીઆઇ

નવીદિલ્હી,

એશિયન ગેમ્સ, જેમાં ક્રિકેટનો સમાવેશ થાય છે, ૧૯ સપ્ટેમ્બરથી જાપાનના આઇચી-નાગોયામાં શરૂ થશે. ભારતીય પુરુષ અને મહિલા બંને ક્રિકેટ ટીમો એશિયન ગેમ્સમાં ભાગ લેશે, જેના માટે બીસીસીઆઇએ પહેલાથી જ તેમની ટીમોની જાહેરાત કરી દીધી છે. દરમિયાન, બીસીસીઆઇના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ એશિયન ગેમ્સ માટે ખેલાડીઓના રહેવાની વ્યવસ્થા અંગે ચાલી રહેલા વિવાદનો અંત લાવતા એક નિવેદનમાં સ્પષ્ટતા કરી હતી કે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ આયોજન સમિતિ દ્વારા પૂરી પાડવામાં આવેલી રહેઠાણમાં જ રહેશે.બીસીસીઆઇના ઉપપ્રમુખે જણાવ્યું હતું કે આઈચી-નાગોયામાં ગુણવત્તાયુક્ત હોટલના અભાવને કારણે ક્રિકેટરોના રહેવાની વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉભા થયા હતા, પરંતુ રહેવાની વ્યવસ્થામાં કોઈ મોટી સમસ્યા નથી, અને બીસીસીઆઇ અને ખેલાડીઓ વર્તમાન વ્યવસ્થાથી સંતુષ્ટ છે.બીસીસીઆઇના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ભારતીય ટુકડીના વિદાય સમારંભ દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમની રહેવાની વ્યવસ્થા અંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આયોજકો અમને જ્યાં પણ આપી રહ્યા છે ત્યાં અમે રહીશું. અમે ખેલાડીઓને આપવામાં આવી રહેલી રહેઠાણની વ્યવસ્થા પર સતત નજર રાખી રહ્યા છીએ જેથી તેમને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે. જ્યારે તે ચોક્કસપણે ફાઈવ-સ્ટાર નથી, તે સારું અને આરામદાયક છે. અમે પૂરી પાડવામાં આવેલી રહેઠાણના ફોટા અને વીડિયો માંગ્યા છે." ખેલાડીઓ ત્યાં જ રહેશે કારણ કે બીજો વિકલ્પ ઓસાકા અથવા ટોક્યોમાં રહેવાનો હતો, જે સ્થળથી ઘણા દૂર છે.ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ ૨૦ સપ્ટેમ્બરે ૨૦૨૬ એશિયન ગેમ્સ માટે ટોક્યો જવા રવાના થશે, જ્યાં તેઓ ૨૨ સપ્ટેમ્બરે જાપાન સામે ઐતિહાસિક ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમશે.બીસીસીઆઇના ઉપપ્રમુખે તેમના નિવેદનમાં એ પણ સ્પષ્ટતા કરી કે ભારતીય ટીમના ખેલાડીઓ રૂમ શેર કરશે નહીં પરંતુ અલગ રૂમમાં રહેશે.

# મહિલા ટી૨૦ એશિયા કપની સેમિફાઇનલમાં ભારતીય ટીમ બાંગ્લાદેશનો સામનો કરશે

દુબઈ,

દુબઈમાં રમાઈ રહેલા મહિલા ટી ૨૦ એશિયા કપ ૨૦૨૬ માં ગ્રુપ સ્ટેજ મેચોના સમાપન પછી, સેમિફાઇનલમાં પહોંચનારી ચાર ટીમોના નામ પુષ્ટિ થઈ ગયા છે. ભારત અને પાકિસ્તાનની મહિલા ટીમો ગ્રુપ એ માંથી ક્વોલિફાય થઈ ગઈ છે, જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન શ્રીલંકા અને બાંગ્લાદેશની મહિલા ટીમો ગ્રુપ બીમાંથી ક્વોલિફાય થઈ ગઈ છે. ભારતીય ટીમ સેમિફાઇનલમાં બાંગ્લાદેશની મહિલા ટીમનો સામનો કરશે, જે ૧૦ સપ્ટેમ્બરના રોજ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાત્રે ૮:૦૦ વાગ્યે રમાશે. બધાની નજર ટીમ ઈન્ડિયાના પ્રદર્શન પર રહેશે, કારણ કે અત્યાર સુધી ટી




૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં બાંગ્લાદેશની મહિલા ટીમ સામે તેમનો રેકોર્ડ મજબૂત છે.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો બાંગ્લાદેશની મહિલા ટીમ સહિત અન્ય એશિયન ટીમો સામે મજબૂત રેકોર્ડ છે. ભારતીય મહિલા ટીમે બાંગ્લાદેશ સામે કુલ ૨૪ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે, જેમાંથી ૨૧ જીતી છે અને ફક્ત ત્રણ હારી છે. ભારતીય મહિલા ટીમને છેલ્લે ૨૦૨૩ માં બાંગ્લાદેશ સામે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે તેઓ મીરપુર મેદાન પર રમાયેલી મેચમાં ૪ વિકેટથી હારી ગયા હતા. ત્યારથી, બંને ટીમો વચ્ચે કુલ ૮ મેચ રમાઈ છે, અને ભારતીય મહિલા ટીમે તે બધી જીતી છે.

ટી ૨૦ એશિયા કપમાં બાંગ્લાદેશ મહિલા ટીમ સામે ભારતીય મહિલા ટીમના હેડ-ટુ-હેડ રેકોર્ડની વાત કરીએ તો, બંને ટીમો વચ્ચે કુલ ૫ મેચ રમાઈ છે, જેમાંથી ભારતીય ટીમે ત્રણ મેચ જીતી હતી, જ્યારે બાંગ્લાદેશે બે જીતી હતી. ૨૦૨૪ માં રમાયેલા છેલ્લા મહિલા ટી ૨૦ એશિયા કપમાં, બંને ટીમો સેમિફાઇનલમાં પણ ટકરાઈ હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ એકતરફી ૧૦ વિકેટથી જીત મેળવી હતી.

# રિકી પોન્ટિંગ ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન્સના માલિક બન્યા, ડેવિડ વોર્નરને કેપ્ટન બનાવાયા

સિડની,

ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન્સે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની ત્રીજી સીઝન પહેલા તેની ટીમ અંગે એક મોટી જાહેરાત કરી છે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન અને દિગ્ગજ બેટ્સમેન રિકી પોન્ટિંગ હવે ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન્સની માલિકીમાં જોડાયા છે. તે પુનીત સિંહ સાથે ફ્રેન્ચાઇઝનો સહ-માલિક બનશે. રિકી પોન્ટિંગને ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં સૌથી સફળ ખેલાડીઓ અને કેપ્ટનોમાંના એક માનવામાં આવે છે. ટીમમાં માલિક તરીકે જોડાઈને ફ્રેન્ચાઇઝને તેમના અનુભવ અને નેતૃત્વનો ફાયદો થવાની અપેક્ષા છે.આ જાહેરાત ૮ સપ્ટેમ્બરના રોજ મેલબોર્નના યુરેકા ૮૯ ખાતે



આયોજિત ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સ એ ન્યૂ એરા ઈવેન્ટમાં કરવામાં આવી હતી. ફ્રેન્ચાઇઝીએ ડબ્લ્યુસીએલની ત્રીજી સીઝન પહેલા તેની નવી શરૂઆતની જાહેરાત કરી હતી. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપનર ડેવિડ વોર્નરને કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.રિકી પોન્ટિંગે ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સમાં જોડાવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને પુનિત સિંહ અને ડેવિડ વોર્નર સાથે મળીને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ચાહકો માટે કંઈક ખાસ બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ફ્રેન્ચાઇઝના સહ-માલિક પુનિત સિંહે પણ પોન્ટિંગના ઉમેરા અને વોર્નરની કેપ્ટન તરીકે નિમણૂકનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે તેમની હાજરી ટીમમાં અનુભવ, નેતૃત્વ અને શક્તિ લાવશે.ડેવિડ વોર્નર ડબ્લ્યુસીએલની ત્રીજી સીઝનમાં ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સની કેપ્ટનશીપ કરશે. ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપનરે કહ્યું હતું કે તે ટીમનું નેતૃત્વ કરવા અને ઘણા ભૂતપૂર્વ ક્રિકેટ દિગ્ગજો સાથે ફરીથી સ્પર્ધાત્મક ક્રિકેટ રમવા માટે ઉત્સાહિત છે. ડબ્લ્યુસીએલના સ્થાપક અને સીઈઓ હર્ષિત તોમરે પોન્ટિંગની ફ્રેન્ચાઇઝમાં પ્રવેશ અને વોર્નરની કેપ્ટનશીપને ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સ અને ટુર્નામેન્ટ માટે મહત્વપૂર્ણ સીમાચિહ્નો ગણાવ્યા હતા.

# પાકિસ્તાની કેપ્ટન બાદ વિકેટકીપર ગુલ ફિરોઝાને આઈસીસી દ્વારા ભારે દંડ ફટકારવામાં આવ્યો

ઈસ્લામાબાદ,

આઈસીસી મહિલા એશિયા કપ ૨૦૨૬ માં પાકિસ્તાનની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાતા નથી. કેપ્ટન ફાતિમા સના પછી,આઈસીસીએ ટીમની વિકેટકીપર-બેટ્સમેન ગુલ ફિરોઝા સામે પણ કાર્યવાહી કરી છે. હોંગકોંગ સામેની ગ્રુપ છ મેચ દરમિયાન આઈસીસી આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ગુલને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે.

આ ઘટના ૭ સપ્ટેમ્બરના રોજ દુબઈમાં રમાયેલી પાકિસ્તાન-હોંગકોંગ મેચ દરમિયાન પાકિસ્તાનની ઈનિંગની પાંચમી ઓવરમાં બની હતી. ગુલ ફિરોઝાને એલબીડબ્લ્યુ આઉટ આપવામાં આવ્યો હતો. તેણીએ નિર્ણય સાથે અસંમત થવા માટે તેના બેટ તરફ ઈશારો કર્યો હતો, જે દર્શાવે છે કે બોલ તેને વાગ્યો હતો.આઈસીસીએ ગુલને ખેલાડીઓ અને ખેલાડી સહાયક કર્મચારીઓ માટેની આચારસંહિતાની કલમ ૨.૮ ના ઉલ્લંઘનનો દોષી ઠેરવ્યો હતો, જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન અમ્પાયરના નિર્ણય પર અસંમતિ દર્શાવવા સંબંધિત છે. દંડની સાથે, ગુલના શિસ્ત રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. છેલ્લા ૨૪ મહિનામાં આ તેનો બીજો ગુનો છે. આ સમયગાળા દરમિયાન તેના ડિમેરિટ પોઈન્ટનો કુલ સ્કોર હવે બે પર પહોંચી ગયો છે. અગાઉ, તેણીને ૨૩ જૂનના રોજ ઓસ્ટ્રેલિયા સામે આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ લીગ મેચમાં બીજા ઉલ્લંઘન માટે ડિમેરિટ પોઈન્ટ મળ્યો હતો.

ગુલ ફિરોઝાએ પોતાની ભૂલ સ્વીકારી અને અમીરાત આઈસીસી ઈન્ટરનેશનલ પેનલ ઓફ મેચ રેફરી દ્વારા પ્રસ્તાવિત દંડ સ્વીકાર્યો. તેથી, ઔપચારિક સુનાવણીની જરૂર નહોતી. મેદાન પરના અમ્પાયર રબાબ અહસાન અને રોકેયા સુલ્તાના, થર્ડ અમ્પાયર શિવાની મિશ્રા અને ફોર્થ અમ્પાયર શથિરા ઝાકીરે ગુલ સામે આરોપો લગાવ્યા હતા.આઈસીસી આચારસંહિતાના લેવલ ૧ ના ઉલ્લંઘનમાં સત્તાવાર ઠપકો આપવાથી લઈને ખેલાડીની મેચ ફીના ૫૦% સુધીનો દંડ થઈ શકે છે.

# વિજયનો એક નવા અને પ્રચંડ પ્રતિસ્પર્ધીનો સામનો થશે : અજય દેવગણની દૃશ્યમ-૩નું ટ્રેલર આખરે રિલીઝ થયું

મુંબઈ,

અજય દેવગણના ચાહકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ફિલ્મનું ટ્રેલર આખરે રિલીઝ થઈ ગયું છે. "દ્રશ્યમ: ધ કન્ક્લુઝન" માં અજય દેવગણ વિજય સાલગાંવકર તરીકે પાછો ફર્યો છે. પાછલા બે ભાગોમાં પોતાની ચાલાકી અને બુદ્ધિમત્તાથી પોલીસને પાછળ છોડી દેનાર વિજયનો આ વખતે એક નવા અને પ્રચંડ પ્રતિસ્પર્ધીનો સામનો થશે. જયદીપ અહલાવત પોલીસ અધિક્ષક (ક્રાઈમ બ્રાન્ચ) રાજવીર સિંહ તોમરની ભૂમિકા ભજવે છે, જે એક જૂના કેસના તળિયે પહોંચવા માટે પોતાની બધી શક્તિનો ઉપયોગ કરશે.

"દ્રશ્યમ ૨" ની ઘટનાઓ પછી ટ્રેલર ફરી શરૂ થાય છે. વિજય,




જેણે પોતાના પરિવારને કાયદાના ચુંગાલથી બચાવવા માટે દરેક પગલા પર કાળજીપૂર્વક વિચાર કર્યો છે, હવે એક નવા પડકારનો સામનો કરે છે. રાજવીર સિંહ તોમર કેસ સંભાળતા જ, વાર્તા તપાસનો એક નવો તબક્કો શરૂ કરે છે. રાજવીર ફક્ત જૂના સંકેતોને જોડવાનો પ્રયાસ જ નથી કરતો પરંતુ વિજયના પરિવાર વિશેના પ્રશ્નો પણ ઉજાગર કરે છે જે અગાઉ દબાયેલા માનવામાં આવતા હતા. ટ્રેલર સંકેત આપે છે કે ભૂતકાળના કેટલાક રહસ્યો ફરી ઉભરી શકે છે, અને વિજયે આ વખતે વધુ સતર્ક રહેવું પડશે.ફિલ્મમાં જયદીપ અહલાવતની એન્ટ્રી વાર્તામાં એક નવો વળાંક ઉમેરે છે. પોલીસ અધિક્ષક (ક્રાઈમ બ્રાન્ચ) રાજવીર સિંહ તોમર તરીકેનું તેમનું પાત્ર તપાસ પ્રત્યે દૃઢ અને ઉત્સાહી દેખાય છે. તે વિજયની બનાવટી વાર્તા પાછળનું સત્ય ફક્ત સ્વીકારવાને બદલે ઉજાગર કરવા માંગે છે. પ્રકાશ રાજ પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તબ્બુ, શ્રિયા સરન અને રજત કપૂર પણ તેમની પાછલી ભૂમિકાઓમાં પાછા ફરી રહ્યા છે. જૂના ચહેરાઓ અને નવા પાત્રોનું આ મિશ્રણ વાર્તાને વધુ રસપ્રદ બનાવે છે.'દ્રશ્યમ' ફ્રેન્ચાઇઝના પાછલા પ્રકરણોથી વિપરીત, આ ફિલ્મમાં એક નવી વાર્તા અને એક નવો પટકથા છે. જ્યારે ફિલ્મનો આધાર એ જ દુનિયામાં રહે છે, ત્યારે વાર્તા સંપૂર્ણપણે નવા વિકાસ સાથે રજૂ કરવામાં આવી છે. ટ્રેલર જૂના રહસ્યોના પડછાયાઓ ઉજાગર કરે છે અને નવા પ્રશ્નો ઉભા કરે છે. વિજય ફરી એકવાર પોતાના પરિવારને બચાવવા અને પોલીસથી ઘણા પગલાં આગળ રહેવાનો પ્રયાસ કરતો જોવા મળે છે. પરંતુ આ વખતે, તેનો સામનો એક અધિકારી સાથે થાય છે જે દરેક સંકેતોને એકસાથે ભેગા કરવા અને સત્ય સુધી પહોંચવા માટે કટિબદ્ધ છે. આ મુકાબલો ફિલ્મનો સૌથી મોટો હાઈલાઈટ બનવાનો છે.નિર્માતાઓએ ફિલ્મના ટ્રેલર લોન્ચ માટે ગોવા પસંદ કર્યું. ગોવામાં 'દ્રશ્યમ'ની વાર્તા અને વિજય સાલગાંવકરના જીવન સાથે ઊંડો સંબંધ છે.


## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | વિ | ર | કા | ણિ | કા | ત | ળ | શિ | ણિ | ગી | મ |
| ર | ચા | સા | ત | કુ | ળો | ળ | ક્ષ | ઈ | સ | બા | ધ |
| વા | ર | ક | તુ | ણે | મો | ક | વિ | રો | ર | અઃ | ક |
| ળો | ણા | જી | કી | મા | દ | બં | જી | સા | બા | જ્ઞા | ડો |
| ળો | ઔ | શિ | કા | ર | મા | રો | ખ | ણ | ક | બૂ | ર |
| કા | ગ | વિ | ક્ષ | ગ | શિ | ગ | હા | મો | પ્ર | ણ | બા |
| વા | ર | જ્ઞા | સ | ણ | હિ | તી | ર | ભો | કા | કા | સ |
| દ | અ | ન | ક | સ | મા | ડો | બં | ર | ભા | પ્ર | અઃ |
| ર | કા | ણ | ક | રી | ઔ | ક | ધ | ણે | ર | શિ | વા |
| બ | કા | ઊ | હા | કા | સ | ન | સા | લ | સ | બ | બૂ |
| ર | ફ | ભા | ગં | ધ | બિ | સા | મા | ર | ઔ | સ | ર |
| ળ | ભો | વિ | કુ | ણ | કા | ક્ષ | બા | શિ | બૂ | ગ | ગી |

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# દિવ્યેન્દુ શર્મા - હર્ષિતા ગૌર અભિનીત નવી શ્રેણી "વેઈટિંગ હૈ"નું ટીઝર રિલીઝ થયું



મુંબઈ,


"મિર્ઝાપુર: ધ મૂવી", જે અલી ફઝલ, પંકજ ત્રિપાઠી અને દિવ્યેન્દુ શર્મા અભિનીત છે, હાલમાં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મ ચાર દિવસ પહેલા જ રિલીઝ થઈ છે અને તે ?૧૦૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. ચાર દિવસમાં, ફિલ્મે ?૧૦૯ કરોડથી વધુનું નેટ કલેક્શન કર્યું છે અને હજુ પણ તેજીથી ચાલી રહી છે. દરમિયાન, દિવ્યેન્દુ શર્મા અભિનીત એક નવી શ્રેણીનું ટીઝર રિલીઝ થયું છે, જેમાં "મિર્ઝાપુર" ના ગુડ્ડુ ભૈયાની બહેન હર્ષિતા ગૌર, દિવ્યેન્દુની પત્ની તરીકે ડિમ્પીનો રોલ ભજવે છે. "વેઈટિંગ હૈ" નામની આ શ્રેણી કન્ફર્મ રેલ્વે ટિકિટના નામે થતી છેતરપિંડી અને છેતરપિંડીનો પર્દાફાશ કરે છે.

તાજેતરમાં, નિર્માતાઓએ "વેઈટિંગ હૈ" નું ટીઝર રિલીઝ કર્યું, જેમાં દિવ્યેન્દુ શર્મા એક રેલ્વે પોલીસ અધિકારીની ભૂમિકા ભજવતા જોવા મળે છે અને હર્ષિતા ગૌર તેની પત્નીની ભૂમિકા ભજવતા જોવા મળે છે. આ જોડીની ચર્ચા પણ થઈ રહી છે કારણ કે દિવ્યેન્દુ અને હર્ષિતા "મિર્ઝાપુર" માં વિરોધી જૂથના છે, પરંતુ નવી શ્રેણીમાં, તેઓ પતિ-પત્ની તરીકે જોવા મળશે. આ શ્રેણીમાં ભુવન અરોરા પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. તે એક હેકર તરીકે જોવા મળશે જે છેતરપિંડીથી કન્ફર્મ ટિકિટ મેળવવામાં નિષ્ણાત છે."વેઈટિંગ હૈ" નું ટીઝર રોજિંદા જીવન, ટ્રાફિક અને ટ્રેન મુસાફરીની ધમાલથી શરૂ થાય છે. આ દરમિયાન, એક રેલ્વે પોલીસમેન, સુગમ મિશ્રા (દિવ્યેન્દુ શર્મા) દ્રશ્યમાં પ્રવેશ કરે છે.

# ચેક બાઉન્સ કેસમાં દિલ્હી હાઈકોર્ટના સજા યથાવત રાખવાના નિર્ણયને રાજપાલ યાદવે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

મુંબઈ,

બોલીવુડના પ્રખ્યાત અભિનેતા રાજપાલ યાદવ છેલ્લા કેટલાક દિવસોથી તેમની સામે ચેક બાઉન્સ કેસને કારણે સમાચારમાં છે. ૧૦ જુલાઈના રોજ, દિલ્હી હાઈકોર્ટે ચેક બાઉન્સ કેસની સુનાવણી કરી, જેમાં રાજપાલ યાદવને મોટો ઝટકો લાગ્યો. કોર્ટે તેમને ૩ મહિનાની જેલની સજા ફટકારી. દિલ્હી હાઈકોર્ટના સજાને યથાવત રાખવાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને ૫ કરોડ રૂપિયા જમા કરાવે તો જ શરણાગતિમાંથી મુક્તિ આપી હતી. કોર્ટે રાજપાલને ૯ સપ્ટેમ્બર એટલે કે બુધવાર સુધીમાં સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીમાં ૫ કરોડ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપ્યો હતો.સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને અનેક ચેક બાઉન્સ કેસોમાં શરણાગતિમાંથી મુક્તિ આપી હતી, જો તેઓ સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીમાં ૫ કરોડ રૂપિયા જમા કરાવે તો જ. કેસની સુનાવણી કરતા કોર્ટે જણાવ્યું હતું કે જો તેઓ પૈસા જમા કરાવે તો જ તેમને રાહત મળશે, નહીં તો તેમને જેલની સજા



ભોગવવી પડશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે રાજપાલ યાદવ અને રાધા યાદવની અરજીઓનો મૌખિક રીતે ઉલ્લેખ કર્યા બાદ આ આદેશ આપ્યો હતો. બેન્ચે નોટિસ જારી કરવાનો અને આગામી સુનાવણી માટે ૧૫ સપ્ટેમ્બરની તારીખ નક્કી કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું, "જો અરજદારો ૯ સપ્ટેમ્બર સુધીમાં રજિસ્ટ્રીમાં ૫ કરોડ (૫૦ મિલિયન રૂપિયા) જમા કરાવે છે, તો તેમને શરણાગતિમાંથી મુક્તિ આપવામાં આવશે." આ અરજીઓ રાજપાલ યાદવ અને રાધા યાદવે દિલ્હી હાઈકોર્ટના ૧૦ જુલાઈના આદેશ સામે દાખલ કરી હતી.

# જન્માષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણી બાદ સુશોભન અને ફ્લોટ સ્પર્ધાના વિજેતાઓ જાહેર

## રાજકોટની ધાર્મિક-સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરતો લોકોત્સવ બન્યો શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવઃ સહયોગી સંતો, દાતાઓ, તંત્ર, મંડળો, કાર્યકર્તાઓ અને ધર્મપ્રેમી જનતાનો સમિતિએ વ્યક્ત કર્યો હૃદયપૂર્વક આભાર

રાજકોટ

જન્માષ્ટમી મહોત્સવ સમિતિ-૨૦૨૬ દ્વારા આયોજિત શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી અત્યંત ભવ્યતા, ધાર્મિક ઉત્સાહ અને સફળતા સાથે સંપન્ન થઈ હતી. શ્રીકૃષ્ણ જન્મોત્સવના પાવન પર્વે રાજકોટ શહેરમાં સર્જાયેલા ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલને વધુ યાદગાર બનાવવા વિવિધ મંડળો, સંસ્થાઓ અને કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવેલા અદભૂત સુશોભન તેમજ વિવિધ પ્રકારના આકર્ષક ફ્લોટ્સે શહેરવાસીઓનું ધ્યાન ખેંચ્યું હતું. જન્માષ્ટમી મહોત્સવને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓનો જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમિતિના ધર્માધ્યક્ષ પરમ

પૂજ્ય ભક્તિ પ્રકાશદાસજી સ્વામી, માર્ગદર્શક સમિતિના સભ્યો માવજીભાઈ ડોડિયાં, નરેન્દ્રભાઈ દવે, ભુપતભાઈ ગોવાણી, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, શાંતુંભાઈ રૂપારેલીયા, પ્રતાપભાઈ કોટક, વનરાજભાઈ ગરૈયા, નીતેશભાઈ કથિરિયા અને અશોકભાઈ મકવાણા સહિત સમિતિના અધ્યક્ષ રાજાભાઈ (વાવડી), ધર્મયાત્રા અધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ વાળા, કાર્યકારી અધ્યક્ષ તીર્થરાજસિંહ ગોહિલ, સમિતિના ઈન્ચાર્જ પરેશભાઈ રૂપારેલીયા તેમજ સહ-ઈન્ચાર્જ દીપકભાઈ ગમઢા, મનોજભાઈ ડોડિયા, કૌશિકભાઈ સરધારા અને વિનયભાઈ કારિયાએ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

સમિતિ દ્વારા જન્માષ્ટમી મહોત્સવમાં સહયોગી અને સહભાગી બનેલા તમામ પૂજ્ય સંતગણ, દાતાઓ, ટ્રાન્સપોર્ટ એસોસિએશન, રાજકોટ મહાનગરપાલિકા, સામાજિક, રાજકીય અને વ્યવસાયિક અગ્રણીઓ, પ્રેસ અને ઈલેક્ટ્રોનિક મીડિયા, પોલીસ પ્રશાસન, નાગર બૉર્ડિંગ, સહયોગી બેંકો, સાઉન્ડ સિસ્ટમ અને મંડપ સર્વિસ સાથે સંકળાયેલા સાથીદારો, પેરા મેડિકલ સ્ટાફ, સરકારી તંત્ર, વિવિધ સંસ્થાઓ અને મંડળોનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત દિવસ-રાત જહેમત ઉઠાવનાર તમામ કાર્યકર્તાઓ અને સ્વયંસેવક ભાઈઓ-બહેનો તેમજ રાજકોટની ધર્મપ્રેમી જનતાના સહકારને પણ સમિતિએ બિરદાવ્યો હતો. સમિતિના અધ્યક્ષ રાજાભાઈ (વાવડી)એ જણાવ્યું હતું કે, સર્વે સનાતની ભાઈઓ અને બહેનોના સહયોગથી જ જન્માષ્ટમીનો આ લોકોત્સવ રાજકોટની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાને ઉજાગર કરતો ભવ્ય ઉત્સવ બની રહે છે. શ્રીકૃષ્ણ જન્મોત્સવના પાવન પર્વને વધુ ભવ્ય અને આકર્ષક બનાવવા રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં મંડળો, સંસ્થાઓ અને કાર્યકર્તાઓ દ્વારા વિવિધ પ્રકારના સુશોભન કરવામાં આવ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણના જીવન પ્રસંગો, પૌરાણિક કથાઓ, ધાર્મિક અને સાંસ્કૃતિક સંદેશાઓને સુંદર કલાત્મક સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ સુશોભનને શહેરવાસીઓ તરફથી પણ ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર વિવિધ મંડળો અને સંસ્થાઓના સુશોભનનું નિર્ણાયક મંડળ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મૂલ્યાંકન દરમિયાન કલાત્મકતા, સર્જનાત્મકતા, ધાર્મિક ભાવના, સામાજિક સંદેશ, સુશોભન ખર્ચ, સ્થાનિક કાર્યકર્તાઓનો સહયોગ અને સમગ્ર સુશોભનની સુંદરતા સહિતના વિવિધ માપદંડોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. સમિતિના ઈન્ચાર્જ પરેશભાઈ રૂપારેલીયા અને માર્ગદર્શક નરાજભાઈ ગરૈયાએ જણાવ્યું હતું કે, પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર વિજેતાઓને અનુક્રમે રૂ. ૧૧,૦૦૦, રૂ. ૭,૫૦૦ અને રૂ. ૫,૧૦૦ના રોકડ પુરસ્કાર ઉપરાંત શિલ્ડ અને અન્ય પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવશે.

જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા તમામ વિજેતા મંડળો, સંસ્થાઓ અને સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર તમામ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમિતિએ જણાવ્યું હતું કે, આવી વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી રાજકોટની ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક એકતાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પાવન પર્વે શહેરના વિવિધ વિસ્તારોમાં જોવા મળેલી સર્જનાત્મકતા, ધાર્મિક ભાવના અને કાર્યકર્તાઓનો ઉત્સાહ રાજકોટની જીવંત સાંસ્કૃતિક પરંપરાનું પ્રતિબિંબ બન્યો હતો.

# રાજકોટ મ્યુનિ. કમિશનર બુલેટ લઈ ફિલ્ડમાં ઉતર્યાઃ સફાઈ કામગીરી નિહાળી

## સ્થળ પર જઈને રોડ, ફૂટપાથ અને જાહેર જગ્યાઓની સફાઈ વ્યવસ્થાની સમીક્ષા કરી







રાજકોટ,

રાજકોટ શહેરને સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સતત સફાઈ કામગીરી તેમજ સ્વચ્છતા અંગે જનજાગૃતિના વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ જાહેર સ્થળોએ ગંદકી કરનાર, રસ્તા પર કચરો ફેંકનાર, જાહેરમાં થૂંકનાર તેમજ પોતાની દુકાન-લારીની આસપાસ ગંદકી ફેલાવનાર તત્વો સામે હવે માત્ર સમજાવટ પૂરતી ન રાખી કાયદાકીય જોગવાઈઓ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા ખુદ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ સાથે બુલેટ બાઈક પર સવાર થઈને શહેરના જ્યુબિલી, લીમડા ચોક અને યાજ્ઞિક રોડ સહિતના વિસ્તારોમાં ફિલ્ડમાં નીકળ્યા હતા.

જ્યુબિલી, લીમડા ચોક અને યાજ્ઞિક રોડ વિસ્તારમાં મ્યુનિસિપલ કમિશનરએ જાતે જ સ્થળ પર જઈને રોડ, ફૂટપાથ અને જાહેર જગ્યાઓની સફાઈ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. આ દરમિયાન રોડ પર કચરો ફેંકતા, જાહેર જગ્યાએ ગંદકી કરતા તેમજ જાહેરમાં થૂંકતા નાગરિકોને મ્યુનિસિપલ કમિશનર દ્વારા રૂબરૂ રોકવામાં આવ્યા હતા અને જાહેર સ્થળને ગંદુ કરવા બદલ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી.

જ્યુબિલી વન-વે રોડ વિસ્તારમાં રોડ પર ઊભા રહેતા લારી-થડાવાળા અને અન્ય ધંધાર્થીઓને પણ મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્થળ પર જ સમજ આપવામાં આવી હતી કે ધંધો કરવાની સાથે પોતાના વ્યવસાયના સ્થળની સ્વચ્છતા જાળવવાની જવાબદારી પણ તેમની જ છે. લારી-થડાની આસપાસ કચરો જોવા મળતા સંબંધિત ધંધાર્થીઓને પોતાની જગ્યાની સફાઈ ખુદ કરાવવામાં આવી હતી. સાથે જ સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે લારી, થડો કે દુકાનની આસપાસ કચરો એકઠો કરવો, જાહેર રસ્તા પર કચરો ફેંકવો અથવા ગ્રાહકો દ્વારા કરવામાં આવતી ગંદકી પ્રત્યે બેદરકારી દાખવવી ચલાવી લેવામાં આવશે નહીં.

સફાઈ બાબતે મ્યુનિસિપલ કમિશનરનું વલણ કેટલું કડક છે તેનો સ્પષ્ટ સંદેશ આપતી ઘટના પણ ફિલ્ડ મુલાકાત દરમિયાન બની હતી. જાહેર રસ્તા પર થૂંકનાર એક નાગરિકને મ્યુનિસિપલ કમિશનરએ રૂબરૂ રોકી, જાહેર સ્થળને ગંદુ કરવાની ગંભીરતા સમજાવી અને જે સ્થળે ગંદકી કરવામાં આવી હતી તે સ્થળની સફાઈ નાગરિક પાસે જ કરાવવામાં આવી હતી. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ માત્ર દંડ કરવાનો નહીં, પરંતુ જાહેર જગ્યા મારી પણ જવાબદારી છે તેવી જવાબદારીની ભાવના દરેક નાગરિકમાં વિકસાવવાનો છે.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, સ્વચ્છ રાજકોટ બનાવવાની જવાબદારી માત્ર સફાઈ કર્મચારીઓની નથી. શહેરના દરેક નાગરિકે પણ પોતાના વર્તનમાં સ્વચ્છતા અપનાવવી પડશે. જાહેર રસ્તો, ફૂટપાથ, ચોક કે અન્ય જાહેર સ્થળ કોઈ એક વ્યક્તિની મિલકત નથી, તે સૌની સામૂહિક મિલકત છે. તેથી જાહેર સ્થળે ગંદકી કરનાર સામે હવે કડક વલણ અપનાવવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ શહેરની સ્વચ્છતા જાળવવામાં નાગરિકોની ભાગીદારી અત્યંત મહત્વપૂર્ણ છે. મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે કચરો જાહેરમાં ન ફેંકે, જાહેરમાં ન થૂંકે, પોતાના વ્યવસાયિક સ્થળની આસપાસ સ્વચ્છતા જાળવે અને અન્ય લોકોને પણ સ્વચ્છતા માટે પ્રેરિત કરે. સ્વચ્છતા માત્ર એક દિવસની ઝુંબેશ કે મહાનગરપાલિકાની કામગીરી નથી સ્વચ્છતા રાજકોટની રોજની ઓળખ બને તે માટે નાગરિક અને તંત્ર બંનેની સંયુક્ત જવાબદારી જરૂરી છે.

# રાજકોટ નજીક આવેલા ત્ર્યંબકેશ્વર મહાદેવ-ત્રિવેણી સંગમ ખાતે શ્રદ્ધા, સંસ્કૃતિ અને વિકાસનો દિવ્ય સંગમ

## રાજકોટ નજીક આવેલા ત્ર્યંબકેશ્વર મહાદેવ-ત્રિવેણીસંગમ તીર્થધામના વિકાસ માટે રૂ. ૪.૫ કરોડની માતબર ગ્રાન્ટ ફાળવાઈ : રાજુભાઈ ધ્રુવની તાજેતરની મુલાકાત









રાજકોટ : રાજકોટ નજીક આવેલા ત્ર્યંબકેશ્વર મહાદેવ-ત્રિવેણીસંગમ તીર્થધામના વિકાસ માટે ગુજરાત સરકાર તથા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂ. ૪.૫ કરોડની માતબર ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના તત્કાલીન ઉપાધ્યક્ષ અને હાલ ગુજરાત ભાજપ પ્રદેશ કારોબારીના સભ્ય રાજુભાઈ ધ્રુવના સક્રિય પ્રયાસો અને જહેમતના પરિણામે આ ગ્રાન્ટ ફાળવાઈ હોવાનું મંદિર ટ્રસ્ટીગણે જણાવ્યું હતું.

ગ્રાન્ટના પરિણામે તીર્થધામ ખાતે વિવિધ વિકાસકાર્યોને વેગ મળ્યો છે અને આજે ત્રિવેણીસંગમ ખાતે શ્રદ્ધા, સંસ્કૃતિ અને વિકાસનો દિવ્ય સંગમ જોવા મળી રહ્યો છે. તીર્થધામની તાજેતરની મુલાકાત દરમિયાન રાજુભાઈ ધ્રુવે વિવિધ સ્થળોની મુલાકાત લઈ વિકાસકાર્યોની માહિતી મેળવી હતી તેમજ સ્થાનિક આગેવાનો અને ટ્રસ્ટીગણ સાથે ચર્ચા કરી હતી.

મંદિર ટ્રસ્ટીગણના જણાવ્યા અનુસાર, તત્કાલીન ઉપાધ્યક્ષ રાજુભાઈ ધ્રુવની યાત્રાધામના વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સક્રિય રજૂઆતોને કારણે રાજ્ય સરકાર અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ત્ર્યંબકેશ્વર મહાદેવ-ત્રિવેણીસંગમના વિકાસ માટે રૂ. સાડા ચાર કરોડની વિશાળ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

આ પ્રસંગે રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે, આ માત્ર રૂ. સાડા ચાર કરોડની ગ્રાન્ટ નથી, પરંતુ સમાજની સાંસ્કૃતિક પરંપરાઓ, ધર્મભક્તિ અને આસ્થા પ્રત્યે ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલું આદર-સન્માન છે. સનાતન સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને તીર્થધામોના વિકાસ પ્રત્યેની દૃઢ સંકલ્પશક્તિનું આ જીવંત ઉદાહરણ છે.

# રાજકોટમાં પ્રગટ ચેરી.ટ્રસ્ટ દ્વારા 'મિલપરા કા મહારાજા' ગણેશ મહોત્સવનું આયોજન



રાજકોટ,

શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોઈપણ જાતના ફંડ કે ફાળા કે કોઈપણ જાતની જાહેરાતો વગર તારીખ ૧૪/૦૯/૨૦૨૬ થી ૨૪/૦૯/૨૦૨૬ સુધી મીલપરા મેઈન રોડ, લક્ષ્મીવાડી ૯/અ, શ્રી પ્રગટ હનુમાનજી મંદિર ખાતે મીલપરા કા મહારાજા સાર્વજનીક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ ગણપતિ મહોત્સવમાં દરરોજ સવારે ૭ કલાકે પુજા તથા દરરોજ રાત્રે ૮:૩૦ કલાકે નામાંકિત આગેવાનો, મહાનુભાવો વગેરેના હસ્તે મહાઆરતી કરવામાં આવશે.

મહાઆરતીમાં પધારતા મહેમાનો, રાજકોટની ધર્મપ્રેમી જનતા માટે સંસ્થા દ્વારા ૨૦-૨૦ ની જગ્યા ઉપર વિશાળ સ્ટેજ બનાવવામાં આવેલ છે. આ માનવ સેવા કાર્યમાં સંસ્થાના પૂજાબેન ભટ્ટ, જયાબેન વાઘેલા, જૈમલ પંડયા, દેવાંગભાઈ ભટ્ટ, કિશનભાઈ સુચક, પંકજભાઈ વ્યાસ, બકુલભાઈ સરવૈયા, ચિંતન રાચ્છા, ધર્મેશભાઈ રાઠોડ, કશ્યપભાઈ ભટ્ટ, હર્ષદભાઈ રાઠોડ, સવજીબાપા, બચુભાઈ માખેલા તથા અન્ય્ કાર્યકરો સેવા આપી રહ્યા છે. સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ એસ. ભટ્ટ ની યાદીમાં જણાવાયું છે

# રાજકોટના કોઠારીયા રોડ કા રાજાઃ ચીંતામણી મૂર્તિની સ્થાપના કરાશે

## ડિજીટલ લાઈટીંગ શોઃ મહાઆરતી બાદ વંદેમાતરમ્ ગીત રજૂ થશે



રાજકોટઃ રાજકોટના કાઠિયાવાડ યુથ ફાઉન્ડેશન દ્વારા આ વર્ષે ૨૦માં શ્રીગણેશ મહોત્સવનું આયોજન 'કોઠારિયા રોડ કા રાજા' કરવામાં આવી રહ્યું છે. ગણોના અધિપતિ દેવ એવા શ્રીગણેશ ભગવાનની મુર્તિ સ્થાપન મહોત્સવ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા પૂજા કરી, શ્રી ચિંતામણી મુર્તિની સ્થાપના કરાશે. આ સાથે ૧૨ દિવસનું ભવ્ય, દિવ્ય મહાઆરતી સાથે ડીજે તથા લાઈટીંગ શો જોવા મળશે. મૂર્તિ વિસર્જન તા.૨૫ના રોજ કરવામાં આવશે.

દરરોજ મહાઆરતી બાદ વંદેમાતરમ્ ગીત રજૂ કરવામાં આવશે. ભારત માતાનું પૂજન થશે.

ગયા વર્ષે 'કોઠારિયા રોડ કા રાજા' શ્રી ગણેશ મહોત્સવ શ્રી દૂંદાળા દેવ ગણેશ ભગવાન ઉંદર સાથે બિરાજમાન હતા. જેમાં જંગલની થીમ પર આબેહુબ જંગલ બનાવેલ સાથે લાઈટીંગ શો થી રાજકોટની જનતાને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ વખતે એજ રીતે શ્રી ચિંતામણી ગણેશ ભગવાનની મૂર્તિ સાથે ભવ્ય મંડપડોમ, ડીજીટલ લાઈટીંગ શો તથા ડીજે સાથે રોજ દિવ્યણ મહાઆરતીનું સાંજે ૭:૧૫ કલાકે આયોજન કરેલ છે. સ્થળઃકોઠારીયા રોડ, સરદાર વલ્લભભાઈ પટેલ સ્વીમીંગ પુલ પાસે, રાજકોટ. ધર્મપ્રેમીજનોએ લાભ લેવા પ્રમુખ હિરેન ગોસ્વામી, જેનીલ ડોબરીયા, ઘનશ્યામ વાઢેર, કિશન પારેખ દ્વારા અનુરોધ કરાયો છે.

# રાજકોટમાં રાવળ સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા - બાઈક રેલી યોજાઈ



રાજકોટ,

સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા રાવળ સમાજના પરમ પૂજ્ય સંત શ્રી રતનદાસ બાપુની પુણ્યતિથિ નિમિતે ભવ્યા શોભાયાત્રા તથા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી માધવભાઈ દવે, રાજકોટ ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ શ્રી કૌશિક ભાઈ ચાવડા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી શ્રી યોગેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ વોર્ડ નં. ૭ ના કોર્પોરેટર શ્રી દર્શનભાઈ ભીલ, શ્રી વર્ષાબેન પાધી, વોર્ડ નં. ૭ના પ્રમુખ શ્રી વિશાલભાઈ માંડલીયા, મહામંત્રી શ્રી દિપકભાઈ પારેખ તથા રાજકોટ શહેર ભાજપ પરિવાર દ્વારા રેલીને ફ્લેગ આપીને શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજકોટ શહેરના વિવિધ સમાજના આગેવાનો દ્વારા શોભાયાત્રાનું સ્વાશગત કરવામાં આવ્યું. જેમાં કારડીયા રાજપૂત સમાજ - શ્રી મહેશભાઈ રાજપૂત તેમજ સોની સમાજ - શ્રી જીગ્નેશભાઈ વાગડીયા, લોધા સમાજ - શ્રી કેતનભાઈ જરિયા, કોળી સમાજ - શ્રી હિરેનભાઈ ડાભી, આહીર સમાજ - શ્રી હેમંતભાઈ લોખીલ, ભૂદેવ સેવા સમિતિ - શ્રી તેજસભાઈ ત્રિવેદી , ભીલ સમાજ - શ્રી દર્શનભાઈ ભીલ, શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ કાછેલા ધવલભાઈ (કે.ડી. રઘુવંશી) રઘુવંશી યુવા સેના - ભરવાડ સમાજ શ્રી ભીખાભાઈ પડસારીયા, રણજીતભાઈ મુંધવા વાલ્મિકી સમાજ - શ્રી મુકેશભાઈ પરમાર અને શ્રી પીન્ટુભાઈ પુરબીયા, ચારણ ગઢવી સમાજ - શ્રી પ્રવીણભાઈ ગોગીયા, મુસ્લિરમ સમાજ - જનાબ હબીબભાઈ કટારીયા અને જનાબ દલિત સમાજ - શ્રી ડી. બી. ખીમસુરિયાં કિશોરસિંહ જાડેજા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા.

આ પાવન પ્રસંગે સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગોપાલભાઈ બોરાણા, મુખ્ય કારોબારી શ્રી રાજુભાઈ બોરાણા, શ્રી નરેશભાઈ મેર, શ્રી સુનિલભાઈ પેથાણી, શ્રી ધર્મેશભાઈ સોઢા, શ્રી લક્ષ્મણભાઈ પરમાર, શ્રી અંકિતભાઈ બોડા, શ્રી અમુભાઈ સોઢા તથા ટ્રસ્ટના સભ્યો કમલેશભાઈ મછોયા, હિતેષભાઈ પેથાણી, અંકિતભાઈ ગોહેલ, કિશનભાઈ બોરાણા, મુન્નાભાઈ ભોજક, સુનિલભાઈ બોરાણા,મનોજભાઈ મિયાત્રા, હરેશભાઈ ગોહેલ આકાશભાઈ મકવાણા, હિતેનભાઈ કેસુર, રાહુલભાઈ કેસુર, અક્ષયભાઈ મછોયા, ભાવિનભાઈ પરમાર, રોહિતભાઈ મેર, લાલભાઈ ભોજક, રાજભાઈ મિયાત્રા, તેજસભાઈ જાદવ, વિનુભાઈ ભોજક, અનિલભાઈ બોરાણા, અજયભાઈ બોરાણા, બકુલભાઈ રાઠોડ, પ્રકાશભાઈ જોગેલા, જોગીદાસ સરવૈયા, મનોજભાઈ મિયાત્રા, જયદીપભાઈ મછોયા દીપકભાઈ બોડા નિલેશભાઈ મિયાત્રા, જીતેન્દ્રભાઈ મિયાત્રા, જીતુભાઈ વાણીયા તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહી આ પાવન કાર્યમાં સહભાગી થયા હતા.

શોભાયાત્રા દરમ્યાન શહેરમાં સર્વત્ર ધાર્મિક માહોલ છવાયો હતો અને વિવિધ સમાજના આગેવાનો તથા ભક્તો દ્વારા વિશાળ ઉમંગ અને શ્રદ્ધા સાથે કાર્યક્રમને સફળ બનાવાયો હતો

# રાજકોટમાં મહાત્મા ગાંધી સ્કુલમાં ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ



રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગઓ તથા સ્કુલ/કોલેજોમા લગાવવામાં આવતી ફાયર સેફ્ટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને તથા સ્કુલ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને જાગૃત કરવા માટે તા.૦૮/૦૯/૨૦૨૬ ના રોજ, શ્રી મહાત્મા ગાંધી સ્કુલ, દિપવન પાર્ક અજમેરા, શાસ્ત્રીનગર પાસે, નાના મૌવા મેઈન રોડ, રાજકોટ, જેમાં અંદાજે ૧૪૮ વિદ્યાર્થીઓ અને ૧૦ શિક્ષકોને બેઝીક ફાયર ફાયટીંગ તથા ફાયર એક્સ્ટીંગ્યુશર વિશે માહિતી આપીને ઓપરેટ કરવાની ટ્રેનિંગ આપેલી હતી.

# રાજકોટ નવરંગ નેચર ક્લબ દ્વારા વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે પરીક્ષાનું આયોજન

રાજકોટ,પર્યાવરણ અને વન્યજીવો પ્રત્યે વિદ્યાર્થી અવસ્થાથી જ જાગૃતિ કેળવાય તથા કુદરતી સંપત્તિનું મહત્વ સમજાય તેવા હેતુથી નવરંગ નેચર ક્લબ - રાજકોટ દ્વારા 'વન્યજીવ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત ૧ લાખ વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે.આ કસોટી ધોરણ ૫ થી ૮, ધોરણ ૯ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે અલગ-અલગ પ્રશ્નપત્ર મુજબ યોજાશે. તા. ૦૨/૧૦/૨૦૨૬ થી ૦૮/૧૦/૨૦૨૬ દરમિયાન શાળાઓએ પોતે જ પોતાની સંસ્થામાં આ પરીક્ષા યોજીને ચકાસણી કરવાની રહેશે.

# કેન્દ્રીય કેબિનેટે ૫ રાજ્યોમાં રૂ. ૧૦,૦૨૧ કરોડના પાંચ મલ્ટી-ટ્રેકિંગ રેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

## તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના ૧૭ જિલ્લાઓને આવરી લેતા આ પાંચ પ્રોજેક્ટ્સ ભારતીય રેલ્વેના હાલના નેટવર્કમાં લગભગ ૫૪૦ કિમીનો વધારો કરશે

નવી દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ બુધવારે ૧૦,૦૨૧ કરોડ રૂપિયાના રોકાણ સાથે પાંચ મલ્ટીટ્રેકિંગ રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી.

તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના ૧૭ જિલ્લાઓને આવરી લેતા આ પાંચ પ્રોજેક્ટ્સ ભારતીય રેલ્વેના હાલના નેટવર્કમાં લગભગ ૫૪૦ કિમીનો વધારો કરશે. આ મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ આશરે ૨,૧૨૧ ગામડાઓ સાથે કનેક્ટિવિટી વધારશે, જેની કુલ વસ્તી લગભગ ૫૨ લાખ છે.

આ પ્રોજેક્ટ્સમાં ૭૭ કિમીના પટ પર અરક્કોનમ-રેનીગુંટા ૩જી અને ૪થી લાઈન, ૪૭ કિમીના પટ પર વ્હાઈટફિલ્ડ-બંગારપેટ ૩જી અને ૪થી લાઈન, ૧૪૭ કિમીથી વધુની હોસુર-ઓમાલુર ડબલિંગ, ૧૫૯ કિમીના પટ પર સેલમ-કરુર-ડિંડીગુલ ડબલિંગ અને ૧૧૦ કિમી સુધી લંબાયેલા સિકંદરાબાદ



(ઘાટકેસર)-કાઝીપેટનો સમાવેશ થાય છે, એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

વધેલી લાઈન ક્ષમતા ગતિશીલતામાં નોંધપાત્ર વધારો કરશે, જેના પરિણામે ભારતીય રેલ્વે માટે કાર્યકારી કાર્યક્ષમતા અને સેવા વિશ્વસનીયતામાં સુધારો થશે. આ મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ ભીડ ઘટાડવા માટે તૈયાર છે અને ૨૦૨૯-૩૦ સુધીમાં પૂર્ણ થવાનું આયોજન છે.

આ પ્રોજેક્ટ્સનું આયોજન પીએમ-ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન હેઠળ કરવામાં આવ્યું છે જેમાં સંકલિત આયોજન અને હિસ્સેદારોની પરામર્શ દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# જાતિ પ્રમાણપત્રના કારણે પ્રવેશ રદ થશે નહીં, બોમ્બે હાઈકોર્ટે વિદ્યાર્થીઓને મોટી રાહત આપી

## જાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિઓને છ મહિનાની અંદર બાકી રહેલા દાવાઓ પર નિર્ણય લેવા નિર્દેશ

નાગપુર,

હાઈકોર્ટે સમયસર અરજી કરનારા વિદ્યાર્થીઓને મોટી રાહત આપતા કહ્યું છે કે ફક્ત જાતિ માન્યતાના આધારે પ્રવેશ રદ ન કરવો જોઈએ. બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચના આ આદેશ બાદ ઘણા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો છે. આ આદેશ મુજબ, જાતિ માન્યતા પ્રમાણપત્ર માટે સમયસર અરજી કર્યા પછી પણ, જો વિદ્યાર્થીઓનો દાવો પેન્ડિંગ રહે તો તેમનો પ્રવેશ રદ કરી શકાતો નથી.

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે આદિવાસી વિદ્યાર્થીઓને આ નોંધપાત્ર રાહત આપી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે જ્યારે વિદ્યાર્થીઓના જાતિ માન્યતાના દાવા પેન્ડિંગ હોય ત્યારે તેમના શિક્ષણ પર પ્રતિકૂળ અસર થવી જોઈએ નહીં. તેણે નિર્દેશ આપ્યો હતો કે જાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિઓ છ મહિનાની અંદર બાકી રહેલા દાવાઓ પર નિર્ણય લે. ન્યાયાધીશ ઉર્મિલા જોશી-ફાળકે અને રાજ વાકોડેની બનેલી બેન્ચે વિવિધ વિદ્યાર્થીઓની અરજીઓ પર સુનાવણી કરી, જેના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો.

નાગપુર જિલ્લાના અચલ રવિન્દ્ર શ્રીરામે જાતિ માન્યતા પ્રમાણપત્રની મુદત પૂરી થાય તે પહેલાં પોતાનો પ્રવેશ બચાવવા માટે કોર્ટનો સંપર્ક કર્યો. જાતિ માન્યતા પ્રમાણપત્ર સબમિટ કરવાની અંતિમ તારીખ ૮ સપ્ટેમ્બર હતી. અરજીમાં, વિદ્યાર્થીએ આશંકા વ્યક્ત કરી હતી કે સમયમર્યાદામાં પ્રમાણપત્ર સબમિટ કરવામાં નિષ્ફળ જવાથી તેમનો પ્રવેશ રદ થઈ શકે છે. સુનાવણી દરમિયાન, કોર્ટે રાજ્ય સરકારના ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજના સરકારી આદેશની નોંધ લીધી. આ સરકારી આદેશ મુજબ, કેટલાક વિદ્યાર્થીઓને તેમના જાતિ માન્યતા પ્રમાણપત્રો સબમિટ કરવા માટે ત્રણ મહિનાનો વધારો આપવામાં આવ્યો હતો.

# યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ ભારતમાં બ્રિક્સ સમિટમાં હાજરી આપશે

નવીદિલ્હી,

યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ આ અઠવાડિયે ભારતમાં બ્રિક્સ સમિટમાં હાજરી આપશે. તેમના પ્રવક્તા, સ્ટીફન ડુજારિકે મંગળવારે જણાવ્યું હતું કે ગુટેરેસની ભારત મુલાકાતની હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ તેઓ બ્રિક્સ સમિટમાં હાજર રહેશે. તેમણે ઉમેર્યું હતું કે ગુટેરેસ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળે તેવી અપેક્ષા છે.

ગુટેરેસ આ વર્ષે બીજી વખત ભારતની મુલાકાત લેશે. તેમણે અગાઉ ફેબ્રુઆરીમાં નવી દિલ્હીમાં આયોજિત ભારત-એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ભાગ લીધો હતો. મહાસચિવ તરીકે ભારતની આ તેમની પાંચમી મુલાકાત હશે. ગુટેરેસનો યુએન મહાસચિવ તરીકેનો કાર્યકાળ પૂરો થવામાં હવે લગભગ ચાર મહિના બાકી છે. આવી સ્થિતિમાં, બ્રિક્સ સમિટ વડા પ્રધાન મોદી, તેમજ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરવાનો તેમનો છેલ્લો મોકો હોઈ શકે છે.

પુતિન અને શી જિનપિંગ આ મહિનાના અંતમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની વાર્ષિક ઉચ્ચ-સ્તરીય બેઠકમાં ભાગ લેશે નહીં, પરંતુ બંને બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે ભારત આવશે. ઈરાન સંઘર્ષ અને યુક્રેન યુદ્ધ ૧૨ સપ્ટેમ્બરથી શરૂ થનારા બ્રિક્સ સમિટને અસર કરે તેવી શક્યતા છે. એવી ચિંતા છે કે બંને સંઘર્ષો વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ પર ગંભીર અસર કરશે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને સંયુક્ત આરબ અમીરાતના નેતાઓ પણ સમિટમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.

# ભારત હંમેશા મુશ્કેલ સમયમાં પડોશી દેશની મદદ કરવામાં અગ્રેસર : સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

## સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેની મુલાકાત લીધી

કોલંબો,

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ બુધવારે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેને મળ્યા. આ દરમિયાન, તેમણે મુશ્કેલ સમયમાં શ્રીલંકા સાથે ખભે ખભા મિલાવીને ઉભા રહેવાના ભારતના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો. તેમણે બંને દેશો વચ્ચેના સંબંધોને હૃદય અને આત્માના બંધન તરીકે વર્ણવ્યા. તેમણે ભાર મૂક્યો કે ભારત હંમેશા ટાપુ રાષ્ટ્રને મદદ કરવામાં પ્રથમ રહ્યું છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે શ્રીલંકાની મુલાકાત દરમિયાન તેમની સાથે વાત કરતા સિંહે કહ્યું, "ભારત હંમેશા મુશ્કેલ સમયમાં મદદ કરવામાં પ્રથમ રહ્યું છે. હું તમને ખાતરી આપું છું કે અમે અમારા શ્રીલંકન મિત્રો સાથે ખભા મિલાવીને ઊભા રહીશું. અમે દ્રઢપણે માનીએ છીએ કે સાચા મિત્રો સારા અને ખરાબ સમયમાં એકબીજાને ટેકો આપે છે. અમારો સંબંધ હૃદય અને આત્માનો છે."

રક્ષા પ્રધાને ગયા વર્ષે ચક્રવાત દિટવાહ પછી ભારતની ઝડપી કાર્યવાહીને યાદ કરી, જ્યારે નવી દિલ્હીએ શ્રીલંકાને મદદ કરવા માટે ઓપરેશન સાગર બંધુ શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે ભારતીય સશસ્ત્ર દળો અને શ્રીલંકાની સરકારી



એજન્સીઓના સંયુક્ત પ્રયાસોએ જીવન બચાવવા, કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરવામાં અને રાહત અને તબીબી સહાય પહોંચાડવામાં મદદ કરી. સિંહે કહ્યું કે શ્રીલંકા ભારતની 'પડોશી પ્રથમ' નીતિ અને 'મહાસાગર' વિઝનના મૂળમાં છે. તેમણે દિસાનાયકેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છાઓ પણ પાઠવી અને તેમને બે વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન આપ્યા. તેમણે એમ પણ કહ્યું કે મોદી બંને દેશો વચ્ચેના ખાસ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે તેમની સાથે નજીકથી કામ કરવાનું ચાલુ રાખવા માટે આતુર છે.

તેમણે કહ્યું કે ભારત આર્થિક અને તકનીકી સહયોગ કરાર પર ઝડપથી આગળ વધવા માટે ઉત્સુક છે. સંરક્ષણ મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે દિસાનાયકેનું વિઝન અને સમર્થન ભારત-શ્રીલંકા સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જશે, જેનાથી બંને દેશો, તેમના લોકો અને વિશાળ ક્ષેત્રને ફાયદો થશે.

## કંપની ન્યૂઝ

### એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડનો ipo ૯ સપ્ટેમ્બરથી ખુલી ગયો છે



એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડ નો ipo ૯ સપ્ટેમ્બર થી ખુલી ગયો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૧૩૯ થી રૂ.૧૪૬ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. શેર નું લિસ્ટીંગ ૧૭ સપ્ટેમ્બર ના રોજ થવાની શક્યતા છે.

### કરમતારા એન્જિનિયરિંગ લિમિટેડનો ipo ૯ સપ્ટેમ્બરથી ખુલી ગયો છે



કરમતારા એન્જિનિયરિંગ લિમિટેડ નો ipo ૯ સપ્ટેમ્બર થી ખુલી ગયો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૨૪૧થી રૂ.૨૫૪ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૫૯ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૫૯ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે.

### સ્ટીમહાઉસ ઈન્ડીયા લિમિટેડનો ipo ૯ સપ્ટેમ્બરથી ખુલી ગયો છે



સ્ટીમહાઉસ ઈન્ડિયા લિમિટેડ નો ipo ૯ સપ્ટેમ્બર થી ખુલી ગયો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૭૭થી રૂ.૮૧ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૧૮૫ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૧૮૫ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે.

### મણિકા પ્લાસ્ટેક લિમિટેડનો ipo ૧૧સપ્ટેમ્બરથી ખુલશે



મણિકા પ્લાસ્ટેક લિમિટેડ નો ipo ૧૧સપ્ટેમ્બર થી ખુલી રહ્યો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૪૦થી રૂ.૪૩ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૧૧ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૩૪૮ઈક્વિટી શેર અને ત્યારબાદ ૩૪૮ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે.

# ઉત્તર પ્રદેશ સરકાર નોઈડાના ડીએમ સામેના હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારશે

## અલ્હાબાદ હાઈકોર્ટે ગૌતમ બુદ્ધ નગરના ડીએમ મેધા રૂપમ અને અન્ય અધિકારીઓના પગારમાંથી ૫ લાખનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો

લખનૌ,

વિદ્યાર્થી-કાર્યકર્તા આકૃતિ ચૌધરીના કેસમાં, અલ્હાબાદ હાઈકોર્ટે ગૌતમ બુદ્ધ નગરના ડીએમ મેધા રૂપમ અને અન્ય અધિકારીઓના પગારમાંથી ૫ લાખનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો. ઉત્તર પ્રદેશ સરકારે હાઈકોર્ટના આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવાનો નિર્ણય લીધો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને માહિતી આપી હતી કે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય સામે અપીલ દાખલ કરવામાં આવશે.

અગાઉ, હાઈકોર્ટે વિદ્યાર્થી કાર્યકર્તા આકૃતિ ચૌધરીની એનએસએ હેઠળ અટકાયત રદ કરી હતી. નોઈડામાં કામદારોના વિરોધમાં કથિત ભૂમિકા બદલ આકૃતિ પર એનએસએ લાદવા બદલ હાઈકોર્ટે નોઈડા જિલ્લા મેજિસ્ટ્રેટની આકરી ટીકા કરી હતી.

કોર્ટે આ કાર્યવાહીને મજાક ગણાવી. અટકાયત માટેનું કારણ અટકળો પર આધારિત અને પુરાવા વિનાનું હોવાનું જણાયું. કોર્ટે આદેશ આપ્યો કે સંબંધિત અધિકારીઓના સર્વિસ રેકોર્ડ પર એક નોંધ લખેલી હોય જેમાં કોર્ટ નારાજગી વ્યક્ત કરે. હકીકતમાં, વિદ્યાર્થી-કાર્યકર આકૃતિ ચૌધરીની એપ્રિલ ૨૦૨૬ માં નોઈડા મજૂર આંદોલનના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ, તેમના પર NSA લાદવામાં આવ્યો હતો અને તેઓ લગભગ પાંચ મહિના સુધી કસ્ટડીમાં રહ્યા હતા. અલ્હાબાદ હાઈકોર્ટને એનએસએ લાગુ કરવા માટે પૂરતા અને નક્કર પુરાવા મળ્યા ન હતા. કોર્ટે અટકાયત રદ કરી અને જિલ્લા મેજિસ્ટ્રેટને તેમના પગારમાંથી ૫ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો.

# જંતર-મંતર ઘટના અંગે એક વિદ્યાર્થીને જારી કરાયેલી નોટિસ પર સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી

નવીદિલ્હી,

જંતર-મંતર પરના વિરોધ પ્રદર્શન અંગે ગ્રેટર નોઈડામાં એક વિદ્યાર્થીને જારી કરાયેલી નોટિસ પર ઝર્તે સૂર્યકાંતે કડક વલણ અપનાવ્યું. તેમણે પૂછ્યું, "મેજિસ્ટ્રેટની હિંમત કેવી રીતે થઈ? જ્યારે અમારો આદેશ સ્પષ્ટ હતો કે કોઈપણ વિદ્યાર્થી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં." જંતર-મંતર પર વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં બીજા વર્ષના વિદ્યાર્થીને જારી કરાયેલી નોટિસ પર સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. ઝર્તે સૂર્યકાંતે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ આદેશ છતાં મેજિસ્ટ્રેટે નોટિસ જારી કરી હતી કે કોઈપણ વિદ્યાર્થી સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી કરવામાં આવશે નહીં.

સીજેઆઈ સૂર્યકાંતે આ બાબતે કડક ટિપ્પણી કરતા કહ્યું, "મેજિસ્ટ્રેટને નોટિસ જારી કરવાની હિંમત કેવી રીતે થઈ? અમે સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ વિદ્યાર્થી સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી કરવામાં આવશે નહીં. કોઈ પણ મેજિસ્ટ્રેટ તે આદેશનું ઉલ્લંઘન કરી શકે નહીં. અમારો આદેશ એટલો સ્પષ્ટ હતો કે સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે આ બાબતે સંબંધિત મેજિસ્ટ્રેટ પાસેથી સ્પષ્ટતા માંગશે."

અગાઉ, ૧ સપ્ટેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટે તેમના વિરુદ્ધ કોઈપણ બળજબરી કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવાનો આદેશ પસાર કર્યો હતો. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે ગ્રેટર નોઈડામાં એક વિદ્યાર્થીને નોટિસ જારી કરવાનો મુદ્દો ઉઠાવ્યો. એક વકીલે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચને જણાવ્યું હતું કે નોઈડા પોલીસના ઈનપુટના આધારે ગ્રેટર નોઈડામાં બીજા વર્ષના વિદ્યાર્થીને એક એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા નોટિસ જારી કરવામાં આવી હતી. વકીલના જણાવ્યા મુજબ, ગૌતમ બુદ્ધ નગર વહીવટીતંત્ર દ્વારા નોટિસ બજાવવાની હતી, પરંતુ પાછળથી તેને પાછી ખેંચી લેવામાં આવી હતી. વિદ્યાર્થી વિરોધ અંગે સુપ્રીમ કોર્ટના ૧ સપ્ટેમ્બરના ચુકાદાને ટાંકીને, વકીલે દલીલ કરી હતી કે આ કેસના વ્યાપક પરિણામો છે. તેમણે કહ્યું, "આ ભારતીય વિદ્યાર્થીઓ પર કરવામાં આવી રહેલો પ્રયોગ છે, જે સુપ્રીમ કોર્ટના આદેશોનું ઉલ્લંઘન કરે છે. આ કોર્ટના તિરસ્કારનો કેસ છે.

# અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ અન્ય કોઈ દેશ વિરુદ્ધ થવા દેવામાં આવશે નહીં : તાલિબાન

## તાલિબાન સરકારે જૈશ-એ-મોહમ્મદના સ્થાપક મસૂદ અઝહર અફઘાનિસ્તાનથી સંગઠન ચલાવી રહ્યો હોવાનો પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો

નવીદિલ્હી,

તાલિબાન સરકારે પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો છે કે જૈશ-એ-મોહમ્મદના સ્થાપક મસૂદ અઝહર અફઘાનિસ્તાનથી સંગઠન ચલાવી રહ્યો છે. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અઝહર અફઘાનિસ્તાનમાં નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે આપણા દેશની ધરતીનો ઉપયોગ અન્ય કોઈ દેશ વિરુદ્ધ થવા દેવામાં આવશે નહીં.

પાકિસ્તાન લાંબા સમયથી દાવો કરી રહ્યું છે કે મસૂદ અઝહર અફઘાનિસ્તાન ભાગી ગયો છે. આ મુદ્દો ફરીથી એવા સમયે સમાચારમાં છે જ્યારે પાકિસ્તાન આતંકવાદ સામે કાર્યવાહી કરવા માટે આંતરરાષ્ટ્રીય દબાણનો સામનો કરી રહ્યું છે. ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની આગામી બેઠકમાં પાકિસ્તાનના આતંકવાદ વિરોધી પગલાંની સમીક્ષા થવાની છે. પાકિસ્તાન ૨૦૧૮ થી ૨૦૨૨ સુધી એફએટીએફની ગ્રે લિસ્ટમાં હતું. આતંકવાદી ભંડોળ સામે નબળી કાર્યવાહી અને જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા સંગઠનો પર પૂરતા પ્રમાણમાં કાર્યવાહી કરવામાં નિષ્ફળતા આ પાછળના મુખ્ય કારણોમાં સામેલ હતા.

પાકિસ્તાનને ૨૦૨૨ માં એફએટીએફ ગ્રે લિસ્ટમાંથી દૂર કરવામાં આવ્યું હતું. પાકિસ્તાને જૈશ અને લશ્કર સાથે જોડાયેલા સંગઠનો પર પ્રતિબંધો લાદ્યા હતા. મે ૨૦૧૯ માં સંયુક્ત રાષ્ટ્રએ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો. પાકિસ્તાને ૨૦૨૧ માં તેની ગેરહાજરીમાં મસૂદ અઝહરને દોષિત ઠેરવ્યો.

મસૂદ અઝહર ભારતમાં અનેક મોટા આતંકવાદી હુમલાઓમાં વોન્ટેડ છે. તે ૨૦૦૧ ના સંસદ હુમલા, ૨૦૦૮ ના મુંબઈ હુમલા, ૨૦૧૬ ના પઠાણકોટ એરબેઝ હુમલો અને ૨૦૧૯ ના પુલવામા હુમલા સાથે સંકળાયેલો છે. આ જ કારણ છે કે ભારત લાંબા સમયથી તેની સામે કાર્યવાહીની માંગ કરી રહ્યું છે.એફએટીએફ માંથી બહાર નીકળવા માટે, પાકિસ્તાને આતંકવાદી સંગઠનો અને તેમના નેતાઓ સામે કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું. અઝહરની ધરપકડ એક મુખ્ય મુદ્દો હતો. બીજી તરફ, FATF ના દબાણ હેઠળ, પાકિસ્તાનને જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા સામે કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. આ સંગઠનો અને તેમના સંલગ્ન મોરચાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આતંકવાદીઓ સામે નાણાકીય પ્રતિબંધોનું વચન આપવામાં આવ્યું હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ અને તેમના જન્મદિવસની ઉજવણી માટે, "સેવા સંકલ્પ" અભિયાન શરૂ કરશે

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પાર્ટી મુખ્યાલયમાં જાહેરાત કરી

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫મી વર્ષગાંઠ અને તેમના જન્મદિવસ નિમિત્તે, ભારતીય જનતા પાર્ટી એક મહિનાનું "સેવા સંકલ્પ" અભિયાન શરૂ કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને બુધવારે પાર્ટી મુખ્યાલયમાં આ જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતું કે આ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન, દેશભરમાં સેવા અને જન કલ્યાણ સંબંધિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

નીતિન નવીને જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીનો જન્મદિવસ "સેવા દિવસ" તરીકે ઉજવવામાં



આવશે. અભિયાનના પહેલા દિવસે, ૧૭ સપ્ટેમ્બરે, દેશભરમાં રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવશે. તે જ દિવસે સાંજે ૭ વાગ્યે "આશીર્વાદ કા દિયા" કાર્યક્રમ પણ યોજાશે. નવીને કહ્યું, "પહેલા દિવસે, ૧૭ સપ્ટેમ્બરે, રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવશે. "આશીર્વાદ કા દિયા" કાર્યક્રમ પણ તે જ દિવસે સાંજે ૭ વાગ્યે યોજાશે." આ સમગ્ર કાર્યક્રમનો સ્પષ્ટ ઉદ્દેશ્ય છેલ્લા ૨૫ વર્ષોમાં પ્રધાનમંત્રીએ લોકો પ્રત્યે બતાવેલી સમર્પણ અને સેવાનું પ્રદર્શન કરવાનો છે.

નીતિન નવીને જણાવ્યું હતું કે લાભાર્થી પરિવારો પ્રધાનમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે દીવા પ્રગટાવશે. આ "જન આશીર્વાદ" ના સામૂહિક પ્રદર્શન તરીકે આયોજિત કરવામાં આવશે. ભાજપ પ્રમુખે કહ્યું, "અમે જન આશીર્વાદના સામૂહિક પ્રદર્શન દ્વારા પ્રધાનમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીશું. દરેક લાભાર્થી પરિવાર પ્રધાનમંત્રી પ્રત્યે આશીર્વાદના રૂપમાં આ દીવા પ્રગટાવશે."

ભાજપના મતે, સમગ્ર અભિયાન પ્રધાનમંત્રી મોદી દ્વારા તેમના ૨૫ વર્ષના જાહેર જીવન અને તેમની જાહેર સેવામાં કરવામાં આવેલા ફેરફારોને પ્રકાશિત કરશે.

# કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન, ડેરી, પંચાયતીરાજ રાજ્યમંત્રી એસ.પી. સિંઘ બઘેલની ઉપસ્થિતિમાં અમરેલીમાં આશરે રૂ. ૧૩૨ કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ

### રૂ. ૦૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગીર ગાય એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ લેબોરેટરીનું લોકાર્પણ,રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલાના હસ્તે રૂ. ૮૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા સેન્ટર ઓફ એક્સેલન્સનું લોકાર્પણ










### અમર ડેરી ખાતે રૂ. ૪૫ કરોડના ખર્ચે થયેલા આઈસક્રીમ અને પનીર મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટનું લોકાર્પણ, વિકસિત ભારતના નિર્માણ અર્થે ગુજરાનું સહકાર મોડેલ સમગ્ર દેશમાં લાગુ કરવું જોઈએ : કેન્દ્રીય મંત્રી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહેલા કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન, ડેરી, પંચાયતીરાજ રાજ્યમંત્રીશ્રી એસ.પી. સિંઘ બઘેલની ઉપસ્થિતિમાં આશરે રૂ. ૧૫૦ કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ થયું હતું. અમરેલીના અમર ડેરી હસ્તકના પ્રભાગમાં "રાષ્ટ્રીય ગોકુલ મિશન" અંતર્ગત રૂ. ૦૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગીર ગાય એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ લેબોરેટરીનું મંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ થયું હતું. જ્યારે પૂર્વ કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રીશ્રી અને રાજકોટના સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે "રાષ્ટ્રીય ગોકુલ મિશન" અંતર્ગત રૂ. ૧૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગીર ગાયના સંવર્ધન આઈ.વી.એફના સેન્ટર ઓફ એક્સેલન્સનું લોકાર્પણ થયું હતું. જ્યારે ઈફકોના ચેરમેન શ્રી દિલિપભાઈ સંઘાણી સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અમર ડેરી ખાતે રૂ. ૪૫ કરોડના ખર્ચે થયેલા આઈસક્રીમ અને પનીર મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટનું લોકાર્પણ થયું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન, ડેરી, પંચાયતીરાજ રાજ્યમંત્રીશ્રી એસ.પી. સિંઘ બઘેલએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન છે કે ખેડૂતોની આવક બમણી થાય અને તે ત્યારે જ શક્ય થશે જ્યારે તેમાં કૃષિ સાથે પશુપાલન જોડવામાં આવે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા "જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન, જય અનુસંધાન"ના મંત્રની સાર્થકતા જોવા માટે લોકોએ અમરેલી આવવું પડશે અને અહીં જોવું પડશે. સહકારી ક્ષેત્રમાં ગુજરાતના મોડેલને આખા ભારતનું મોડેલ બનાવવું જોઈએ. આણંદની જેમ અમરેલી પણ વિશ્વના નકશા પર પશુપાલન, સહકારી ક્ષેત્ર અને ડેરી માટે ઓળખાય તે માટે કેન્દ્ર સરકાર જે પણ ભૂમિકા ભજવી શકે છે, તે નિભાવવા માટે હું સંપૂર્ણપણે તૈયાર છું.

તેમણે ઉમેર્યું હતું કે, જ્યારથી કેન્દ્રમાં શ્રી અમિત શાહએ સહકાર મંત્રાલય સંભાળ્યું છે, ત્યારથી સહકારી આંદોલનમાં નવી ચેતના આવી છે. 'શ્વેત ક્રાંતિ-૨' માં ૭૫,૦૦૦ ડેરી સહકારી મંડળીઓ રચવાનો નિર્ણય લેવાયો છે. ૭૫,૦૦૦ માંથી લગભગ ૪૬,૦૦૦ નવી ડેરી સહકારી મંડળીઓની રચના થઈ ચૂકી છે.

જે કાર્ય ગુજરાતમાં ત્રિભુવનદાસ પટેલે શરૂ કરેલી "અમૂલ" સફળતાની એક ગાથા છે, જેમાં અનેક પેઢીઓની મહેનત છે. આપણે ભારતને FMD રોગ મુક્ત કરી બતાવીશું. વર્ષ ૨૦૧૪માં જ્યાં ૨૩૮ રોગચાળાના કિસ્સા નોંધાતા હતા, તે હવે ઘટીને ૪૦ પર આવી ગયા છે. અમેં CAR અને ICMRને બોલાવીને કહીશું કે, તેમના વૈજ્ઞાનિકો બ્રુસેલોસિસ રસી પણ શોધે. આ પ્રસંગે તેમણે અમરેલીને પોતાના કેન્દ્રીય મંત્રી તરીકેના કાર્યકાળમાં રૂ. ૧૦૦ કરોડનું ગીર ગાયના આઈ.વી.એફ અને સંવર્ધન માટે સેન્ટર ઓફ એક્સેલન્સની ભેટ આપવા માટે રાજકોટના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમ ભાઈ રૂપાલાને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી અને રાજકોટના સાંસદશ્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ અધ્યક્ષ સ્થાનેથી ઉદ્દબોધન કરતા કહ્યું હતું કે, આઈ.વી.એફની પદ્ધતિથી સેક્સ શોર્ટેડ સીમેન થકી ફક્ત વાછરડીનો જ જન્મ થાય તેવી ટેકનોલોજી ઉપલબ્ધ થઈ છે. મોટી સંખ્યામાં ખેડૂતો આ પ્રયોગમાં સહભાગી થશે તો પશુપાલન થકી નવી વૈકલ્પિક રોજગારી મળશે.

આ તકે ઈફકોના ચેરમેનશ્રી દિલિપભાઈ સંઘાણીએ વિવિધ મંડળીઓની સહકારી પ્રવૃત્તિ અને ઈફકોની પ્રવૃત્તિ વિશે મંત્રીશ્રીને માહિતી આપી હતી. આ પ્રસંગે ઈફકો દ્વારા ખેડૂતોને મોપેડ ઓપરેટેડ સ્પ્રે પમ્પિંગ મશીનનું ચાવી આપી લાભ વિતરણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કેમ્પસના પરિસરમાં "એક પેડ માં કે નામ" અંતર્ગત આંબાની કલમ વાવી અને વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ યોજના અંતર્ગત શ્રેષ્ઠ મંડળીઓ, પશુપાલકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલિયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું જ્યારે આંતરાષ્ટ્રીય કો-ઓપરેટિવ અલાયન્સના ઉપપ્રમુખ શ્રી પ્રિતી બહેન પટેલે આભાર વિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલિયા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી મહાવીર બાપૂ, પૂર્વ સાંસદશ્રી નારણ , ઈફકોના માર્કેટીગ ડાયરેક્ટશ્રી યોગેન્દ્ર કુમાર, અમરેલી જિલ્લા ખરીદવેચાણ સંઘના પ્રમુખશ્રી જયંતિભાઈ પાનસુરિયા, શ્રી ગીતા બહેન સંઘાણી, શ્રી અતુલ ભાઈ કાનાણી, શ્રી હિરેનભાઈ હીરપરા, શ્રી મનિષભાઈ સંઘાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીના ખાંભા APMC ચૂંટણીમાં ત્રિપાંખિયો ચૂંટણી જંગ : આજે પરિણામ

### ભાજપ-કોંગ્રેસ અને બળવાખોરો વચ્ચે ૩૧ ઉમેદવારો વચ્ચે ૯૨.૯૪ % જેટલું ભારે મતદાન

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના ખાંભા ખાતે આવેલી ખેતી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. APMCની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને બળવાખોર ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો છે. ખાસ કરીને ખેડૂત પેનલની બેઠકો પર ઉમેદવારો વચ્ચે ભારે રસાકસી જોવા મળી રહી છે.



ખાંભા APMCની ચૂંટણીનું મતદાન ગઈકાલે સવારથી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થયું હતું. સવારે ૯ વાગ્યાથી મતદાન શરૂ થતાં જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાન મથકે મતદારોની લાઈનો જોવા મળી હતી.

ખાંભા APMCમાં વેપારી પેનલની કુલ ચાર બેઠકો અને ખેડૂત પેનલની કુલ ૧૦ બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી છે. વેપારી પેનલની ચારેય બેઠકો ભાજપ પ્રેરિત પેનલને અગાઉ જ બિનહરીફ મળી ગઈ હોવાથી હવે મુખ્ય રસ ખેડૂત પેનલની ૧૦ બેઠકોની ચૂંટણીમાં જોવા મળી રહ્યો છે.

ખેડૂત પેનલની ૧૦ બેઠકો માટે કુલ ૩૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ભાજપ પ્રેરિત ઉમેદવારોની સામે કોંગ્રેસ તેમજ બળવાખોર ઉમેદવારોએ પણ મેદાનમાં ઉતરતા ચૂંટણી ત્રિપાંખિયા જંગમાં ફેરવાઈ છે. જેના કારણે પરિણામને લઈને અત્યારથી જ વિવિધ રાજકીય ગણતરીઓ શરૂ થઈ ગઈ છે.

આ ચૂંટણીમાં કુલ ૫૬૭ મતદારો પૈકી ગઈકાલે સાંજ સુધીમાં ૫૨૭ જેટલાં મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ૯૨.૯૪ % જેટલું ભારે મતદાન કર્યું હતું. મતદાન પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સવારથી મતદાન શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહ્યું હતું અને મતદારોમાં પણ મતદાનને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો.

ખાંભા APMCની આ ચૂંટણીમાં ખેડૂત પેનલની ૧૦ બેઠકો માટે મેદાનમાં રહેલા ૩૧ ઉમેદવારો પૈકી કોને મતદારોનો વિશ્વાસ મળે છે અને કોની પેનલને સફળતા મળે છે તેના પર સૌની નજર મંડાઈ છે. ભાજપ-કોંગ્રેસ વચ્ચેની સીધી ટક્કરમાં બળવાખોર ઉમેદવારોની ભૂમિકા પણ મહત્વની બની શકે છે.

મતદાન પૂર્ણ થયા બાદ આજે મતગણતરી હાથ ધરવામાં આવશે. મતગણતરી બાદ ખાંભા APMCમાં કોનું વર્ચસ્વ સ્થાપિત થાય છે અને ખેડૂત પેનલની ૧૦ બેઠકોમાંથી કઈ પેનલ કેટલા ઉમેદવારોને જીતાડવામાં સફળ રહે છે તેનો ચિત્ર સ્પષ્ટ થશે.

## અમરેલી પોલીસનું 'ઓપરેશન ચાઈલ્ડ': ૧૭૦થી વધુ CCTV ખંગાળી પાંચ વર્ષના બાળકને અપહરણકર્તાના કબજામાંથી છોડાવ્યું

### ૧૫ કલાકની દોડધામ બાદ આરોપી ઝડપાયો, આરોપી પાસે મોબાઈલ પણ નહોતો, છતાં પોલીસની ગણતરીના કલાકોમાં બાળક સુધી પહોંચી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી તાલુકાના મોટા આંકડીયા વિસ્તારમાંથી એક પાંચ વર્ષના બાળકના અપહરણની ચકચારી ઘટના સામે આવતા અમરેલી પોલીસની એલ.સી.બી. અને અમરેલી રૂરલ પોલીસની ટીમો એક્શનમાં આવી હતી. આ ઘટનામાં માત્ર આરોપીના નામ સિવાય કોઈ ચોક્કસ માહિતી ન હોવા છતાં અમરેલી પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ૧૭૦થી વધુ CCTV કેમેરાના ફૂટેજના આધારે ગણતરીના કલાકોમાં અપહૃત બાળકને રાજકોટના વીરપુર ગામેથી શોધી કાઢી તેના માતા-પિતાને હેમખેમ સોંપી દીધું હતું.

મળતી માહિતી મુજબ અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા અને મૂળ મધ્યપ્રદેશના વતની રાકેશભાઈ બામણીયાના પાંચ વર્ષના પુત્રનું અપહરણ થયું હતું. આ બનાવ અંગે ગત તા.૭ ના રોજ અમરેલી રૂરલ પોલીસ મથકે જાણ કરવામાં આવતા જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.રાકેશભાઈના જણાવ્યા મુજબ આશરે છ માસ પહેલા મોટા આંકડીયા ગામે રહેતા એક લલિત રૂપસિંગભાઈ જમરે નામના યુવક સાથે તેમની ઓળખાણ થઈ હતી. ત્યાર બાદ આરોપી લલિત રાકેશભાઈના જ્યાં કામ કરતા હતા તે ખેતર ઉપર આવવા-જવાનું શરૂ કર્યું હતું.

આશરે દસ દિવસ અગાઉ આરોપી લલિત ફરી એક વખત રાકેશભાઈના ખેતરે આવ્યો હતો. અને કોઈ કામ કે મજૂરી ન મળે ત્યાં સુધી તેમની સાથે ખેતરે રહેવા દેવા વિનંતી કરી હતી. જેથી વિશ્વાસના આધારે રાકેશભાઈએ તેમને ખેતરે રહેવાની મંજૂરી આપી હતી.

આ દરમિયાન ગત તા.૬ ના રોજ આ રાકેશભાઈ અને તેમની પત્ની ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે મોટર સાયકલનો અવાજ આવતા તેમણે જોયું કે લલિત રાકેશભાઈનું મોટરસાયકલ લઈ પોતાના પાંચ વર્ષના પુત્રને સાથે બેસાડી ક્યાંક જઈ રહ્યો હતો. લાંબો સમય વીતી ગયા બાદ પણ આરોપી લલિત અને બાળક પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. આસપાસના ખેતરો, વાડી અને ગામમાં તપાસ છતાં બાળકનો પત્તો ન લાગતા આખરે પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ અમરેલીના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈની સૂચના હેઠળ અમરેલી એલ.સી.બી. પી.આઈ. સી.પી. વાઘેલા તથા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. ઓ.કે. જાડેજાએ અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી.

આરોપી પાસે મોબાઈલ ફોન ન હોવાથી પોલીસ સામે પડકાર હતો. મોટરસાયકલના નંબરને આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા નેત્રમ શાખાની મદદથી વાહન અમરેલીથી રાજકોટ ગ્રામ્ય તરફ ગયું હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતું. ત્યારબાદ રાજકોટ ગ્રામ્ય જિલ્લા નેત્રમ શાખા તથા ગાંધીનગર સ્ટેટ કંટ્રોલ રૂમની ત્રીનેત્ર શાખાની મદદથી વાહનની હિલચાલ પર નજર રાખવામાં આવી હતી.તપાસ દરમિયાન વાહનનો પત્તો જેતપુર ટાઉન તરફ મળતા પોલીસની ટીમો તાત્કાલિક ત્યાં પહોંચી હતી. જેતપુર વિસ્તારમાં વિવિધ CCTV કેમેરાના ફૂટેજ તપાસતા આરોપી રાજકોટ-પોરબંદર નેશનલ હાઈવે તરફ જતો હોવાનું જણાયું હતું. પોલીસે હાઈવે રૂટના CCTV કેમેરા ઉપરાંત રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, હોટલો, કારખાનાં અને કંપનીઓ સહિતના સ્થળોએ તપાસ શરૂ કરી હતી.




સતત તપાસ દરમિયાન આરોપી વિરપુર ગામ તરફ ગયો હોવાનું CCTV ફૂટેજ પરથી સામે આવ્યું હતું. ત્યાર બાદ પોલીસ ટીમોએ વિરપુર ગામની ઝૂંપડપટ્ટી, ધર્મશાળા, ભોજનાલયો, ગેસ્ટહાઉસ, હોટલો તેમજ આસપાસના વાડી-ખેતરોમાં રહેતા પરપ્રાંતીય મજૂરોની તપાસ કરી હતી. ચોક્કસ બાતમીના આધારે પોલીસે વિરપુર ગામ ખાતેથી આરોપી લલિતના કબજામાંથી પાંચ વર્ષના બાળકને હેમખેમ છોડાવી લીધું હતું.પોલીસે બાળકને સુરક્ષિત રીતે તેના માતા-પિતાને સોંપતા પરિવારજનોમાં રાહતની લાગણી પ્રસરી હતી. અપહરણના આ બનાવમાં પોલીસની પાંચ જેટલી ટીમોએ સતત આશરે ૧૫ કલાક સુધી કામગીરી કરી અને ૧૭૦થી વધુ CCTV કેમેરાના ફૂટેજ તપાસી સફળતા મેળવી હતી.

## જુની-કાતર ગામેથી બોગસ ડોક્ટર ઝડપાયો

### ડિગ્રી-પ્રમાણપત્ર વગર સારવાર કરતો હતો, ૩૭,૪૩૭નો મુદ્દામાલ જપ્ત

અમરેલી:રાજુલા તાલુકાના જુની-કાતર ગામે અમરેલી એસ.ઓ.જી. ટીમે મેડિકલ ઓફિસરની હાજરીમાં દરોડો પાડી સરકાર માન્ય મેડિકલ ડિગ્રી કે પ્રમાણપત્ર વગર એલોપેથીક સારવાર કરતા એક વ્યક્તિને પકડ્યો છે.

બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમે PHC ભેરાઈના મેડિકલ ઓફિસર ડો. ક્રિષ્નાબેન અતુલભાઈ વ્યાસ સાથે ક્લિનિક પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ૩૯ વર્ષીય સંજયભાઈ નારણભાઈ મોર, રહે. રાજુલા-ભેરાઈ રોડ, તા. રાજુલા,ને એલોપેથીક દવાઓ અને મેડિકલ સારવારમાં વપરાતા સાધનો સાથે પકડવામાં આવ્યો હતો.



પોલીસે આરોપી પાસેથી એલોપેથીક દવાઓ અને મેડિકલ સાધનો સહિત કુલ ૨૯ વસ્તુઓ જપ્ત કરી છે. આ મુદ્દામાલની કિંમત આશરે ?૩૭,૪૩૭ છે.

આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને વધુ કાર્યવાહી માટે રાજુલા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આ કામગીરી અમરેલી એસ.ઓ.જી. ટીમ અને PHC ભેરાઈના મેડિકલ ઓફિસર દ્વારા સાથે મળીને કરવામાં આવી હતી.

## બાબરાના કોટડાપીઠામાં પવનચક્કીના કામ રાખવાના મુદ્દે કાર માથે ચડાવવાનો પ્રયાસ

અમરેલી:

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે પવનચક્કી પ્રોજેક્ટના લાયઝનિંગ કામને લઈને બે શખ્સોએ સુરક્ષા કર્મચારી સહિતના લોકો પર કાર ચઢાવવાનો પ્રયાસ કરી હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ત્યારબાદ આરોપીઓએ લોખંડના પાઈપો વડે પીછો કરી મારી નાખવાની ધમકી આપતા બનાવ અંગે બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.બાબરા શહેરના કરિયાણા રોડ પર રહેતા અને સીક્યુરીટીની નોકરી કરતા શૈલેષભાઈ રાણાભાઈ હેલૈયા (ઉ.વ.૨૨)એ ફરિયાદ આપી છે કે ગઈ તા. ૭ સપ્ટેમ્બરના રોજ રાત્રિના આશરે ૧૦:૩૦ વાગ્યે કોટડાપીઠા ગામે પવનચક્કી ઉભી કરવાનું કામ ચાલી રહ્યું હતું.

આ કામમાં લાયઝનિંગનું કામ મેળવવા માટે શખ્સો દ્વારા સંબંધિત કંપની પાસેથી વારંવાર કામ અથવા નાણાંની માંગણી કરવામાં આવતી હતી. જોકે કંપની દ્વારા કામ કે પૈસા આપવામાં ન આવતા જયપાલ કીરીટભાઈ બોરીચા અને વનરાજ વલકુભાઈ બોરીચા સફેદ રંગની નંબરપ્લેટ વગરની કારમાં સ્થળ પર આવ્યા હતા.

બંનેએ શૈલેષભાઈ હેલૈયા તથા સાથીદારોને મારી નાખવાના ઈરાદે તેમના તરફ કાર હંકારી હુમલો કર્યો હતો. જેથી સાથીદારો સાથે શૈલેષભાઈ ત્યાંથી દોડી નીકળ્યા હતા.લોખંડના પાઈપ લઈ પાછળ દોડ્યા હતા તે સમયે બંને શખ્સો કારમાંથી નીચે ઉતરી હાથમાં લોખંડના પાઈપ લઈ તેમની પાછળ દોડી ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી મારી નાખવાની ધમકી આપી હતી.

શખ્સોએ પવનચક્કીની સાઈટ પર પડેલી UP-65-LT-7309 નંબરની હાઈડ્રો ક્રેનના કેબિનના કાચ તોડી નુકસાન કર્યું હતું. ઉપરાંત કંપનીની પવનચક્કીના પાંખડા ચડાવવા માટે ઉપયોગમાં લેવાતી મોટી ક્રેનની ઓપરેટર કેબિનના કાચ પણ તોડી નુકસાન પહોંચાડ્યું હતું. બાબરા પોલીસે આ અંગે જયપાલ કીરીટભાઈ બોરીચા અને વનરાજ વલકુભાઈ બોરીચા વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લીલીયાના ગ્રામસેવકોએ સરકાર સામે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

લીલીયા ખાતે ગ્રામ સેવકો દ્વારા માંગણીઓના ઉકેલ માટે એકજૂથ થઈ આંદોલનની હાકલ કરાઈ ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ દ્વારા ગ્રામસેવકોના વર્ષોથી પડતર પ્રશ્નો અને વિવિધ ન્યાયી માંગણીઓના ઉકેલ માટે તા. ૯ સપ્ટે.થી ૨ ઓક્ટો, સુધી આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આજે લીલીયા ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી સરકાર સામે પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો હતો.



ગ્રામસેવકોની મુખ્ય માંગણીઓમાં ડિજિટલ અને ક્ષેત્રીય કામગીરી માટે જરૂરી સાધનિક સુવિધાઓ પૂરી પાડવી, બિનસંબંધિત કામગીરીનું ભારણ ઘટાડવું, બઢતીની તકોમાં વધારો કરવો, અગાઉ મળતું ૪૨૦૦ ગ્રેડ પે ઉચ્ચતમ પગાર ધોરણ પુનઃ લાગુ કરવું, દર બે ગામ દીઠ એક ગ્રામસેવકનું મહેકમ ઊભું કરવું, સ્પષ્ટ જોબ ચાર્ટ જાહેર કરવો તથા પ્રવાસ ભથ્થામાં વધારો કરવા સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગ્રામસેવક સંવર્ગને પંચાયત તંત્રમાંથી કૃષિ વિભાગના વહીવટી માળખામાં સમાવેશ કરવા, ખાસ ભથ્થું આપવા તેમજ નીચલી કેડરના વધારાના ચાર્જમાંથી મુક્તિ આપવા પણ માંગ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા ગ્રામસેવક મંડળે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ દ્વારા આગામી દિવસોમાં આપવામાં આવતા દરેક કાર્યક્રમમાં ગ્રામસેવકો સંપૂર્ણ એકતા અને શિસ્ત સાથે જોડાશે. ગ્રામસેવકોએ સ્પષ્ટ કર્યું હતું કે તેમની લડત કોઈ વ્યક્તિ કે સરકાર વિરુદ્ધ નહીં પરંતુ પોતાના ન્યાયી હક અને માંગણીઓ માટેની છે